Super Visa/ Visitor to Canada Insurance



- Best Mortgage Rates
- 1st and 2nd Mortgages
- Life and Critical Illness Insurance
- RRSP/RESP/INVESTMENTS

Ph.: 416-839-9645

Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages



પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FRIDAY, 24 SEPTEMBER, 2021 Vol. 18, No. 39 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news




USમાં સપ્ટેમ્બરમાં કોરોના ઘાતક, દૈનિક 2000 મોત


PAGE NO. 17


## અમેરિકામાં પીએમ મોદીનું ભારતીય સમુદાય દ્વારા ઉષ્માભર્યું સ્વાગત

# ભારતમાં રોકાણ માટે પડની કંપનીઓને મોદીનું આમંત્રણ

## ક્વાલકોમ, એડોબ, ફર્સ્ટ સોલાર, જનરલ એટોમિક્સ અને બ્લેકસ્ટોનના સીઈઓએ બેઠકને અભૂતપૂર્વ ગણાવી

**વોશિંગ્ટન**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોનાકાળ બાદ સૌપ્રથમવાર અમેરિકાના પ્રવાસે ગયા છે. પીએમ મોદીએ અમેરિકા પ્રવાસના પહેલા દિવસે ગુરુવારે અમેરિકાની પાંચ ક્ષેત્રોની ટોચની કંપનીઓના ગ્લોબલ સીઈઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે ભારતમાં વૈકલ્પિક ઊર્જા, સંરક્ષણ અને પજી ક્ષેત્રે રોકાણ માટે ચર્ચા કરી હતી. પીએમ મોદી સાથેની બેઠક પછી ક્વાલકોમના સીઈઓ ક્રિસ્ટિઆનો એમોને કહ્યું કે, પજી ક્ષેત્રમાં ભારત સાથે ભાગીદારી અંગે અમને ખૂબ જ ગર્વ છે. એડોબના સીઈઓ નારાયણે ડિજિટલ ક્ષેત્રમાં રોકાણને પ્રાથમિક્તા આપી હતી.

મોદીએ ગુરુવારે અમેરિકામાં પાંચ ક્ષેત્રોની ટોચની અમેરિકન કંપનીઓના સીઈઓ સાથે મુલાકાત કરી હતી, જેમાં ક્વાલકોમ, એડોબ, ફર્સ્ટ સોલાર, જનરલ એટોમિક્સ અને બ્લેકસ્ટોનનો સમાવેશ થાય છે. એડોબના સીઈઓ શાંતનુ નારાયણ અને જનરલ એટોમિક્સના સીઈઓ વિવેક લાલ ભારતીય મૂળના છે. અન્ય ત્રણ સીઈઓમાં ક્વાલકોમના ક્રિસ્ટિઆનો ઈ. એમોન, ફર્સ્ટ સોલારના માર્ક વિડમાર અને બ્લેકસ્ટોનના સ્ટીફન શ્વાર્ઝમેનનો સમાવેશ થાય છે.

નારાયણ સાથેની મુલાકાત ભારત સરકારની ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને ડિજિટલ ક્ષેત્રમાં પ્રાથમિક્તા દર્શાવે છે. જ્યારે જનરલ એટોમિક્સ સૈન્ય ડ્રોન ટેકનિકની બાબતમાં અગ્રણી છે અને સૈન્ય ડ્રોનના ઉત્પાદનમાં દુનિયાની ટોચની કંપની હોવાથી તેના સીઈઓ લાલ સાથેની બેઠક પણ ઘણી મહત્વની હતી. ભારત પજી ટેકનિકને સુરક્ષિત બનાવવા પર ભાર આપી રહ્યું હોવાથી ક્વાલકોમના સીઈઓ સાથે મોદીએ બેઠક યોજી હતી. આ કંપની વાયરલેસ ટેકનિક સાથે જોડાયેલા સેમી કન્ડકટર અને સોફટવેર બનાવે છે.

મોદી સાથેની બેઠક પછી ક્વાલકોમના સીઈઓ ક્રિસ્ટિયાનોએ કહ્યું કે આ બેઠક ખૂબ જ શાનદાર હતી. અમને ભારત સાથે ભાગીદારી કરવા પર ખૂબ જ ગર્વ છે. અમે પજી અને તેમાં સ્પીડ અંગે વાત કરી હતી. અમે ભારતમાં ટેક્નોલોજીની નિકાસના રૂપમાં ઉદ્યોગને આગળ વધારવાની તક અંગે વાત કરી હતી.

એડોબના સીઈઓ શાંતનુ નારાયણે કહ્યું કે, અમારા માટે સૌથી મોટી સંપત્તિ લોકો છે. અમે શિક્ષણ પર વધુ ભાર આપવાનું સમર્થન કરીએ છીએ. ફર્સ્ટ સોલારના સીઈઓ માર્ક વિડમારે કહ્યું કે, તેમણે ઔદ્યોગિક નીતિની સાથે વેપાર નીતિમાં મજબૂત સંતુલન બનાવવા માટે ફર્સ્ટ સોલાર જેવી કંપનીઓ માટે ભારત આદર્શ તક સમાન છે.

## USના પાંચ CEO મેક ઈન્ડિયા માટે આતુર



US 5 દિવસના પ્રવાસે પહોંચેલા નરેન્દ્ર મોદીએ ગુરુવારે પ્રથમ ચરણમાં પાંચ અલમ અલગ સેક્ટરની અગ્રણી અર્બરિકન કંપનીઓના સીઇઓ સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીએ બ્લેસ્ટોનના સીઇઓ સ્ટિફન મેન (૧), એડોબના શાતનું નારાયણ(૨) કોમના ક્રિસ્ટિયાનો એમોન (3) જનરલ એટોમિક્સના વિવેક લાલ (૪) ફર્સ્ટ સોલારના માર્ગ વિડગાર સાથે વ્યક્તિગત મુલાકાત કરી ભારતમાં અલગ અલગ સેક્ટરમા મૂડીરોકાણ માટે આમંત્રણ આપ્યું હતું.

# કોરોના કાળમાં અમેરિકાએ સાચા મિત્રની માફક મદદ કરી છે : મોદી

વોશિંગ્ટન: અમેરિકામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કમલા હેરિસ સાથે બેઠક કરી હતી. કમલા હેરિસે કોરોના અંગે પીએમ મોદીની લીડરશિપ પર વાત કરી છે. તેમણે કહ્યું કે તે ભારતના પીએમનું સ્વાગત કરી ખૂબ ખુશ છે. તેમને ભારતની મદદ કરી ખૂબ ખુશી મળી છે. મોદીએ કહ્યું કે તમે એક સાચા મિત્રની માફક એક સંવેદન પ્રગટ કરી હતી. સાચા મિત્રનો સંદેશ આપ્યો હતો. આખુ અમેરિકા અને અહીંની સરકાર અમારી સાથે ઉભી હતી. રાષ્ટ્રપતિ બાઈડેને અને પોતાના મુશ્કેલ સમયમાં અમેરિકાનું નેતૃત્વ સંભાળ્યું.

**કમલા હેરિસને ભારત આવવા મોદીનું આમંત્રણ** : પીએમ નરેન્દ્ર મોદીએ અમેરિકન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસની ખૂબ પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે કમલા હેરિસ આખી દુનિયા માટે એક પ્રેરણા છે. પીએમએ કમલા હેરિસને ભારત આવવા માટે નિમંત્રણ પણ આપ્યું છે.




SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585



More info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker



Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
- Real Estate
- Litigation
- Wills and Estates
- Affidavit and Power of Attorney
- Notarization
- Family Law
- Corporation / Commercial Transactions
- Franchise Closing

Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002



1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# બાળકો માટે વેકસીનને પ્રાથમિકતા આપવા ભલામણ

## પાંચ વર્ષથી 11 વર્ષના વયજૂના બાળકો માટેની વેકસીન તૈયાર કર્યાનો ફાયઝરનો દાવો

ઓન્ટેરિયો : ફાઈઝર કેનેડા કહે છે કે એમણે હેલ્થ કેનેડાને બાળકો માટેની કોવિડ-૧૯ વેકસીનની ટ્રાયલની તમામ વિગતો આપવાની યોજના બનાવી છે. જેથી એને ઝડપથી માન્યતા મળી શકે. સોમવારે ફાઈઝરે કહ્યું હતું કે, એમના સંશોધનમાં પાંચ વર્ષથી ૧૧ વર્ષના વયજુથના બાળકો માટેની વેકસીન તૈયાર છે. અને બાળકો માટે કામની છે અને તેઓ અમેરીકાની માન્યતા માટે પણ પ્રયાસો કરી રહ્યા છે. જેથી શાળાએ જનારા આ વયજુથના બાળકોને કોરોના વાયરસના સંક્રમણથી બચાવી શકાય. કંપનીના કેનેડા ખાતેના કોર્પોરેટ અફેર્સ ડાયરેકટર ક્રિસ્ટીના એન્ટોનિયોએ કહ્યું હતું કે, આવા બાળકોનો ડેટા એમને ઝડપથી પુરો પાડવામાં આવે એ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, જાણકારી કયારે મળશે એ ચોક્કસ ખબર નથી, પરંતુ કંપની જેવી જાણકારી મળશે કે, તરત જ વેકસીનનો જથ્થો હેલ્થ કેનેડાને પહોંચાડી શકશે. ફાઈઝર તરફથી મળેલા



તારણો હજુ સુધી પ્રકાશિત થયા નથી કે જાહેર કરાયા નથી. હેલ્થ કેનેડા કહે છે કે, બાળકો ઉપર કોવિડ-૧૯ની કેટલીક વેકસીનના પ્રયોગોનો અભ્યાસ ચાલી રહયો છે. વેકસીન નિર્માતાઓ આ જાણકારી આવનારા કેટલાક મહિનાઓમાં આપે એવી સંભાવના છે. અત્યાર સુધી ૧૨ વર્ષ સુધીના બાળકો માટેની વેકસીનની મંજુરી માટે કોઈ સબમિશન થયું નથી. ફાઈઝરે એની સહયોગી જર્મન કંપની બાયોએનટેક સાથે બનાવેલી ૧૨ વર્ષ કે એથી વધુ વયના બાળકો માટેની વેકસીન ઉપલબ્ધ છે. ફાઈઝરે ઓછા ડોઝ વાળી વેકસીનનો પ્રયોગ ૨૨૦૦ કિંડરગાર્ડન અને એલીમેન્ટરી સ્કુલના બાળકો પર કર્યા છે. જે મોટાભાગે યુરોપ અને અમેરીકામાં થયા છે. તેમનુ તારણ એવું છે કે, બાળકોમાં પણ કિશોરો કે યુવાનોની જેમ જ એન્ટીબોડી બની શકે છે, જે કોરોના વાઈરસ સામે લડી શકે. મોર્ડેનાએ પણ બાળકો માટેની વેકસીનનો પ્રયોગ કર્યો છે અને ફાઈઝર અને મોર્ડેના બંને બાળકો માટેની કોવિડ-૧૯ વેકસીન વિશે અભ્યાસ કરી રહ્યા છે અને આ વર્ષના અંત સુધીમાં પરિણામ આવે એવી શકયતા છે.

# ઓન્ટેરિયોવાસીઓને વેકસીનેશનના પુરાવા માટે મદદરૂપ બનતું નવુ ટુલ

## માત્ર વેકસીનેશન સ્ટેટસ જ જોઈ શકાશે, ઉપભોકતાની અંગત વિગતો ગુપ્ત રહેશે

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોવાસીઓ માટે વેકસીનેશનના પુરાવાઓ ઠેક-ઠેકાણે આપવા પડે એવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે ઓન્ટેરિયોના કેટલાક સોફટવેર એન્જીનીયર્સ અને સ્વયંસેવકોએ એક એવું ટુલ વિકસાવ્યું છે. જેથી બિનઆવશ્યક સેવાઓ મેળવવા માંગતા લોકો સરળતાથી વેકસનેશન પ્રુફ બતાવી શકશે. એને માટે એપલના આઈફોન વોલેટ હોવું જરૂરી છે, જેમાં કેટલાક સરળ સ્ટેપ્સથી પ્રુફ આસાનીથી બતાવી શકાશે. આ ટુલ ૨૨મી ઓકટોબર સુધી ગમે ત્યારે કાર્યરત થઈ શકશે. જેમાં પ્રાંતની સરકારે કયુઆર કોડની વ્યવસ્થા કરવાની રહેશે. વેકસીન સર્ટીફિકેટની ચકાસણી માટે માત્ર કયુઆર કોડ સ્કેન કરવાનો રહેશે. જે એપલ વોલેટમાં માત્ર એક કલિકથી થઈ શકે છે. એપલ વોલેટમાં તમારા પાસનો કલર એના પર આધાર રાખે છે કે તમારૂ વેકસીનેશન સ્ટેટસ કેવું છે. જો તમે એક જ ડોઝ લીધો હશે તો ઓરેન્જ કલર હશે અને બંને ડોઝ લીધા હશે તો લીલો કલર હશે. આ ટુલ વિકસાવનારાઓ પૈકીના બિલી લો એ મીડિયાને મંગળવારે જણાવ્યું હતું કે આ ટુલને કારણે માત્ર વેકસીનેશન સ્ટેટસ જ જોઈ શકાશે. ઉપભોકતાની અંગત વિગતો નહીં જોઈ શકાય આમ લોકોની પ્રાઈવસી પણ જળવાઈ શકે છે. તેમણે કહ્યું કે, અમે તો સોફટવેર એન્જીનીયર છીએ એટલે દરદીનો ઉપચાર તો કરી નથી શકતા, પણ આ રીતે તો મદદ કરી શકીએ છીએ એનો અમને સંતોષ છે. અમારા ગૃપના બધા સભ્યોની મહેનતથી જ આ ટુલ બની શકયું છે.

# ઓન્ટેરિયોએ ૯૯૫ કામદારો અને સ્ટુડન્ટસને આમંત્રિત કર્યા

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયોએ ૨૧મી સપ્ટેમ્બરે પ્રોવિન્શીયલ નોમિનેશન અંતર્ગત ૯૯૫ કામદારો અને વિદેશી વિદ્યાર્થીઓને આમંત્રિત કર્યા છે. ધ ઓન્ટેરિયો ઈમિગ્રન્ટ નોમિની પ્રોગ્રામ (ઓઆઈએનપી)એ જે ઉમેદવારોએ ઈરાદાપત્ર રજુ કર્યા હોય અને કેનેડામાં એમ્પલોયર જોબ ઓફર ધરાવતા હોય તેમને પીએનપી ડ્રોથી આમંત્રિત કર્યા છે. જેમાં વિદેશી કામદારો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેમને આમંત્રિત કરવામાં આવ્યા છે એ પૈકી ૪૦૬ને ફોરીન વર્કર સ્ટ્રીમ હેઠળ કમસે કમ ૩૭ અંક ધરાવનારા છે. આ ડ્રો સામાન્ય હતો. એમાં કોઈ ચોક્કસ વ્યવસાયને ધ્યાનમાં રાખવામાં આવ્યો ન હોતો. અન્ય ૫૨૩ને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ સ્ટ્રીમ હેઠળ આમંત્રિત કર્યા છે જેમાં ૬૧ અંક હોવા જરૂરી છે. ઓઆઈએનપીએ અન્ય ૬૬ને રીજિયોનલ ઈમિગ્રેશન પાઈલટ હેઠળ આમંત્રિત કર્યા છે. જેમાં ૩૬ અંક હોવા જરૂરી છે. ૩૬ને ફોરીન વર્કર્સ તરીકે અને ૩૦ને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ તરીકે બોલાવવામાં આવ્યા છે. ધ ઓન્ટેરિયો ફોરીન વર્કર સ્ટ્રીમમાં એમ્પલોયર જોબ ઓફરનું મહત્વ છે. જે વિદેશી નાગરીકો માટે ખુલ્લી છે. જેમની પાસે ઓન્ટેરિયોમાં નોકરીના ઓફર લેટર હોય. આ કેટેગરીમાં અરજી કરવા તમે કેનેડામાં હો એ જરૂરી નથી

# કેનેડામાં ચૂંટાયેલા નવા જનપ્રતિનિધિઓને સ્વામિનારાયણ સંસ્થા દ્વારા શૂભેચ્છા અપાઈ



ટોરોન્ટો : સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કેનેડામાં ચૂંટાયેલા સંસદ સભ્યોઓને અભિનંદન પાઠવાયા હતા. કેનેડા ખાતે ૧૩૧ વર્ષ જુના ચર્ચમાં સ્વામિનારાયણ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વર્લ્ડ પીસ એમ્બેસેડર આચાર્ય પુરુસોત્તમપ્રિયદાસજી સ્વામી મહારાજના હસ્તે થઈ છે. તે પ્રતિષ્ઠા વખતે સંસદ સભ્યો ખાસ આશીર્વાદ લેવા પધાર્યા હતા. વધુમાં કેનેડા ખાતે હાલમાં થયેલી ચૂંટણીમાં જ્હોન મેકાય સ્કારો ગુઈલ્ડ વૂડ, સલમા ઝાહીદ સ્કાર્બોરો સેન્ટર, ગેરી આનંદ સંગરી સ્કાર્બોરો રૂ પાર્ક, બિલ બ્લેર સ્કાર્બોરો સાઉથવેસ્ટ કે જેઓ ૩,૪ ટર્મથી MP હતા. અને અત્યારે ૨૦૨૧ના ઈલેક્શનમાં પણ જીત્યા છે. તેથી તેઓને શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજે અભિનંદન પાઠવ્યા છે. સદગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામી મહંતે નવા ચૂંટાયેલા સભ્યોને શૂભેચ્છા પણ આપી છે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.



Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial
MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.



કોવિડ-19ના પ્રતિબંધોને કારણે મતદારો માટે વધુ સુવિધા ઉભી ન થવા બદલ ઈલેક્શન કેનેડાએ ખેદ વ્યક્ત કર્યો

# લાંબી લાઈનોને કારણે ઘણાં વિકલાંગ મતદારો મતદાનથી વંચિત રહ્યાં

**ઓન્ટેરિયો :** ઘણાં વયસ્ક મતદારો, નાના બાળકોના માતા-પિતા અને વિકલાંગ મતદારો સોમવારે લાંબી લાઈનોને કારણે મતદાન કરી શકયા ન હોતા. ઈલેકશન કેનેડાએ આ અંગે ખેદ વ્યકત કર્યો હતો અને કહ્યું હતું કે, કોવિડ-૧૯ના પ્રતિબંધોને કારણે તેઓ વધારાની કોઈ સુવિધા આવા મતદારોને આપી શકયા નહોતા. ટોરોન્ટોના રીડીંગ ઓફ યુનિર્વસિટી રોસેડાલની મતદાતા પેટ્રીસિયાઓઉએ કહ્યું હતું કે, તે હંમેશા મતદાન કરે છે. પણ આ વખતે મતદાન કરવા ન મળવાથી એ ઘણી નિરાશ છે. એણે સોમવારે મતદાન માટેની લાઇનમાં બે કલાક રાહ જોઈ હતી. આમ છતાં મતદાન કરી શકી નહોતી. ઓન્ટેરિયો એજાકસની પાંચ વર્ષના જોડીયા બાળકોની માતા ફારાહ હાસાનલ્લી પણ મતદાન માટેની ધીમી ચાલતી લાઈનમાં ઘણો સમય રાહ જોયા પછી મતદાન કર્યા વિના પાછી ફરી હતી. કેમકે એના બાળકોને સ્કુલ અને ડે કેર સેન્ટરમાંથી પાછા લાવવાનો સમય થઈ ગયો હતો. એ પણ ઘણી નિરાશ થઈ હતી. આવું પહેલા કયારેય થયું નહોતું. વળી, આ વખતે તો લિબરલ્સની જીત પહેલાથી જ નક્કી હોવાથી ઘણા મતદારો મતદાન કરવાનું છોડીને લાઇનમાંથી નીકળી જતા હતા. ઈલેકશન કેનેડાના મીડિયા સલાહકાર રેજેન ગ્રેનિયરે કહ્યું હતું કે, લોકો જાતજાતની વાતો કરે છે. એમાં તથ્ય હોય પણ ખરૂં અને ન પણ હોય. કેમકે આ વખતે કોવિડ-૧૯ના પ્રતિબંધોને કારણે ચૂંટણી કરાવવવી કે નહીં એ વિશે સ્પષ્ટતા નહોતી. વળી, પ્રતિબંધોને કારણે મતદાન મથકો માટે જરૂરી શાળાઓ, ચર્ચ કે અન્ય મકાનો મળવામાં પણ મુશ્કેલી હતી. લોકોને મતદાન મથક પસંદ કરવાની પણ છૂટ અપાઈ હતી. છતાં મતદાનની ઝડપ ઘણી ઓછી હોવાથી ઘણાં લોકો મત આપી શકયા નહોતા. મતદાન મથકો પર વિકલાંગો માટે કોઈ વધારાની સુવિધાઓ ન હોવાથી ઘણાં મતદારો લાંબા સમય સુધી લાઈનમાં ઉભા રહી શકે તેમ નહોતું, એટલે એ લોકો પણ મતદાન કરી શકયા નહોતા.

# ફેડરલ કન્ઝર્વેટિવ્ઝના 95% ઉમેદવારો શ્વેત હશે

## લિબરલ પાર્ટીએ દેશના શહેરી અને શહેર નજીકના વિસ્તારોમાં પ્રભાવ જાળવી રાખ્યો

ક્યૂબેક : ચૂંટણીમાં કન્ઝર્વેટિવ્ઝ ઉમેદવારો પૈકી માત્ર સાત ઉમેદવારો અશ્વેત છે. જે દેશના બ્લેક, ઈન્ડીજિનિયસ ઓર અ પર્સન ઓફ કલર્સ (બીઆઈપીઓસી )નું પ્રમાણ અત્યાર સુધીનું સૌથી ઓછું હશે. મીડિયાના સર્વેક્ષણમાં પ્રાથમિક પરિણામો બાદ જોવા મળ્યું હતુ કે, વિજયી કન્ઝર્વેટિવ્ઝ સાંસદોમાં ૯૫ ટકા શ્વેતો જ હશે. જે દેશની રંગભેદને નાબુદ કરવાના પ્રયાસમાં અડચણરૂપ હશે. આ ચૂંટણી પહેલા ટોરી પાર્ટીના સાંસદોમાં ૯ ટકા અશ્વેત હતા.

કન્ઝર્વેટિવ્ઝ પાર્ટીએ ગ્રામીણ વિસ્તારોમાં પોતાની બેઠકો જાળવી રાખવામાં સફળતા મેળવી છે અને એટલાન્ટીક કેનેડામાંથી પણ ઘણો ટેકો મેળવ્યો છે. છતાંય શહેરી વિસ્તારોમાં પાર્ટીએ ઘણો સંઘર્ષ કરવો પડયો છે. એમાં પણ અશ્વેત ઈમિગ્રન્ટસનો પ્રભાવ રહયો છે. ટોરી પાર્ટીના સંગઠને ૨૦૧૯ની સરખામણીમાં મોટો ફેરફાર કરવો પડયો નથી. કેમ કે, પાંચ કન્ઝર્વેટિવ્ઝ સાંસદો કેની ચીઉ, નેલી શિન અને એલિસ વોન્ગવાન્કુંવર વિસ્તારમાંથી અને બોબ સારોયા ટોરોન્ટોના પરામાંથી અને કાલ્ગેરીના જેગ સાહોટાએ લિબરલ કે એનડીપીના ઉમેદવારો સામે હારનો સામનો કરવો પડયો હતો. લિબરલના પ્રવકતાએ કહ્યું હતું કે, પક્ષ હજુ પુરા પરીણામોની પ્રતિક્ષા કરશે. કેમ કે, ઘણા વિસ્તારોની કેટલીક મતગણતરી હજુ બાકી છે. છતાંય પ્રાથમિક પરિણામો મુજબ લિબરલ પાર્ટીના વિજેતાઓમાં ૩૦ ટકાથી વધુ અશ્વેત વર્ગના છે. એનડીપીના પ્રવકતાએ કહ્યું હતું કે, નવા એનડીપીના ચૂંટાયેલા ઉમેદવારો પૈકી બે અશ્વેત છે. જસ્ટીન ટ્રુડોના નેતૃત્વવાળી લિબરલ પાર્ટીએ દેશના શહેરી અને શહેર નજીકના વિસ્તારોમાં પ્રભાવ જાળવી રાખ્યો છે.

# ડેવનપોર્ટમાં લિબરલ ઉમેદવાર જુલી ઝેરોવિકસઝે પાતળી સરસાઈથી ફેરચૂટણીમાં જીત મેળવી

ટોરોન્ટો : લિબરલ જુલી ઝેરોવિકસઝે ડેવનપોર્ટની ફેર ચૂંટણીમાં પાતળી સરસાઈથી જીત મેળવી હતી. સોમવારે મતદાન હતું અને રાત્રે મેલથી આવેલા મતોની ગણતરી શરૂ થઈ હતી. જેના અંતે જુલી માત્ર ૧૬૫ મતોથી પ્રતિસ્પર્ધી એનડીપી ઉમેદવાર અલેજાન્દ્રા બ્રાવો સામે વિજયી બની હતી. આ ચૂંટણી કોવિડ-૧૯ મહામારીના પ્રતિબંધો વચ્ચે યોજાઈ હતી. એટલે મતદાનનું પ્રમાણ પણ ઓછું જોવા મળ્યું હતું. જો કે, એના આ વિજયથી જસ્ટીન ટ્રુડોને કોઈ ફરક પડયો નહોતો. અને ફરીથી એમણે લઘુમતીવાળી સરકાર જ બનાવવી પડી હતી. જો કે ટોરોન્ટોમાં લિબરલ્સના પ્રભાવને ભુલી શકાય એમ નથી. કેમકે તેમણે ગ્રેટર ટોરોન્ટોમાં ભવ્ય વિજય મેળવ્યો હતો. જુલી ૨૦૧૫થી રીડીંગનું પ્રતિનિધિત્વ કરે છે.

# કેનેડા-ભારત વચ્ચે સીધી ફ્લાઈટ્સ સુવિધા પાંચ મહિના બાદ ફરી શરૂ થઈ




મુસાફરે શિડ્યુલ્ડ ડિપાર્ચર ફ્લાઈટ અગાઉ 14થી 180 દિવસની વચ્ચે પ્રમાણિત પોઝિટિવ પીસીઆર ટેસ્ટ રિઝલ્ટ પુરાવા તરીકે રજૂ કરવા પડશે

ટોરોન્ટો : આખરે પાંચ મહિના પછી ભારત અને કેનેડા વચ્ચે ડાઈરેક્ટ કનેક્ટિવિટી પુનઃસ્થાપિત થઈ છે. કેનેડાએ નવા પ્રોટોકોલ સાથે દિલ્હી-ટોરોન્ટો નોનસ્ટોપ ફ્લાઈટ્સ ફરી શરૂ કરી દીધી છે. જેમાં WHO દ્વારા અપ્રુવ્ડ રસી પ્રાપ્ત મુસાફરોએ આરટી-પીસીઆર અથવા રેપિડ પીસીઆર ટેસ્ટ પેસેન્જરે કોવિડ-19 ટેસ્ટિંગ સેન્ટર અને દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-3ની લોન્જથી પોતાની ફ્લાઈટ્સમાં બેસતી વખતે કરાવવાનો રહેશે. એર કેનેડાએ પોતાની સાઈટ પર ‘ટેસ્ટિંગ રિક્વાયરમેન્ટ્સ ફોર ફ્લાઈટ્સ ફ્રોમ ઈન્ડિયા’ અંતર્ગત લખ્યું છે, “એર કેનેડા માટે આ સ્પેસિફિક ટેસ્ટ્સમાંથી કોઈ ટેસ્ટ જ સ્વીકાર્ય ગણાશે, ભારતમાંના કોઈ ક્લિનિકમાં કરાવેલા ટેસ્ટ, જો તમે અન્ય કોઈ શહેરથી કનેક્ટ થઈ રહ્યા હો તો પણ માન્ય ગણાશે નહીં. આપ કેનેડા જવાની શિડ્યુલ્ડ ડિપાર્ચર ફ્લાઈટ અગાઉ 14થી 180 દિવસની વચ્ચે પ્રમાણિત પોઝિટિવ પીસીઆર ટેસ્ટ રિઝલ્ટ પુરાવા તરીકે આપો તો આપ મુસાફરી કરવાને યોગ્ય બની શકો છો.” ત્રીજા દેશમાંથી નેગેટિવ આરટી-પીસીઆર રિપોર્ટની આવશ્યક્તા હવે સમાપ્ત કરવામાં આવી છે. સીધી ફ્લાઈટ્સની સેવા ફરી શરૂ થવાની સાથે પ્રથમ ફ્લાઈટ AC 42 (ટોરોન્ટો-દિલ્હી) સોમવારે રાત્રે 9 વાગ્યા આસપાસ ગંતવ્યસ્થાને લેન્ડ થશે. એર ઈન્ડિયા દિલ્હી-વાનકુવર અને દિલ્હી-ટોરોન્ટો નોનસ્ટોપ ફ્લાઈટ્સ ટૂંક સમયમાં જ શરૂ કરશે.

# ટોરોન્ટોની શાળાઓમાં ટૂંક સમયમાં ઈતર પ્રવૃત્તિઓ તબક્કાવાર શરૂ થવાની સંભાવના

## પબ્લિક હેલ્થ વિભાગની માર્ગદર્શિકા મુજબ આગળ ધપવા સ્કૂલ બોર્ડે વાલીઓને પત્ર લખ્યો

**ટોરોન્ટો**




ટોરોન્ટોના જાહેર આરોગ્ય વિભાગે સોમવારે જણાવ્યું હતું કે, શહેરની શાળાઓમાં ઘણાં સમયથી બંધ રહેલી ઈતર પ્રવૃત્તિઓ ધીમે ધીમે શરૂ કરી શકાશે. જેમાં રમતગમત અને કલબ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. ટોરોન્ટોના એસોસિયેટ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો.વિનિતા દુબેએ કહ્યું હતું કે, અમારો આશય શૈક્ષણિક પ્રક્રિયા પહેલા જેવી બનાવવાનો છે. જેમાં આ ઈતર પ્રવૃત્તિઓ પણ શામેલ હોય. પ્રાંતની સરકારે પણ શાળાઓને ઈતર પ્રવૃત્તિઓ શરૂ કરવાની પરવાનગી આપી છે. જે નવા શૈક્ષણિક સત્રથી શરૂ કરી શકાય એમ હતું. પરંતુ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણનો આરંભ ૯મી સપ્ટેમ્બરથી થયો હોવાથી હવે તબક્કાવાર ઈતર પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ શકશે. ટોરોન્ટો ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડ અને ટોરોન્ટો કેથોલિક ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડે વિદ્યાર્થીઓના વાલીઓને સોમવારે પત્ર પાઠવીને જાણ કરી હતી કે, તેઓ પબ્લિક હેલ્થ વિભાગની માર્ગદર્શિકા મુજબ આગળ વધશે. ટીડીએસબીના ડાયરેકટર ઓફ એજયુકેશન કોલિન રસેલ રોલિન્સે કહ્યું હતું કે, આ સમાચાર ઘણા ઉત્સાહ જનક છે. કેમ કે, ઈતર પ્રવૃત્તિઓ શરૂ થવાથી વિદ્યાર્થીઓની મેન્ટલ અને ફિઝીકલ હેલ્થ જળવાઈ રહેશે અને જે શાળા માટે પણ સારો અનુભવ ગણાશે. પ્રવૃત્તિઓની શરૂઆત દરેક શાળા મુજબ થશે. કેમ કે, દરેક શાળામાં સ્ટાફ અને સ્વયંસેવકોની સંખ્યા અલગ હોય છે અને લાંબા સમયથી બંધ રહેલી પ્રવૃત્તિ ફરીથી શરૂ કરવામાં સમય પણ લાગી શકે છે. સોમવારે જાહેર આરોગ્ય વિભાગે ટોરોન્ટોની પાંચ શાળાઓમાં કોવિડ-૧૯ના એકટીવ કેસ હોવાનું જણાવ્યું હતું. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે, હવે આ વાઈરસ તો રહેવાનો જ છે અને સતત કાળજી રાખવાથી એના સંક્રમણને કાબુમાં પણ રાખી શકાય છે. એને માટે વેકસીનેશનને વધુ ઝડપી બનાવવું પણ જરૂરી છે. પરંતુ ૧૨ વર્ષથી ઓછી વયના બાળકો માટેની વેકસિનને હજુ મંજુરી મળી નથી. એટલે શાળાઓમાં કેસો તો નોંધાતા જ રહેશે. વળી, પ્રતિબંધો હળવા થયા હોવાથી લોકોની અવરજવર વધી રહી છે. જેમાં વેકસીન નહીં લેનારાઓ પણ હોવાથી સંક્રમણનો ખતરો હજુ ગયો નથી. એટલે જ આરોગ્ય વિભાગે એવી પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપી છે જેમાં ખતરો ઓછો હોય.

તંત્રી સ્થાનેથી

# પંજાબમાં કેપ્ટનને બદલે ચન્ની : ચૂંટણી પહેલાં સોનિયાનો જુગાર



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં હમણાં રાજ્યોના મુખ્યમંત્રીઓને બદલવાની મોસમ ચાલે છે. ભાજપે છ મહિનામાં ઉત્તરાખંડ, કર્ણાટક અને છેલ્લે ગુજરાતમાં મુખ્યમંત્રી બદલી નાખ્યા છે. ભાજપની આ રણનીતિ પર હવે કૉંગ્રેસ પણ ધીમે ધીમે ચાલવા માંગે છે. પંજાબના કેપ્ટન અમરિન્દરસિંહને હટાવીને ચરણજીતસિંહ ચન્નીને સીએમ બનાવીને કોંગ્રેસ હાઈકમાન્ડે સૌને ચોકાવી દીધા છે. કૉંગ્રેસે કેપ્ટનને હટાવ્યા પણ પછી જે કંઈ કર્યું તેને રાજકીય વિશ્રલેષકો સ્માર્ટ મૂવ માને છે. કેમ કે સોનિયા ગાંધીએ પંજાબનાં બધાં રાજકીય સમીકરણોને સાચવી લીધાં છે.

આમ તો અમરિંદરસિંઘ સારા પરફોર્મર રહ્યા છે. ૨૦૧૭માં પંજાબમાં કોંગ્રેસને તેમણે ૭૭ બેઠક અપાવી હતી. ૨૦૧૯માં મોદી લહેર ચરમ પર હતી ત્યારે પણ તેમણે કોંગ્રેસને ૧૩માંથી આઠ લોકસભા બેઠક પર જીત અપાવી હતી. પણ તેમની કામગીરીને લઈને જનતામાં અને પક્ષની આંતરિક નેતાગીરીમાં સંતોષ દેખાતો ન હતો. ટોચની નેતાગીરીને લાગી રહ્યું છે કે તેઓ જનાદેશનું પુનરાવર્તન કરવા અસમર્થ છે. એટલે જ હવે હાઈ કમાન્ડ સિદ્ધુમાં સટ્ટો લગાવી રહ્યું છે. કેપ્ટનને હટાવવા પાછળ અન્ય કારણો પણ છે. પંજાબમાં કેપ્ટન સરકાર વાયદા અનુસાર કામ કરી શકી નથી. છેલ્લા એક-દોઢ વર્ષથી પક્ષમાં નારાજગી વધી છે. શિરોમણી અકાલી દળની સરકાર હતી ત્યારે તેમણે કોંગ્રેસ નેતાઓ વિરુદ્ધ આડેધડ કેસ થયા હતા. અમરિંદર સિંઘની સરકારે તે કેસ રદ કર્યા ન હોવાથી કોંગ્રેસના નેતાઓ નારાજ છે. પ્રકાશસિંહ બાદલના પરિવારનો ત્યાં બહુ મોટો ટીવી કેબલ બિઝનેસ છે. તેને બરબાદ કરવા સિદ્ધુએ એક ખરડો વિધાનસભામાં રજૂ કર્યો હતો. પણ અમરિંદરસિંહે તે પસાર થવા દીધો નહીં. કારણ કે, બાદલ સાથે અમરિંદરને અંગત સંબંધો છે. આ ઉપરાંત વિરોધ પક્ષો સતત એવી ફરિયાદ કરતા હતા કે, કેપ્ટન અમરિંદરસિંઘને મળી શકાતું નથી. તેઓ ઑફિસ આવતા નથી અને ફાર્મ હાઉસમાંથી સરકાર ચલાવે છે. જે આરોપ વાજબી પણ હતો. સિદ્ધુએ આ મુદ્દો ઉપાડી લીધો.

આ ઉપરાંત પંજાબ ભૌગોલિક અને રાજકીય રીતે માલવા, દોઆબા અને માઝા એમ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. માલવામાં કુલ ૧૪ જિલ્લા આવેલા છે અને ભૌગોલિક રીતે માલવા સૌથી મોટો વિસ્તાર છે. રાજકીય રીતે જોઈએ તો પંજાબ વિધાનસભાની ૧૧૭ બેઠકમાંથી દોઆબામાં ૨૩ અને માઝામાં ૨૫ મળીને કુલ ૪૮ બેઠક છે. જ્યારે એકલા માલવામાં જ ૬૯ બેઠક છે. મતલબ કે, પંજાબ વિધાનસભાની બેઠકોમાંથી અડધા કરતાં વધારે બેઠકો માલવા વિસ્તારમાં જ છે. ટકાવારીની રીતે ગણીએ તો ૬૦ ટકાની આસપાસ બેઠકો માલવા વિસ્તારમાં છે. આ કારણે રાજકીય પક્ષોને માલવા સર કરવામાં જ રસ હોય છે. પરંપરાગત રીતે માલવા અકાલી દળનો ગઢ ગણાય છે, પણ કૉંગ્રેસે છેલ્લી ચૂંટણીમાં એ ગઢના કાંગરા ખેરવીને ૬૯માંથી ૪૦ બેઠક જીતી હતી. અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ પણ અકાલી દળના મતોમાં મોટુ ગાબડુ પાડતા કોંગ્રેસને મોટો લાભ થયો હતો. 'આપ'ને ૨૦ બેઠકો મળી અને તેમાંથી ૧૮ બેઠકો તેણે માલવા વિસ્તારમાંથી જીતી હતી.

રંધાવાને બદલે ચન્નીની પસંદગી પાછળ કૉંગ્રેસનું ખાસ ગણિત છે. ચન્નીનો સંબંધ માલવા વિસ્તાર સાથે છે. રંધાવા માલવાના નથી પણ ગુરદાસપુર જિલ્લાના છે કે જે માઝા વિસ્તારમાં આવે છે. કૉંગ્રેસ પાસે માલવા વિસ્તારમાંથી ૪૦ ધારાસભ્યો છે. તેમને અવગણીને ૨૫ બેઠકો ધરાવતા દોઆબા વિસ્તારમાંથી કોઈને મુખ્ય મંત્રી બનાવાય તો ચૂંટણીમાં તેની અસર થાય તેવી શક્યતા વધુ છે. પતિયાલા માલવા વિસ્તારમાંથી આવે છે અને કેપ્ટન અમરિન્દરસિંહ પતિયાલાના હતા. માલવાના કેપ્ટનને ખસેડીને માઝાના રંધાવાને મૂકવામાં આવે તો પણ માલવા વિસ્તારમાં અસંતોષ થઈ જાય. આ જ કારણે કૉંગ્રેસે રંધાવાને કોરાણે મૂકીને ચન્નીનું નામ સીએમ પદ માટે ફાયનલ કર્યુ છે.

કૉંગ્રેસને માલવા વિસ્તારની અવગણના બીજા કારણસર પણ પરવડે તેમ ન હતુ. માલવા વિસ્તારમાં ધીરે ધીરે 'આપ'નું વર્ચસ્વ વધી રહ્યું છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં 'આપ'એ જીતેલી ૨૦માંથી ૧૮ બેઠકો માલવા વિસ્તારમાંથી હતી. લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં કૉંગ્રેસે શાનદાર દેખાવ કરેલો એને 'આપ' ગણીને એક બેઠક જીત્યો હતો. હાલ અરવિંદ કેજરીવાલ દર અઠવાડિયે પંજાબનાં આંટાફેરા કરે છે અને માલવામાં પૂરેપૂરી તાકાત લગાવી રહ્યા છે. કેપ્ટનના કારણે માલવામાં કૉંગ્રેસની હાલત પણ બગડી છે. તેના કારણે જ કૉંગ્રેસના માલવાના ધારાસભ્યોએ કેપ્ટન સામે વ્યાપક અસંતોષ છે. માલવામાં બીજા પણ દિગ્ગજ ધારાસભ્યો છે પણ સોનિયાએ બીજાં રાજકીય સમીકરણનો પણ મેળ બેસાડીને ચન્ની પર કળશ ઢોળી દીધો. આ સમીકરણોમાં સૌથી મહત્ત્વનું સમીકરણ જૂથબંધીનું છે.

ચન્ની પંજાબ પ્રદેશ પ્રમુખ નવજોત સિદ્ધુની નજીક છે. ચન્ની દલિત છે અને પંજાબમાં સૌથી મોટી મતબૅંક દલિતોની છે. દલિત મતદારોનું દેશના કોઈ રાજ્યમાં ના હોય, એટલું જંગી પ્રમાણ પંજાબમાં છે. પંજાબના કુલ મતદારોમાં ૩૨ ટકા મતદારો દલિત હોવાનું મનાય છે. ઘણા રાજકીય તજજ્ઞો આ પ્રમાણ ૩૫ ટકા સુધીનું હોવાનું માને છે. દલિતોમાં ૬૦ ટકા શીખ છે, જ્યારે ૪૦ ટકા હિંદુ છે. પણ એ બધા એક જ છે. સોનિયાએ માલવા વિસ્તાર અને સૌથી મોટી મતબૅંક એ બે સમીકરણોને ધ્યાનમાં રાખીને ચન્નીની પસંદગી કરી છે.

રાજકીય રીતે સોનિયા ગાંધીએ બહુ મોટો દાવ ખેલ્યો છે અને એક રીતે જોઈએ તો જાટ શીખ સમાજના વર્ચસ્વ સામે જ પડકાર ફેંકી દીધો છે. પંજાબમાં જાટ સમાજ બહુ તાકાતવર છે. તેના કારણે પંજાબના કુલ મતદારોમાં જાટ મતદારોનું પ્રમાણ ૨૦ ટકાની આસપાસ જ હોવા છતાં તેમનું ધાર્યું જ થાય છે. આ જાટમાં ૬૦ ટકા શીખ છે અને ૪૦ ટકા હિંદુ છે. જાટ શીખ સમાજના વર્ચસ્વને કારણે દલિતોની મતબૅંક બહુ મોટી હોવા છતાં પંજાબમાં બહુમતી મુખ્ય મંત્રી શીખ જાટ જ્ઞાતિના આવ્યા છે. પંજાબના ૧૬ મુખ્ય મંત્રીમાંથી ૧૩ મુખ્યમંત્રી જાટ સમાજના રહ્યા છે. પંજાબમાં આર્થિક અને સામાજિક રીતે જાટ વજનદાર જ્ઞાતિ છે. પંજાબ કૃષિપ્રધાન રાજ્ય છે અને મોટાભાગની જમીનો જાટ પરિવારો પાસે છે. બીજી જ્ઞાતિનાં લોકો રોજગારી માટે તેમના પર નિર્ભર છે એ પણ તેમના વર્ચસ્વનું એક કારણ છે. ચન્નીની પસંદગી આ વર્ચસ્વ સામે પડકાર છે. તેથી જાટ સમાજ તથા બીજા તેમના પર નિર્ભર સમાજ એક થઈને કૉંગ્રેસ સામે પડે એ ખતરો ઉભો થઈ શકે છે. 'આપ' અને અકાલી દળ બંને દલિતોને પોતાની તરફ ખેંચવા મથે જ છે તેથી ખુલ્લેઆમ કોઈ ચન્ની દલિત હોવાના મુદ્દે મોરચો ના માંડે પણ અંદરખાને આ પ્રકારના દાવપેચ ચાલે તેમ છે. સોનિયાએ એ જોખમ વહોર્યું છે ને તેનાં શું પરિણામ આવશે એ ખબર નથી, પણ ચન્નીની પસંદગીના કારણે પંજાબની ચૂંટણી અત્યંત રસપ્રદ બની ગઈ છે તેમાં શંકા નથી.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# અડાજણના એમ્બ્રોઈડરીનાં કારખાનેદારના અંગદાનથી છ જીવનમાં નવા રંગો ભળ્યા

**સુરત**

કોરોનાની બિમારીમાં સાજા થયેલા અડાજણના વૈષ્ણવ સુરતી વિશા ખડાયતા સમાજના બ્રેઈનડેડ કારખાનેદારના ફેંફસા, કીડની,લીવર અને ચક્ષુઓના અંગદાનથી છ વ્યક્તિઓને નવજીવન મળ્યું છે . તેમના પરિવારે અંગદાનનો નિર્ણય લઈ માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા બતાવી હતી. અડાજણમાં જય અંબે મંદિર પાસે પૂજા રો-હાઉસમાં રહેતા 53 વર્ષીય મનીષ પ્રવિણચંન્દ્ર શાહ ભટાર ખાતે એમ્બ્રોઈડરી યુનિટ ચલાવતા હતા. ગત તા.16મીએ રાતે માથામાં તેમજ ડાબા હાથમાં દુઃખાવો થયા સ્થાનિક ડોકટર પાસે દવા લીધી હતી. ગત તા. 17મી સવારે તેમની તબિયત વધુ બગડતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જોકે એન્જીયોગ્રાફી કરાવતા હૃદયની ડાબી બાજુની એક નળી 100 ટકા બ્લોક  તથા મગજમાં લોહીનો



ગટ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું.  ગત તા.19મીએ ડોકટરની ટીમે તેમને  બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ડોનેટ લાઈફના સંપર્ક બાદ બંનેના પરિવાર અંગદાન માટે સંમત થયા હતા. તેમના ફેંફસા, કિડની, લીવર અને  ચક્ષુઓના દાનથી છ જીવનને નવી રોશની મળી છે.

# રાજદ્રોહ કેસ : 3 પંચની જુબાની પુરી, સુનાવણી 28 ઓક્ટોબર સુધી મોકૂફ

## હાર્દિક, અલ્પેશ ગેરહાજરી મુક્તિના રિપોર્ટને કોર્ટની મંજુરી

**સુરત**

પાટીદાર અનામત આંદોલન દરમિયાન સુરતમાં નોંધાયેલા રાજદ્રોહના ગુનાઈત કારસામાં સંડોવાયેલા હાર્દિક પટેલ, અલ્પેશ કથીરીયા,વિપુલ તથા ચિરાગ દેસાઈ વિરુધ્ધ સુરતની કોર્ટમાં ચાર્જફ્રેમની કાર્યવાહી બાદ હાલમાં ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાર્દિક પટેલે પોતાના સંબંધીના નિધનના લીધે તથા આરોપી અલ્પેશ કથીરીયાએ શૈક્ષણિક હેતુસર હાજરીમાંથી મુક્તિ મેળવવા આરોપીઓના બચાવપક્ષે યશવંત વાળાએ માંગ કરી હતી. જેને કોર્ટે મંજુરી આપ્યા બાદ પંચોની જુબાની હાથ ધરાઈ હતી. આરોપી હાર્દિક પટેલની ધરપકડ દરમિયાન પંચ તથા આરોપીઓના વોઈસ સેમ્પલના પંચો મળીને કુલ ત્રણ પંચોની ફરિયાદપક્ષે સરતપાસ હાથ ધરી હતી. જે પુરી થયા બાદ આરોપીઓના બચાવપક્ષે ત્રણેય પંચોની ઉલટ તપાસની કાર્યવાહી હાથ ધરી હતી.જેથી ત્રણેય પંચોની જુબાનીની કાર્યવાહી પુરી થતાં કોર્ટે  વધુ પુરાવા માટે આગામી તા.28મી ઓક્ટોબર સુધી કોર્ટ કાર્યવાહી મોકુફ રાખી છે.

# સુગર મિલોની ચૂંટણી રદ કરી નિર્દિષ્ટ મંડળી હેઠળ ફરી ચૂંટણી કરવા માંગ

**સુરત**

હાઈકોર્ટના હુકમ બાદ નિર્દિષ્ટ મંડળી હેઠળ સુગર ફેકટરીઓમાં ચૂંટણી કરાવવા માટે ખેડુત સમાજના આગેવાનો દ્વારા ગાંધીનગર ખાંડ નિયામકને મળીને નવેસરથી ચૂંટણી કરાવવા માટે આદેશ આપવા માંગ કરાઈ હતી. રાજય સરકારે શુગર ફેકટરીઓને નિર્દિષ્ટ મંડળીમાંથી દૂર કરી પ્રાથમિક મંડળીમાં સમાવેશ કરવાનો હુકમ હાઈકોર્ટે રદ કર્યો હતો. આ હુકમ રદ થતા જ જેટલી પણ શુગર ફેકટરીઓમાં પ્રાથમિક મંડળી હેઠળ થયેલી ચૂંટણી આપોઆપ રદ થઈ જતી હોય છે. ખેડુત સમાજના પ્રમુખ જયેશ પટેલ સહિત અન્ય આગેવાનોએ ગાંધીનગર ખાંડ નિયામકને મળીને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

# ચીખલી કસ્ટોડિયલ ડેથ : આદિવાસી સમાજનો રોડ પર બેસી જઈ વિરોધ

## ઉનાઇ અને રાનકુવા સર્કલ પર વિરોધ પ્રદર્શન : અનેક લોકો ડિટેઇન

**ચીખલી**

ડાંગ જિલ્લાના બે યુવાનોના ચીખલી પોલીસ મથકમાં થયેલા કસ્ટોડિયલ ડેથ મામલે જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે કોઈ નક્કર કાર્યવાહી નહીં થતાં આદિવાસી આગેવાનોએ ચીખલી  ખાતે ત્રણ દિવસના પ્રતિક ધરણાંના કાર્યક્રમનું એલાન કર્યું હતુ. સોમવારે  ધરણાં  શરૂ થાય તે પહેલાં જ પોલીસે કાર્યવાહી શરૂ કરી આગેવાનોને ચીખલી પહોંચવા નહીં દેતા આગેવાનોએ જ્યાં હોય ત્યાં જ બેસી વિરોધ પ્રદર્શન શરૂ કરી દેતા વાતાવરણ ગરમાયું હતુ. પોલીસે સંખ્યાબંધ લોકોને ડિટેઈન કર્યા હતા. આદિવાસી યુવાનોના કસ્ટોડિયલ ડેથ મામલે આદિવાસી સંગઠનો દ્વારા તા.૨૦,૨૧ અને ૨૨ સપ્ટેમ્બરના રોજ ચીખલી ખાતે વાંસદા-ચીખલીના કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં પ્રતિક ધરણાંના કાર્યક્રમનું એલાન કરાયું હતુ. જેને પગલે ચીખલી પોલીસ મથક પોલીસ છાવણીમાં ફેરવાયું હતુ. અને ધરણાં કાર્યક્રમ નહીં થાય તે માટે તેનો મંડપ પણ છોડી પાડવાનો આદેશ કરાયો હતો. રવિવારે સવારથી જ નવસારી જિલ્લા પોલીસ ધરણાંનો કાર્યક્રમ નહીં યોજાય તે માટે તૈનાત થઈ ગઈ હતી.

# મહાવીર સ્વામીની માતાએ જોયેલા 16 સપનાને સગર્ભાના પેટ પર કંડાર્યા

**સુરત**

જૈન ધર્મનો તહેવાર પર્યુષણ ચાલી રહ્યો છે ત્યારે સુરતની એક સગર્ભાના પેટ પર મહાવીર સ્વામીની માતાએ જોયેલા 16 સપનાને સગર્ભાના પેટ પર આર્ટિસ્ટે કંડાર્યા છે. છેલ્લા થોડા સમયથી બેલી બ્લેસીંગ મહેંદીનો ટ્રેન્ડ વધ્યો છે ત્યારે શહેરના આર્ટિસ્ટ નિમિષાબેન દ્વારા શહેરની એક સગર્ભાના પેટ પર પર્યુષણ મહેંદી કરવામાં આવી છે. તેમના દ્વારા શ્રેયા શાહ નામની સગર્ભાના પેટ પર રંગીન પર્યુષણ મહેંદી કરવામાં આવી છે. સગર્ભાના પેટ પર તૈયાર કરવામાં આવેલા રંગીન પર્યુષણ મહેંદીમાં ભગવાન મહાવીર સ્વામીની માતાએ સગર્ભાવસ્થા દરમ્યાન જોયેલા સપનાઓને આવરી લેવામાં આવ્યા છે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

CATERING SPECIAL
$ 7.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# પાટણમાં સત્યના પારખા માટે મહિલાએ ઉકળતા તેલમાં બાળકીના હાથ નંખાવ્યા

**પાટણ**

સાંતલપુરમાં અંધશ્રદ્ધા અને ક્રૂરતાનો અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. જેમાં સત્યના પારખા માટે બાળકી સાથે ક્રૂરતા આચરાઈ છે. 11 વર્ષની બાળકીને ઉકળતા તેલમાં હાથ નંખાવીને સત્યના પારખા કરવામાં આવ્યા હતા. આ ઘટનામાં બાળકી કાંડા સુધી દાઝી જતાં તેને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ છે. બાળકીના હાથ દાઝી જતાં તેને સારવાર માટે ધારપુરની સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. બાળકીના પિતાએ પાડોશી મહિલા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે મહિલાને તેના ઘરે જ નજરકેદ કરી લીધી હતી. ફરિયાદના આધારે પોલીસે મહિલાને ઝડપી લીધી છે.

પાટણના સાંતલપુરમાં માનવતાને શર્મસાર કરતી ઘટના સામે આવી છે. જેમાં પાડોશમાં રહેતી એક મહિલા દ્વારા 11 વર્ષની બાળકીને ઉકળતા તેલમાં હાથ નખાવી સત્યતાના પારખા કરવામાં આવ્યા હતા. એક જ વિસ્તારમાં મહિલા અને બાળકી રહેતા હતા. જેમાં એક મહિલાને અજાણી વ્યક્તિ સાથે વાત કરતા જોઈ ગયેલી પડોશીની બાળકીને ઘરમાં લઈ જઈ બીજા કોઈને વાત કરી નથી એની ખાતરી કરવા તેણે તેનો હાથ ગરમ તેલમાં નખાવ્યો હતો. આ ઘટનામાં બાળકીએ બુમાબૂમ કરતી રહી પરંતુ માનવતા ભૂલેલી મહિલાએ અમાનુસી અત્યાચાર આચર્યું હતું. હાથના ભાગે દાઝેલ બાળકીને સાંતલપુર સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાઈ હતી. ઘટનાને લઈ બાળકીના પિતા દ્વારા મહિલા વિરુદ્ધ સાંતલપુર પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે.

# 6 દિવસમાં 6 લાખ શ્રદ્ધાળુએ અંબા માતાના દર્શન કર્યા



**અંબાજી**

લાખો શ્રદ્ધાળુઓના આસ્થાના પ્રતિક શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમ નિમિત્તે એક જ દિવસમાં સવા લાખથી વધુ ભક્તોએ મા અંબાના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતું. ૬ દિવસ દરમિયાન ૬ લાખથી વધુ ભક્તોએ મા અંબાના દર્શન કર્યા છે અને આ દરમિયાન મંદિરને કુલ રૂપિયા ૧.૧૮ કરોડની આવક થઈ હતી. આ ઉપરાંત સોમવારે અમદાવાદના ભક્ત દ્વારા અંબાજી મંદિરને ૫૦૦ ગ્રામ સોનાનું દાન અપાયું હતું, જેની કિંમત રૂ. ૨૪.૫૦ લાખ છે. અંબાજી મંદિર શકિતદ્વારથી બસ સ્ટેન્ડ સુધી યાત્રિકોની લાઈન વ્યવસ્થાની વચ્ચે કુલ ૧૧ જગ્યાઓએ પીવાના પાણી, લગેજ-પગરખાં કેન્દ્ર, શ્રીફળ સ્ટેન્ડ તથા ૨થ મુકવાની જગ્યા સહિતના વોટરપ્રૂફ ડોમની વ્યવસ્થા, વિના મૂલ્યે ભોજન, ચાચરચોકમાં વધારાના પ્રસાદ કાઉન્ટરો, વગેરે મળી જુદી-જુદી કુલ-૧૪ જગ્યાઓએ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.

- ૨૦૧૯માં ભાદરવી પૂનમના મેળા વખતે દેવસ્થાન ટ્રસ્ટને ભંડારા-પ્રસાદી-પૂજાપા ભેટની આવક રૂ. ૩.૫૦ કરોડ થઇ હતી. જેની સરખામણીએ આ વખતે રૂ. ૧.૧૮ કરોડની આવક થઇ છે.
- ૨૦૧૯ના ભાદરવી પૂનમના મેળામાં ૨૭ લાખ લોકોએ દર્શન કર્યા હતા. જ્યારે આ વખતે ૭ લાખ લોકોએ દર્શન કર્યા છે.
- સોમવારે અમદાવાદના માઇ ભક્તે અંબાજી મંદિરને ૫૦૦ ગ્રામ સોનાનું દાન આપ્યું હતું, જેની કિંમત રૂપિયા ૨૪.૫૦ લાખ છે.
- આ વર્ષે ૪૪ જેટલા ભક્તોએ નિ:શુલ્ક ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

## ભગવાન શામળીયાને ખાસ સોનાવેશનો શણગાર કરાયો

**મોડાસા**

અરવલ્લીના સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતે ભાદરવી પૂનમને લઈ કાળીયા ઠાકોરના દર્શન કરવા માટે હજારો ભક્તો ઉમટયા હતા. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં ભક્તો આવી પહોંચ્યા હતા. જય શામળીયાના નાદથી પરિસર ગાંજી ઉઠયું હતું. ભગવાન શામળીયાને ખાસ વાઘા પરિધાન કરી સોનાવેશનો શણગાર કરાયો હતો. દૂર દૂરથી આવેલ ભક્તોએ શામળીયાના દર્શન કરી ધન્ય બન્યા હતા.મંદિર ટ્રસ્ટ તરફથી કોરોનાની ગાઈડ લાઈનનો અમલ કરાયો હતો. પ્રાચીન યાત્રાધામ શામળાજીમાં ભાદરવી પૂનમની ઉજવણી હર્ષોલ્લાસ પૂર્વક કરાઈ હતી. ત્યારે શામળાજી ખાતે ભાદરવી પૂનમના દર્શન કરવા ભક્તોમાં અનેરો ઉત્સાહ હોય છે. અરવલ્લી જિલ્લાના વિવિધ માર્ગો ઉપર રવિવારે રાતે પગપાળા જતાં શ્રધ્ધાળુઓનો ઘસારો જોવા મળ્યો હતો.

## બહુચરાજીમાં પૂનમે માનવ મહેરામણ ઉમટી પડ્યો

**ચાણસ્મા**

ભાદરવી પૂનમે બહુચરાજી અને શંખલપુર મંદિરમાં નયનરન્ય ફુલોનો શણગાર કરવામાં આવ્યો હતો. શંખલપુર ધામમાં સવારથી બહુ મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડયા હતા. શંખલપુર ખાતે માતાજી સન્નમુખ અન્નકુટ ભરવામાં આવ્યો હતો અને વિશ્વ કલ્યાણની ભાવના માટે પૂજા-અર્ચના કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બહુચરાજી મંદિરના જવાબદાર વ્યક્તિ સિવાયના અન્ય વ્યક્તિઓ માટે મંદિરના શિખર પર ધજા ચડવા માટેનો પ્રતિબંધ મુકવામાં આવેલો છે. પરંતુ પૂનમના દિવસે સવારે મંદિરની જવાબદાર વ્યક્તિ ધજા ચડાવવાના સ્થળે હાજર ન રહેતા ધજા સાથે આવેલા માઈ ભક્તો જાતે મંદિરના શિખર પર ચડીને ધજા ચડાવતા જોવા મળ્યા હતા. આજે ભારે ભીડભાડ વચ્ચે બહુચરાજી ખાતે પોલીસ કર્મીઓની ઓછી સંખ્યા ખટકે તેમ હતી.



# વડોદરા ખાતે દુષ્કર્મકાંડ : 'બ્લેક મેઈલિંગ'-ખોટી ફરિયાદની શંકા

**વડોદરા**

ચકચારભર્યા દુષ્કર્મકાંડના આરોપી પૈકીના એક એવા ચાર્ટડ એકાઉન્ટન્ટ અશોક જૈને બુધવારે ગૃહ રાજય મંત્રી તથા પોલીસ કમિશનરને સંબોધીને લેખીત રજુઆત કરી છે. જેમાં જણાવ્યુ છે કે બીજા નંબરના આરોપી તરીકે દર્શાવેલા રાજુ ભટ્ટને તેઓ ઓળખતા પણ નથી અને મળ્યા પણ નથી મારી સામે ખોટી ફરીયાદ કરવામાં આવી છુ અલ્પુ સિંધી અમારી ઉપર ખોટી ફરીયાદ કરવા માટે દબાણ કરી ઘણાં સમયથી બ્લેક મેઈલ કરી રહયો છે. જેથી ઉચ્ચ પોલીસ અધિકારી મારફતે યોગ્ય તપાસ કરવાની માંગ કરી છે તપાસમાં સહકાર માટે નાર્કો ટેસ્ટ, બ્રેઈન મેપીંગ અને પોલીગ્રાફી ટેસ્ટ કરાવા માટે તૈયારી દર્શાવી છે. અશોક જૈન (રહે,દિવાળીપુરા)એ જણાવ્યુ હતુ કે મારી ઉંમર 69 વર્ષની છે. હું 45 વર્ષ કરતાં વધુ સમયથી સીએની પ્રેક્ટીસ કરુ છું મારી કારકિર્દીમાં 300થી વધુ સીએ ટ્રેનીંગ મેળવી છે. મારી સાથે થયેલા આક્ષેપ મનઘડત અને ખોટા છે. પાંચ મહિના પહેલા પ્રણવ શુકલના રેફરન્સથી આ યુવતી મારી પાસે આવી હતી. પોતે હરીયાણાની છે અને કાયદાનો અભ્યાસ કરતી હોવાથી શીખવા આવવા વિનંતી કરી હતી. મારા સ્ટાફમાં અન્ય યુવતીઓ પણ કામ કરે છે તેની સાથે બેસીને કામ શીખતી હતી. ફરીયાદમાં આરોપી તરીકે દર્શાવેલા રાજુભાઈ ભટ્ટને હું ઓળખતો નથી કયારે પણ મળ્યો નથી. જે ફલેટમાં દુષ્કર્મ થયુ હતુ તે ફલેટ પણ મે ભાડે અપાવ્યો છે તે વાત પણ ખોટી છે. યુવતી તેના ભાઈ સાથે ફલેટમાં રહેતી હતી અને ભાઈ ના હોય ત્યારે બૉયફ્રેન્ડ અલ્પુ સિંધી સાથે રહેતી હોવાનું જાણવા મળ્યુ છે. તા.21મી ઓગસ્ટે યુવતીએ મને જણાવ્યુ હતુ કે, ગત વર્ષનું ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ કરવાનું બાકી છે. તેના મિત્ર અલ્પેશ વાઘવાણી સાથે એક મોટુ કામ થવા જઈ રહયુ છે તેણીને રૂ. 15 કરોડ મળવાના છે જેથી રીટર્ન ફાઈલ કરવુ પડે તેમ છે. તા.14મી સપ્ટેમ્બર 2021ના રોજ યુવતી ઓફીસે આવી હતી જેનું રીટર્ન ફાઈલ કર્યુ હતુ. જેના સીસીટીવી ફુટેજ પણ છે.

# આફ્રિકાના પાંચ વિદ્યાર્થી ગુજરાતની નદીઓના પ્રદુષણ પર સંશોધન કરશે

વડોદરા : એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના એન્વાર્યમેન્ટ સાયન્સ વિભાગમાં પહેલી વખત એક સાથે પાંચ આફ્રિકન વિદ્યાર્થીઓ પીએચડી કરશે.આ તમામ વિદ્યાર્થીઓ આફ્રિકાના કેમરુન દેશના છે. આ પાંચે વિદ્યાર્થીઓને તાજેતરમાં જ એન્વાર્યમેન્ટ સાયન્સ વિભાગમાં પીએચડી માટે પ્રવેશ આપવામાં આવ્યો છે.આ વિભાગના હેડ પ્રો. વચ્છરાજાનીનુ કહેવુ છે કે, વિશ્વામીત્રી, મહિસાગર અને સાબરમતી આ ત્રણે નદીઓ ખંભાતના અખાતને મળે છે.આ નદીઓમાં ઉદ્યોગોનુ પ્રદુષિત પાણી એફ્લ્યુઅન્ટ ચેનલ થકી છોડવામાં આવે છે.પાણી જ્યાં છોડાય છે તે જગ્યા નદીઓના મુખ પ્રદેશથી સ્હેજ અંદર છે.બીજી તરફ ખંભાતના અખાતમાં આવતી ભરતીના કારણે આ પ્રદુષિત પાણી નદીની અંદર પાછુ આવી રહ્યુ છે અને તેનાથી ત્રણે નદીઓમાં પ્રદુષણની સમસ્યા પણ દિવસને દિવસે ગંભીર બની રહી છે.

# ડાકોર પાલિકાની આઠ બેઠકોની પેટાચૂંટણીમાં 22 ઉમેદવાર મેદાને

**નડિયાદ**

ડાકોર નગરપાલિકામાં ઉપપ્રમુખની ખાલી પડેલી બેઠક માટે શુક્રવારે ચૂંટણી યોજાઈ હતી. ઉપપ્રમુખ તરીકે ભાજપના મેન્ડેટ પર ડાકોર વોર્ડ નં-૬ના સભ્ય રાજેશભાઈ મોહનભાઈ પટેલે ફોર્મ ભર્યું હતું. સામે કોઈ હરિફ ઉમેદવાર ન હતા. હાજર ૧૦ અપક્ષના સભ્યો અને ૩ ભાજપના સભ્યોએ રાજેશભાઈને મત આપતા પ્રાંત અધિકારીએ તેમને સર્વાનુમતે વિજેતા જાહેર કર્યા હતા. નવા ચૂંટાયેલા ઉપપ્રમુખને તેમના સમર્થકોએ અભિનંદન સાથે વધાવી લીધા હતા. ડાકોરની ૨૮ બેઠકોમાંથી ૮ બેઠકો પરના સભ્યોનું સભ્યપદ રદ થઈ ચૂક્યું છે. અત્યાર સુધી આ બેઠકો માટે કુલ ૨૨ ફોર્મ ભરાઈ ચૂક્યા છે, તેમાંથી ૮ ફોર્મ ભાજપ પક્ષના, ૨ ફોર્મ આમ આદમી પાર્ટીના અને ૧૨ ફોર્મ અપક્ષ ઉમેદવારોએ ભર્યા છે.

# વડોદરા APMC ચૂંટણીમાં ભાજપની પેનલ તૂટી,16માંથી 15 બેઠક કબજે

**વડોદરા**

વડોદરા એપીએમસીની ચૂંટણીના વેપારી વિભાગમાં ચાર બેઠકોમાંથી ભાજપના મેન્ડેટ વાળા એક ઉમેદવારનો પરાજય થયો છે. જો કે ૧૬માંથી ૧૫ બેઠકો ભાજપને મળતાં એપીએમસીમાં ભગવો લહેરાયો છે. ૧૬ બેઠકો પૈકી બે વિભાગની ૧૨ બેઠકો ઉપર ભાજપના મેન્ડેટ વાળા ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. જ્યારે,વેપારી વિભાગની ચાર બેઠક માટે પાંચ ઉમેદવાર હોવાથી ૯૯ ટકા મતદાન થયું હતું. ભાજપે મેન્ડેટ આપી જાહેર કરેલા ચાર ઉમેદવારોમાંથી પૂર્વ ડિરેક્ટર અલ્પેશ શાહનો પરાજય થયો હતો. જ્યારે,મેન્ડેટમાં નામ નહતું તે નારણ પટેલને વેપારીઓએ સંયુક્ત પેનલમાં ચોથા ઉમેદવાર તરીકે જાહેર કર્યા હતા.

# ભાદરવી પૂનમે ડાકોરમાં રણછોડરાયના દર્શન માટે હજારો શ્રદ્ધાળુ ઊમટી પડ્યાં

## દર્શન માટે વહેલી સવારથી શ્રદ્ધાળુઓની લાંબી લાઇનો લાગી



નડિયાદ : ખેડા જિલ્લાના પ્રસિદ્ધ તીર્થધામ ડાકોરમાં સોમવારે ભાદરવી પૂનમે હજારો ભક્તોનો ઘોડાપૂર ઉમટયો હતો. વહેલી સવારથી લાઈનમાં જોડાઈ ભક્તોએ રણછોડરાયજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ડાકોરના રણછોડરાયજી મંદિરમાં સોમવારે ભાદરવી પૂનમ નિમિત્તે મેળા જેવો માહોલ સર્જાયો હતો. ડાકોર શહેરમાં હજારો ભક્તો આજે ઠાકોરજીના દર્શન કરવા દૂરદૂરથી આવ્યા હતા. લાંબી લાઈનોમાં ઊભા રહીને વૈષ્ણવોએ ઠાકોરજીના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. સવારે પાંચ વાગ્યે નીજમંદિરના દર્શન ખોલવામાં આવ્યા હતા. ડાકોરમાં રાજારણછોડરાયજીના પૂનમના દર્શનનો વિશેષ મહીમા રહેલો છે. દૂરદૂરથી ભક્તો પૂનમ નિમિત્તે ડાકોરના ઠાકોરના દર્શન કરવા બાધા રાખીને આવતા હોય છે. વચ્ચે કોરોનાને લીધે મહિનાઓ સુધી ડાકોર મંદિરમાં દર્શન બંધ હોવાથી ભક્તો બહારથી દર્શન કરી પસાર થઈ જતા હતા.

# કલોલ બ્લાસ્ટ કાંડના આરોપી સામે હળવી FIR : અરજદારની હાઈકોર્ટને રજૂઆત

**કલોલ**

કલોલની ગાર્ડન સિટી સોસાયટીમાં ઓ.એન. જી.સી.ની પાઈપલાન પરના મકાનોમાં વિસ્ફોટના કારણે ત્રણ લોકોના મોત થયા હતા. આ કેસને સી.આઈ.ડી.ને ટ્રાન્સફર કરવાની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલી જાહેર હિતની રિટમાં રજૂઆત કરવામાં આવી છે કે અતિ ગંભીર કેસ હોવા છતાં પોલીસે ખૂબ હળવી એફ.આઈ.આર. નોંધી છે. જેના કારણે આરોપીઓને આગોતરા જામીન મળે તેવી શક્યતા છે. કેસની વધુ સુનાવણી પાંચમી ઓક્ટોબરના રોજ નિયત કરવામાં આવી છે.

અરજદારો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે ઘટનાના ઘણાં મહિનાઓ બાદ આરોપી બિલ્ડરો સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે અને તે પણ અતિ હળવી કલમોનો ઉપયોગ કરી નોંધવામાં આવી છે. ઘટના અતિગંભીર હોવા છતાં તે મુજબની કોઈ કલમનો ઉલ્લેખ તેમાં કરવામાં આવ્યો નથી. તેથી આ કેસની તપાસને સી.આઈ.ડી. (ક્રાઈમ) માં ટ્રાન્સફર કરવામાં આવે તે જરુરી છે.

ડિસેમ્બર-૨૦૨૦માં કલોલની ગાર્ડન સિટી સોસાયટીમાં બે મકાનોમાં પ્રચંત વિસ્ફોટ થતાં તેમાં ત્રણ વ્યક્તિના મોત થયા હતા. આ અંગે ગ્રામ પંચાયતે તાલુકા વિકાસ અધિકારીઓને સોંપેલા રિપોર્ટમાં પણ બહાર આવ્યું છે કે જ્યાં વિસ્ફોટ થયો હતો તે મકાનો નીચે ઓ.એન. જી.સી.ની પાઈપલાઈન છે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મુન્દ્રા ડ્રગ્સ કેસ: ચાર અફઘાની સહિત કુલ 8ની ધરપકડ, 8 શહેરોમાં તપાસ

**મુન્દ્રા**

ડિરોક્ટરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ (DRI)એ બુધવારે ગુજરાતના મુન્દ્રા પોર્ટ પર બે કન્ટેનરોમાંથી લગભગ 3 હજાર કિલોગ્રામ જેટલો ડ્રગ્સનો રેકોર્ડ બ્રેક જથ્થો જપ્ત કરવાના કેસમાં અત્યાર સુધી 4 અફઘાન નાગરિકો, એક ઉઝબેક અને 3 ભારતીય નાગરિકો સહિત કુલ 8 લોકોની ધરપકડ કરી છે.

અફઘાનિસ્તાના કંદહાર પોર્ટ પરથી દરિયાઈ માર્ગે મુન્દ્રા પોર્ટ પર આવેલા બે આયાતી કન્ટેનરની અંદર ડ્રગ્સ છૂપાવવામાં આવ્યું હતું. આંધ્ર પ્રદેશના વિજયવાડાના આયાતકારે ટેકલમ પાઉડરનું કસ્ટમ સમક્ષ ડિકલેરેશન કરીને હેરોઈનની થેલીઓ ભરી દીધી હતી. જેની બાતમીના આધારે મુંબઈ અને દિલ્હી એનસીબીના અધિકારીઓને મળતા ગાંધીધામ DRIની ટીમે બંને કન્ટેનરો અટકાવીને સીલ મારી દીધા હતા. બીજા દિવસે સ્ટેટ આઈબી, ભુજ પોલીસ, સેન્ટ્રલ એજન્સીના અધિકારીઓનો કાફલો પોર્ટ પર પહોચી ગયો હતો અને ઝીણવટપૂર્વકની તપાસ હાથ ધરી હતી. બન્ને કન્ટેનરની તપાસમાં પ્રથમ કન્ટેનરમાંથી 1999.58 કિલો અને બીજા કન્ટેનરમાંથી 988.64 કિલો મળી કુલ 2988.22 કિલોગ્રામ જેટલો ડ્રગ્સનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આ ઓપરેશનના ભાગરૂપે DRI સહિતની એજન્સીઓએ દેશભરમાં તપાસ હાથ ધરી હતી. જેમાં અમદાવાદ, ગાંધીધામ, માંડવી, દિલ્હી, નોઈડા, કોઈમ્બતુર અને ચેન્નાઈમાં તપાસ ચાલી રહી છે. જેમાં નોઈડાના ઘરમાંથી 10 કિલો કોકેઈન અને 11 કિલો શંકાસ્પદ હેરોઈન ઝડપાયું હતું. જ્યારે દિલ્હીના ગોડાઉનમાંથી 16 કિલો હેરોઈન ઝડપાયું છે.

# ભક્તો ઘરે બેઠા સોમનાથ મંદિરમાં પરિભ્રમણની અનુભૂતિ કરી શકશે

**સોમનાથ**

વિશ્વના કોઈપણ ખૂણેથી શ્રદ્ધાળુઓ પોતાના ઘરે બેઠાં સ્વંય સોમનાથ મંદિરમાં પરિભ્રમણ કરી રહ્યા હોવાની અનુભૂતિ કરી શકશે. કેમકે, આગામી ટૂંક સમયમાં ભારતના ૧૨ જ્યોર્તિલિંગમાંના પ્રથમ એવા સોમનાથ મંદિર ખાતે ટેક્નોલોજીનો પ્રારંભ કરાશે. જેના દ્વારા શ્રદ્ધાળુઓ એક ક્લિકથી તેમના ફોન-ટેબ્લેટ કે લેપટોપના માધ્યમ દ્વારા મંદિર પરિસરને અનોખા સ્વરૂપે જોઈ શકાશે.

આ વિશેષ ટેંક્નોલોજી બિલ્ડિંગ ઈન્ફોર્મેશન મોડલ પર આધારિત છે. જેનો ઉપયોગ સંવર્ધન અને પુનઃ સ્થાપનાની પ્રક્રિયા માટે થઈ શકે છે. આ ૩ઘ મોડલ ડિજિટલ મ્યુઝિયમ, વર્ચ્યુઅલ એક્ઝિબીશન, રિસર્ચ, ડિજિટલ પ્રમોશન અને જાળવણી માટે અતિઉપયોગી સાબિત થશે અને જો ભવિષ્યમાં જરૂર ઊભી થાય તો, આ ૩ઘપ્રિન્ટેડ મોડલથી સ્ટ્રક્ચરની પ્રતિકૃતિ સરળતાથી તૈયાર થઈ શકે છે.

આ ઉપરાંત લેટેસ્ટ ટેક્નોલોજીથી એકત્રિત કરેલા ડેટાથી ઓગમેન્ટેડરિયાલિટી સાથે માહિતીપ્રદ એપ, વર્ચુઅલરિયાલિટી આધારિત વોક થ્રુ એપ , ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ ટૂર અને હાઈ-ક્વોલિટી વિડીયો આઉટપુટ બનાવવામાં આવશે.

## અમરેલીમાં કોંગ્રેસના નેતાનો કપડાં ઉતારતો વીડિયો વારઈલ થયો

**અમરેલી**

અમરેલી જિલ્લામાં રહેતા એક કોંગી આગેવાનનો કપડા ઉતારતા વીડિયો વાઈરલ થતાં ફસાયા છે. કોંગી આગેવાન ચીટરના વિડીયો કોલમાં ફસાઈ ગયા હતા અને ન કરવાની હરકત કરી બેઠા હતા અથવા તો ચીટર દ્વારા એડીટ કરીને તેમનો ખોટો વિડીયો બનાવવામાં આવ્યો છે. જેમાં વીડિયો કોલમાં કોંગી નેતા અને યુવતી સામસામે કપડા ઊતારીને બિભત્સ હરકત કરતા હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. આ નેતા દ્વારા આ મુદ્દે સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરવામાં આવનાર હોવાનું અને તેમણે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધું હોવાનું પણ જાણવા મળ્યું હતું.

# રાજકુમાર કોલેજની પ્રતિષ્ઠાભરી ચૂંટણીમાં 5 બેઠક ઉપર ટાઈ, 2 રાજવીઓ વિજેતા

### લાઠી અને મૂળી રાજવી વિજેતા, : કુલ 27 મતદારોમાંથી 24એ મતદાન કર્યું

**રાજકોટ**

સૌરાષ્ટ્રમાં રાજવી પરિવારનાં કુંવરોનાં અભ્યાસ માટે રાજકોટમાં 154 વર્ષ પહેલા રાજવીઓએ રાજકુમાર કોલેજની સ્થાપના કરી હતી. રાજાશાહી જતી રહી પરંતુ રાજકુમાર કોલેજની પ્રતિષ્ઠા હજુ અકબંધ છે. રાજકુમાર કોલેજનાં સાત ટ્રસ્ટીઓની પ્રતિષ્ઠાભરી આજે યોજાયેલી ચૂંટણીમાં પાંચ બેઠક માટે એક સરખા મત મળતા ટાઈ પડી હતી જયારે બે બેઠક પર લાઠી અને મૂળીનાં રાજવીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

રાજકુમાર કોલેજનું સંચાલન કરતા ટ્રસ્ટની 7 બેઠક માટે ગ્રૂપ 1 માં ચાર બેઠક માટે 7 રાજવીઓ અને નોન સેલ્યુટ સ્ટેટની બી ગ્રૂપની 3 બેઠક માટે 10 રાજવીઓ વચ્ચે જંગ ખેલાયો હતો. આ ચૂંટણીનો મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. કુલ 27 માંથી ૧૯ માજી રાજવીઓએ પોસ્ટલ મતદાન કર્યુ હતુ જયારે આજે બાકીનાં 8 રાજવીઓએ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. આજે સાંજે 5 વાગ્યે મતદાન પુરૂ થઈ ગયા બાદ સાંજે બે બેઠકનું કોર્ટનાં નિર્દેશ બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યુ હતુ જયારે પાંચ બેઠક માટે ટાઈ પડતા હવે ફરી ચૂંટણી યોજવી કે નહિ તે અંગે કોર્ટનાં આદેશ બાદ નિર્ણય લેવામાં આવશે.

## સૌરાષ્ટ્રનાં ખાલી પડેલા જળાશયોમાં નવા નીરની આવક, 77 ટકા ભરાયા

**રાજકોટ**

પંદરેક દિવસ પહેલા સૌરાષ્ટ્રનાં જળાશયો ખાલી પડયા હતા પરંતુ ભાદરવો ફળ્યો છે. ભાદરવામાં મેઘરાજાની મહેરથી ભાદર સહિતનાં જળાશયોમાં નવા પાણીની જોરદાર આવક થઈ છે. સૌરાષ્ટ્રનાં મોટા 141 ડેમોમાં 77 ટકા પાણીનો જથ્થો આવતા મોટાભાગનાં વિસ્તારોનું જળ સંકટ ટળ્યુ છે જો કે દેવભૂમી દ્વારકા, મોરબી સહિત ચાર જિલ્લાનાં ડેમોમાં હજુ 50 ટકા કરતા ઓછી પાણીની આવક થઈ છે. રાજકોટને પાણી પુરૂ પાડતો અને સૌરાષ્ટ્રનો બીજા નંબરનો સૌથી મોટો ભાદર ડેમ 88 ટકા સુધી ભરાયો છે. 34 ફૂટની સપાટી ધરાવતા આ વિશાળ ડેમમાં આજે 32.25 ફૂટ સુધી સપાટી પહોંચી છે.

# મોરબી નજીક કાર અને ટ્રક વચ્ચે ભયાનક અકસ્માત : પાંચના મોત

**મોરબી**

મોરબી નજીક ટીંબડીના પાટિયા પાસે રાત્રે ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં જીજે ૩૬ એફ ૧૦૫૯ નંબરની કાર ટ્રક પાછળ ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં કાર સવાર પાંચ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.



ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા આનંદસિંગ પ્રભુરામ સેખાવત (ઉ.વ. ૩૫) રહે. ગણેશનગર, ટીંબડીના પાટિયા પાસે વાળાની સાથે તારાચંદ તેજપાલ બરાલા (ઉ.વ.૨૫), અશોક કાનારામ બિરડા (ઉ.વ. ૨૪), વિજેન્દ્રસિંગ અને અન્ય એક મળી કુલ ૫ લોકો લક્ષ્મીનગર ખાતે આવેલી આશીર્વાદ ટ્રાન્સપોર્ટથી પરત આવતા હતા. ત્યારે તેઓની કાર બંધ ટ્રક પાછળ ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

અકસ્માત થતા જ બનાવ સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આ અંગે પોલીસ અને ૧૦૮ને જાણ કરાતા પોલીસ વિભાગ અને એમ્બ્યુલન્સ તુરંત ઘટના સ્થળે પહોંચી ગયા હતા. બાદમાં કારમાંથી મૃતદેહ બહાર કાઢી હોસ્પિટલે પહોંચાડયા હતા.

# મોરબી પાલિકાના પૂર્વ પ્રમુખ, પુત્રની હત્યા કરનારા 4 આરોપીઓ ઝડપાયા

### રિમાન્ડની તજવીજ શરૂ, હત્યામાં એક તરૂણની પણ સંડોવણી ખુલી

**મોરબી**

મોરબી શહેરમાં હત્યાના સિલસિલામાં પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને તેના પુત્રની હત્યા કરી પાંચ ઈસમો ફરાર થયા હતા. જેમાં હત્યા કરનાર ચાર ઈસમોને દબોચી લેવાયા છે. તો કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર પણ હત્યામાં સામેલ હોય જેની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબીના વિસીપરા મદીના સોસાયટીમાં રહેતા પૂર્વ પાલિકા ઉપપ્રમુખ અને તેના પુત્રની બુધવારે મોડી રાત્રીના તેના જ ઘર નજીક છરી અને ઘારીયાના ઘા ઝીકી હત્યા કરવામાં આવી છે. બનાવ મામલે મૃતક ફારૂકભાઈના પત્ની રઝીયાબેન મોટલાણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેના પતિ ફારૂકભાઈ ઈબ્રાહીમભાઈ મોટલાણી અને પુત્ર ઈમ્તિયાઝ મોટલાણી ઘર પાસે હોય ત્યારે આરોપી ડાડો ઉર્ફે ડાડુ ઉર્ફે રફીક તાજમહમદ જેડા, અસગર જાક્મ ભટ્ટી, જુસબ જાક્મ ભટ્ટી, આસિફ સુમરા સહિત પાંચ ઈસમો વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધી પોલીસે તપાસ હાથ ધરી હતી.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

Brampton (West)
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, Opposite Vegetables Market.
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM

Scarborough
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY CLOSED
: SAT-SUN : 11.00 AM to 6.00 PM

Mississauga
2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045
Great Punjab Plaza, Next to Malton Gurudwara.
: Phone : 905-673-9631 647-761-1317 647-657-9631
------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com




## 2 મહિના બાદ રાજ કુંદ્રા જામીન પર છૂટયો

મુંબઇ : પોર્નોગ્રાફિક ફિલ્મ કેસમાં મુખ્ય આરોપી બિઝનેસમેન રાજ કુંદ્રાને મુંબઈની જેલમાંથી મંગળવારે મુક્તિ મળી હતી. બે મહિનાના જેલવાસ બાદ સ્થાનિક કોર્ટે જામીન મંજૂર કર્યાના બીજા દિવસે કુંદ્રાને જેલની બહાર આવવા મળ્યું હતું. આર્થર રોડ જેલમાંથી સવારે ૧૧.૩૦ વાગ્યે તેને છોડવામાં આવ્યો હોવાનું જેલ અધિકારીએ જણાવ્યું હતું. મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એસ.પી. ભાજીપલેએ કુંદ્રાને રૂ. ૫૦ હજારના બોન્ડ પર જામીન મંજૂર કર્યા હતા.



# રણબીર કપૂર આગામી ફિલ્મમાં કેમિયો કરશે



મુંબઇ : વિક્કી કૌશલ અને કિયારા અડવાણીની આવનારી ફિલ્મ મિસ્ટર લેલે હાલ ચર્ચામાં છે. આ ફિલ્મને લઇને એક અપડેટ આવ્યા છે. આ એક કોમીક થ્રિલર ફિલ્મ હશે જેમાં રણબીર કપૂર કેમિયો કરતો જોવા મળવાનો છે. એક રિપોર્ટના અનુસાર, રણબીર, વિક્કી કૌશલ, કિયારા અડવાણી અને ભૂમિ પેડનેકર એક ગીતમાં જોવા મળવાના છે. આ હીતને તનિષ્ક બાગચી અને રોચક કોહલી કમ્પોઝ કરવાના છે. ફિલ્મસર્જક પહેલાથી રણબીરને એક ગીતમાં લેવાઇચ્છતા હતા. કહેવાય છે કે, આ એક ડાન્સ નંબર છે જે બુધવારે મુંબઇના મહેબૂબ સ્ટુડિયોમાં શૂટ થવાનું છે. એકટર છેલ્લા થોડા દિવસોથી આ ગીતની પ્રેકટિસ કરી રહ્યો છે. આ સોલો ટ્રેક છે અને તેને ગણેશ આચાર્ય કોરિયોગ્રાફ કરી રહ્યો છે. રિપોર્ટમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, આ સ્પેશિયલ ડાન્સ નંબબમાં રણબીરનો સ્ટાઇલિશ મનીષ મલ્હોત્રા હશે. તેમજ તેના ડાન્સના સ્ટેપ્સ પણ જબરદસ્ત હશે.



## માતા સીતાની ભૂમિકા માટે કંગના રૂ. 32 કરોડ લેશે

કંગના રનૌત હાલ પોતી આવનારી ફિલ્મ ધ ઇનક્રેનેશન : સીતાને લઇને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તે સીતાની ભૂમિકા ભજવવાની છે.`હવે આ ફિલ્મને લઇને એક ચર્ચા એ છે કે, અભિનેત્રી આ ફિલ્મ માટે અધધધ મહેનતાણું લેવાની છે.જોકે ફિલ્મના માંધાતાઓ તેમજ અભિનેત્રીએ આ વાતની કોઇ સ્પષ્ટતા કરી નથી. મળેલી વાતને સાચી માનીએ તો, કંગના સીતાનો રોલ ભજવવા માટે રૂપિયા ૩૨ કરોડ મહેનતાણું લેવાની છે.જો આ વાત સાચી હશે તો મનોરંજનની દુનિયામાં તે પ્રથમ અભિનેત્રી હશે જે સૌથી વધુ ફી મેળવશે. જોકે ફિલ્મસર્જક કે કંગના તરફથી કોઇ ખુલાસો કરવામાં આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે, પહેલા એવી વાત હતી કે, કરીના કપૂરે આ જ રોલ માટે રૂપિયા ૧૨ કરોડની ફી માંગી હતી અને એના માટે બબાલ થયો હતો. પછીથી ફિલ્મના લેખત મનોજ મુતંશિરે દાવો કર્યો હતો કે કંગના જ આ રોલ માટે ફિલ્મસર્જકની પ્રથમ પસંદગી હતી.



## ઉર્વશી રતૌલા આગામી ફિલ્મ માટે માર્શલ આર્ટની તાલીમ લઇ રહી છે

મુંબઈ : ઉર્વશી રતૌલા ફિલ્મોમાં બહુ ઓછી જોવા મળે છે. પરંતુ તે પ્રશંસકોની અન ેદર્શકોની માનીતી અભિનેત્રી છે. તે પોતાના પાત્રને ન્યાય આપવા માટે હાલ એક વિશેષ તાલીમ લઈ રહી છે. સૂત્રના અનુસાર, ઉર્વશી રતૌલા જલદી જ એકશનથી ભરપુર એક ફિલ્મમાં કામ કરવાની છે. આ માટે અભિનેત્રી માર્શલ આર્ટની તાલીમ લઈ રહી છે. ઉર્વશીએ આ બાબતે જણાવ્યું હતુ ંકે, માર્શલ ર્ટ એક બહુ જ સરસ કલા છે. મને મારી આવનારી એકશન ફિલ્મ માટે આ નવું કૌશલ સેટ પર શીખવાનો વિચાર પસંદ આવ્યો. મારા માટે એક શાળાની તાલીમ સમાન છે. માર્શલ આર્ટ બહુ જ રસપ્રદ કલા છે. જોકે અભિનેત્રીએ આ ફિલ્મ બાબત વધુ માહિતી આપી નહોતી. તે જલદી જ એત તમિલ ફિલ્મમાં જોવા મળવાની છે. જેમાં તે એક માઈક્રોબાયોલોજિસ્ટની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત ઉર્વશી થ્રિલર ફિલ્મ બ્લેક રોજ, થિરુપ પાયલ ટુની હિંદી રીમેક અને વેબ સીરીઝ ઈન્સપેકટર અવિનાશમાં પણ જોવા મળશે.












હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## નરેન્દ્ર ગિરિના મોતની ગુથ્થી ઉકેલવા હવે સીબીઆઇની ટીમ પણ મેદાનમાં આવી ગઇ

# મહંતની આત્મહત્યા કે હત્યા? ઘૂંટાતું રહસ્ય

ભારતમાં ધર્મ સાથે સંકળાયેલા લોકોનાં કોઠાં-કબાડાં નવી વાત નથી. સોમવારે અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ મહત નરેન્દ્ર ગિરિનું રહસ્યમય સંજોગોમાં મોત થયું. એ સાથે જ લોકોને મફતનું મનોરંજન મળવાનું શરૂ થઈ ગયું. કારણ કે, મહંતના મોત માટે કોઈ આવા જ કારણો જવાબદારો હોવાનું દેશના મોટાભાગના લોકો માને છે. મહંત જે સંસ્થાના કર્તાહર્તા હતા એ અખિલ ભારતીય અખાડા પરિષદનું મુખ્યમથક અયોધ્યામાં છે. પણ નરેન્દ્ર ગિરિ થોડા દિવસોથી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આવેલા બાઘંબરી મઠમાં રહેતા હતા. સોમવારે આ મઠના રૂમમાંથી જ ગળે ફાંસો ખાધેલી હાલતમાં ગિરિની લાશ મળી. સામાન્ય સંજોગોમાં આવું થાય તો આપઘાત લાગે અને ગિરિના મૃતદેહ પાસેથી આઠ પાનાંની એક સુસાઈડ નોટ પણ મળી છે. તેના કારણે પોલીસે શરૂઆતમાં ગિરિના મોતને આપઘાત કેસ જ જાહેર કર્યું.

પરંતુ સ્યુસાઈડ નોટમાં નરેન્દ્ર ગિરિએ રજૂ કરેલા કારણોથી મોત શંકાના દાયરામાં આવી ગયું છે. ગિરિની સુસાઈડ નોટ આખે આખી તો બહાર આવી નથી પણ તેની જે છૂટક વિગતો બહાર આવી છે તેનાથી એટલું સ્પષ્ટ છે કે, મહંતને બ્લેકમેઈલ કરાતા હતા. સુસાઈડ નોટમાં નરેન્દ્ર ગિરિએ ત્રણ લોકોને પોતાના મોત માટે જવાબદાર ગણાવ્યા છે. મહંતના શિષ્ય આનંદ ગિરિ ઉપરાંત આદ્યા તિવારી અને સંદીપ તિવારીનો નામજોગ ઉલ્લેખ મહંતે કર્યો છે. આદ્યા તિવારી પ્રયાગરાજના લેટે હનુમાનજી મંદિરના મુખ્ય પૂજારી છે અને સંદીપ તિવારી આદ્યા પૂજારીનો દીકરો છે. આ ત્રણેય મળીને મહંતને કોઈક બહાને બ્લેકમેઈલ કરતા હશે એવી આશંકા છે. મહંતનું નામ મોટું હતું અને તેમના છેડા ભાજપ સુધી પહોંચતા હતા. ઉત્તર પ્રદેશમાં ભાજપની સરકાર છે અને ભાજપના નેતા છાશવારે મહંતને પાયલાગણ કરવા જતા હતા. તેથી યુપી પોલીસ પણ આ કેસમાં તમામ પાસાને ગંભીરતાથી ચકાસી રહી છે. મહંતે સુસાઈટ નોટમાં જે લોકોના નામ લખ્યા છે તે ત્રણેયને ઉઠાવીને પોલીસે જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે.

મહંત સાથે તેમના સંબંધો કેવા હતા તેનું સંશોધન પોલીસ કરી રહી છે. જો કે, પોલીસે હજુ તે વિશે નક્કર ફોડ પાડ્યો નથી. તેથી અટકળોનું બજાર ગરમ છે. બુધવારે મહંતના પાર્થિવ દેહની અત્યેષ્ઠિ કરાઈ. હવે પીએમ રીપોર્ટ નહીં આવે ત્યાં સુધી અટકળોનું બજાર તેજ રહેશે. મહંત નરેન્દ્ર ગિરિએ પોતાના મોત પહેલાં પોતાના જ મોબાઈલથી ચાર મિનિટનો એક વીડિયો પણ બનાવ્યો હતો, આ વિડીયો પણ પોલીસને હાથ લાગ્યો છે. પોલીસે





આ મોબાઈલને જપ્ત કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલી દીધો છે. તેનાં પરિણામ પણ આ કેસમાં મહત્વના પુરવાર થવાના છે. દરમિયાન ગુરુવારે આ કેસમાં યુપી સરકારે સીબીઆઈ તપાસની ભલામણ કરી અને સીબીઆઈની ટીમ દસ્તાવેજો મેળવવો પ્રયાગરાજ પણ પહોંચી હતી. બીજી તરફ મહંતના સમર્થક સાધુઓ પણ મેદાનમાં આવી ગયા છે. સાધુઓએ મહંત આપઘાત કરે જ નહીં એવી રેકર્ડ વગાડવા માંડી છે. આ કોરસ વચ્ચે મીડિયા અને સામાન્ય લોકોમાં પણ મહંતને ક્યા કારણે બ્લકમેઈલ કરાતા હતા, તેની અટકળો ચાલી રહી છે.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

મહંતની નજીકના એક સાધુએ ધડાકો કર્યો છે કે, મહંતને તો લખતાં જ નહોતું આવડતું, મહંત તો પોતાની સહી જ માંડ માંડ કરતાં શીખેલા. ત્યાં આઠ પાનાંની સુસાઈડ નોટ કઈ રીતે લખી શકે એવો સવાલ આ સાધુએ ઉઠાવ્યો છે. આ ધડાકા પછી મહંતની લખેલી સુસાઈડ નોટ જ શંકાના દાયરામાં છે.

શંકરાચાર્યે આ પરંપરા શરૂ કરી હતી. ભારત પર મુસ્લિમોનાં આકમણ શરૂ થયાં પછી સનાતન ધર્મને બચાવવા શંકરાચાર્યે મહાનિર્વાણી, તિરંજની, જૂના, અટલ, આવહાન, અગ્નિ અને આનંદ એમ સાત અખાડા બનાવ્યા હતા. ઉત્તરપ્રદેશમાં ભાજપની સરકાર આવી પછી તો અખાડા પરિષદના પ્રમુખ વીવીઆઈપી બની ગયા. યોગી આદિત્યનાથ, ઉપમુખ્યમંત્રી કૈલાસ પ્રસાદ મૌર્ય અને દિનેશ શર્મા તથા અને મોટા-મોટા પ્રધાનો અને અધિકારીઓ અખાડા પરિષદના પ્રમુખના આશીર્વાદ લેવા આવતા હતા. આ કારણે અખાડા પરિષદના પ્રમુખ બનવું એ બહુ મોટી પ્રતિષ્ઠા છે. મહંત નરેન્દ્ર ગિરિ લાંબા સમયથી આ હોદા પર હતા. તેમને ઉથલાવીને આ સાહ્યબી ભોગવવા બહુ બધા થનગનતા હતા. તેના કારણે તેમનો કાંટો કાઢી નંખાયો હોય એવી પુરી શક્યતા છે.

નરેન્દ્ર ગિરિના મોત માટે અત્યારે તેમના મુખ્ય શિષ્ય આનંદ ગિરિને જેલભેગો કરી દેવાયો છે.

**અખાડા પરિષદના પ્રમુખ બનવું એ બહુ મોટી પ્રતિષ્ઠા છે. મહંત નરેન્દ્ર ગિરિ લાંબા સમયથી આ હોદ્દા પર હતા તેથી તેમને ઉથલાવવા કેટલાક સાધુઓ થનગનતા હતા. બસ, આ જ કારણે તેમનો કાંટો કાઢી નંખાયો હોય એવી પુરેપુરી શક્યતા છે.**

મહંતના મોત પાછળ આટલી હોહા થઈ રહી છે તેનું કારણ અખિલ ભારતીય અખાડા પરિષદ અને તેનો પ્રભાવ છે. મહંત તેના પ્રમુખપદે ના હોય તો કોઈ તેમનો ભાવ પણ ન પૂછે. ભારતમાં અખાડા પરંપરા બહુ જૂની છે. છેક આઠમી સદીમાં આદિ

આનંદ ગિરિ ઓછી માયા નથી અને તેના નામે જાત જાતના જાકુબીના ધંધા બોલે છે. પોતાને ઘૂમંતુ યોગી ગણાવતા સ્વામી આનંદ ગિરિ શોખીન જીવડો છે. લક્ઝરી ગાડીઓથી માંડીને લટકાળી છોકરીઓ સુધીના બધા શોખ આનંદ ગિરિએ પાળ્યા છે. છોટે મહારાજ તરીકે જાણીતા સ્વામી આનંદગિરિ પોતાને યોગગુરુ ગણાવે છે. અને તે લક્ઝરીયસ લાઈફ જીવે છે. સ્વામી આનંદગિરિનાં સોશિયલ મીડિયા પેજ જુઓ તો કોઈ હીરોનું પેજ જોતા હોય એવું લાગે. હાલ વિવાદમાં સપડાયેલા આનંદગિરિને યુવા ભારત સાધુ સમાજના અધ્યક્ષપદેથી તાત્કાલિક દૂર કરી દેવાયા છે. આ આનંદગિરિ મહંત નરેન્દ્રગિરિનો જ એક સમયનો શિષ્ય છે.

ગયા વરસના ઓક્ટોબરમાં આનંદગિરિનો વિમાનના બિઝનેસ ક્લાસમાં બેઠો હોય એવો એક ફોટો વાયરલ થયો હતો. આ ફોટો વાઈરલ થયા પછી આનંદગિરિ દારૂ પીતો હોવાનો વિવાદ થતાં આનંદગિરિએ ગ્લાસમાં દારૂ નહિ પરંતુ એપલ જ્યૂસ હોવાની સ્પષ્ટતા કરી હતી. આનંદગિરિ સામે ઓસ્ટ્રેલિયાના સિડનીમાં યુવતીઓ સાથે રંગરેલિયાં કરવાનો કેસ પણ નોંધાયો છે. 2018માં આનંદગિરિએ એક યુવતી સાથે બેડરૂમમાં મારપીટ કરી પછી તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. કોર્ટે પછીથી તેને નિર્દોષ છોડી મૂક્યો હતો. પણ આ કેસમાં આનંદાગિરિ અને તેમના ગુરુ મહંત નરેન્દ્રગીરિ સામસામે આવી ગયા હતા. આનંદગિરિએ આક્ષેપ મૂક્યો હતો કે, તેને છોડાવવાના નામે નરેન્દ્ર ગિરિએ હિંદુવાદી ધનિકો પાસેથી 4 કરોડ રૂપિયા ઉઘરાવી લીધા હતા. આ મામલે પણ બંને વચ્ચે ડખો ચાલતો હતો. તેથી આનંદ ગિરિએ મહંતને પતાવી દીધા હોય એ એક શકયતા પણ હાલ સેવાય રહી છે. મહંત નરેન્દ્રનાથ ગિરિના કિસ્સામાં શું બહાર આવશે એ તો આવનાર સમય જ બતાવશે. પરંતુ આ ઘટનાથી ભારતમાં ધર્મના નામે કેટલાક સંગઠનો દુકાન ચલાવી રહ્યા છે અને બધુ સમુસુતરુ નથી તે ચોક્કસ છે તેમ કહી શકાય છે. હાલ મહંતની હત્યા કે તેણે કોઈના ત્રાસથી કે બ્લેકમેઈલિંગથી આપઘાત કરવો પડ્યો હોય તે વચ્ચે વાત અટવાયેલી છે.

નરેન્દ્ર ગિરિના શંકાસ્પદ મોતના કેસમાં પોલીસે તેમના શિપ્ય આનંદ ગિરિની ધરપકડ કરી લીધી છે અને આનંદ ગિરિ સામે પ્રયાગરાજમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ કોઈ કેસમાં આટલી ઝડપથી વર્તતી નથી. પણ આ કેસમાં ફટાફટ ધરપકડ કરી તેના પરતી જ સ્પષ્ટ છે કે, યુપી સરકાર દોડતી થઈ છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મહંતના પાર્થિવ દેહનાં દર્શન કરવા પહોંચ્યા તેના પરથી પણ આ બાબત સ્પષ્ટ થાય છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સ્વતંત્ર દેવ સિંહે પણ નરેન્દ્ર ગિરિના અંતિમ દર્શન કર્યા અને બીજા પણ ઘણા ટોચના નેતા અંતિમ દર્શને પહોંચ્યા હતા.

# રજનીકાંતના ફેન ગિરીશ માતૃભૂતમે ૫૦૦ કર્મચારીને કરોડપતિ બનાવ્યા

**ચેન્નાઈ**

બિઝનેસ સોફ્ટવેર ફર્મ ફ્રેશવર્ક્સ ઈન્કે બુધવારે અમેરિકાના શેરબજાર નાસ્ડેક પર ધમાકેદાર એન્ટ્રી કરી છે. તેની સાથોસાથ આ કંપનીએ પોતાના ૫૦૦ કર્મચારીઓને કરોડપતિ બનાવી દીધા છે, જેમાંથી ૬૯ કર્મચારીઓ તો ૩૦ વર્ષથી નીચેની વયના છે. નોંધનીય છે કે, આ કંપની નાસ્ડેક ઉપર લિસ્ટ થયેલી ભારતની પ્રથમ સોફ્ટવેર એજ સર્વિસ અને યુનિકોર્ન કંપની છે. ગિરીશ માતૃભૂતમની આ કંપનીના શેરે બુધવારે ન્યૂયોર્કમાં નાસ્ડેક પર શેરની મૂળ કિંમત પર ૨૧ ટકા પ્રીમિયમ સાથે એન્ટ્રી કરી હતી અને વધીને ૩૨ ટકાના ઉછાળા સાથે શેરદીઠ ૪૭.૫૫ ડોલરની કિંમત ઉપર બંધ નોંધાયો હતો, આ કિંમત પર કંપનીનું બજાર મૂલ્ય ૧૩ અબજ ડોલર થાય છે જો કે, એમ્પ્લોઈ સ્ટોક ઓપ્શન અને રિસ્ટ્રિક્ટેડ સ્ટોક યુનિટ્સને પણ ગણીએ તો કંપનીનું કુલ બજાર મૂલ્ય ૧૪ અબજ ડોલર ઉપર પહોંચી ગયું છે. કંપનીએ શેરદીઠ ૩૬ ડોલરની કિંમતે ૨.૮૫ કરોડ શેરનું વેચાણ કર્યું અત્રે નોંધનીય છે કે, ૨૦૧૯ના ફંડિંગ રાઉન્ડ સમયે આ કંપનીનું મૂલ્ય ૩.૫ અબજ ડોલર મૂકવામાં આવ્યું હતું. મંગળવારે ફ્રેશવર્ક્સએ શેરદીઠ ૩૬ ડોલરની કિંમતે ૨.૮૫ કરોડ શેરનું વેચાણ કર્યું હતું. પાછલા વર્ષે કંપનીની આવકમાં ૪૦ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કંપની હવે ૫૨,૫૦૦ ગ્રાહકો સાથે આ વર્ષના પ્રથમ છ મહિનામાં ૧૬.૯ કરોડ ડોલરની આવક ધરાવે છે.






# વેકસીન પાસપોર્ટ જ બીજા લોકડાઉનથી ઓન્ટેરિયોને બચાવવાનો વિકલ્પ : ડગ ફોર્ડ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોના પ્રિમિયર ડગ ફોર્ડે ઓન્ટેરિયોમાં કોવિડ-૧૯ વેકસીન સર્ટીફિકેટનું લોન્ચીંગ કરતી વખતે કહ્યું હતું કે, આ પધ્ધતિ ઓન્ટેરિયોને બીજા લોકડાઉનથી બચાવવા માટે આવશ્યક છે. બુધવારે સવારે પત્રકાર પરિષદને સંબોધન કરતાં ફોર્ડ કહ્યું હતું કે, વેકસીન સર્ટીફિકેટની સિસ્ટમ હવે અમલમાં મુકાઈ ગઈ છે. એ કંઈ મહામારીનો ઉકેલ નથી. માત્ર કામચલાઉ વ્યવસ્થા જ છે. સંક્રમણને ખાળવા માટેના પ્રયાસો ચાલતા રહેશે. ઓન્ટેરિયોમાં વેકસીન સર્ટીફિકેટ સિસ્ટમની જરૂર ડાઈન ઈન રેસ્ટોરાં, નાઈટ કલ્બ, સિનેમાઘરો, જીમ અને સ્પોર્ટસ ફેસિલીટીઝ માટે જ છે. જયાં જનારા લોકોએ વેકસીનેશનના પુરાવાઓ આપવા પડશે. આ સર્ટીફિકેટસ જ આવનારા



**ઓન્ટેરિયોમાં કોવિડ-19 વેકસીન સર્ટીફિકેટનું લોન્ચીંગનો કાર્યક્રમ યોજાયો**

લોકડાઉનના ખતરાથી બચવા માટેનો સારામાં સારો વિકલ્પ છે. એ પણ સાચું છે કે, આ માત્ર કામચલાઉ ગોઠવણ છે. ઓન્ટેરિયોમાં ૧૨ વર્ષથી વધુ વયના ૮૫ ટકા લોકોને વેકસીનનો પહેલો ડોઝ અપાઈ ચુકયો છે અને ૭૯ ટકાને બંને ડોઝ અપાયા છે. ફોર્ડે એમ પણ કહ્યું હતું કે, પહેલા તો એ પણ વેકસીન સર્ટીફિકેટ સિસ્ટમના અમલ માટે ખંચકાતા હતા. પણ હેલ્થ એક્ષપર્ટસ સાથેની ચર્ચા વિચારણા બાદ આ પગલું આવશ્યક હોવાનું એમને લાગ્યું હતું અને લોકોના આરોગ્યની સલામતી માટે જ આ પગલું લેવામાં આવ્યું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, હવે આપણને ફરીથી લોકડાઉન પોસાય એમ નથી. બીજા પ્રાંતોમાં કેસ વધ-ઘટ થતા રહે છે. આપણે એનાથી બચવાનું છે.

પ્રાંતના અધિકારીઓ કહે છે કે જેમને તબીબી કારણોસર છૂટછાટ જોઈતી હોય તેમણે ડોકટરની ભલામણ રજુ કરવી પડશે. જો એમ કરવામાં નિષ્ફળ જાય તો દંડની જોગવાઈ પણ છે. આ એવો સમય છે જયારે આપણે અન્ય વ્યવસાયો વિશે પણ વિચારવાની જરૂર છે. કેમ કે તેમની જરૂર પણ આપણને ફ્રંટલાઈન વર્કર્સ જેટલી જ છે.

# થાણેમાં 15 વર્ષની કિશોરી પર 29 યુવકો દ્વારા બળાત્કારથી સનસની

## પોલીસે ખાસ ટીમ બનાવી બે સગીર સહિત 23 યુવકને પકડી પાડ્યા

**પુના**

મુંબઈને અડીને આવેલા થાણે જિલ્લામાં 15 વર્ષની સગીર છોકરીએ 9 મહિનાના ગાળામાં 29 યુવકો પર પોતાની ઉપર બળાત્કાર કરવાનો આરોપ લગાવ્યો છે. થાણેના એડિશનલ સીપી દત્તાત્રેય કરાલેએ જણાવ્યું હતું કે સગીર પીડિતાની ફરિયાદ મળ્યા બાદ એક ખાસ ટીમ બનાવીને 23 છોકરાઓની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા બે છોકરા સગીર છે.

બાકીના આરોપીઓની શોધખોળ ચાલુ છે. આરોપી અને પીડિતા એક જ જગ્યાના રહેવાસી છે. સગીર છોકરીનો પહેલો અશ્લીલ વીડિયો તેના પ્રેમીએ જાન્યુઆરીમાં બનાવ્યો હતો. ત્યારબાદ તે વીડિયોના આધારે આરોપી સગીર પર બ્લેકમેલ કરીને બળાત્કાર કરતો રહ્યો. આરોપીએ એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું હતું. તે ગ્રુપમાં લગભગ તમામ આરોપીઓ સામેલ હતા, જે ડોમ્બિવલી, બદલાપુર, રાબાલે અને મુરબાડ શહેરોના રહેવાસી છે. આ લોકો સગીર પર જુદી જુદી જગ્યાએ લઈ જઈ તેના પર બળાત્કાર કરતા હતા. પકડાયેલા આરોપીઓમાં એક રાજકીય પક્ષ સાથે પણ સંકળાયેલો હોવાનું કહેવાય છે.

નોંધનિય વાત એ છે કે દેશમાં બળાત્કારની ઘટનાઓ ઘટવાનું નામ નથી લઈ રહી. નવજાત બાળકીથી લઈને વૃદ્ધા સુધી તેનો શિકાર બની રહી છે. સરકારો કડક કાયદા અને સજાની વાત કરે છે પરંતુ ઘટનાઓ અટકતી નથી.

# પાકિસ્તાનની તાલિબાનને ચેતવણી જો વાત નહીં માને તો થશે ગૃહયુદ્ધ

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને ફરી એકવાર તાલિબાનને અફઘાનિસ્તાનમાં સમાવેશી સરકાર અંગે ચેતવણી આપી છે. ઈમરાન ખાને થોડા સમય પહેલા કહ્યું હતું કે, અફઘાનિસ્તાનમાં સરકાર બનાવનાર તાલિબાન માટે જરૂરી છે કે આ સંગઠન અફઘાનિસ્તાનના લઘુમતીઓને સાથે લઈ જાય અને સમાવેશી સરકાર અને સમાજનું નિર્માણ કરે. જે બાદ તાલિબાને ઈમરાન ખાનના નિવેદન અંગે તીખી પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે કોઈ પણ દેશને તાલિબાનને સમજાવવાનો અધિકાર નથી કે અમારે સરકાર કેવી રીતે ચલાવવી.

**ઈમરાનખાનના નિવેદન બાદ તાલીબાને પણ વળતો પ્રહાર કરતા સ્થિતિ વણસવાના એંધાણ**

ઈમરાન ખાને ચેતવણી આપી હતી કે જો તાલિબાન અફઘાનિસ્તાનમાં સમાવેશી સરકાર રચવામાં નિષ્ફળ જશે તો આ દેશમાં ગૃહયુદ્ધની સંભાવના નોંધપાત્ર રીતે વધી શકે છે. તેમણે કહ્યું કે જો તાલિબાન બધા સાથે વધુ વિકાસની વાત ન કરે તો ધીરે ધીરે તે ગૃહયુદ્ધ તરફ દોરી શકે છે અને જો તેઓ તમામ પક્ષોને સાથે ન લે તો પાકિસ્તાન પર પણ તેની મોટી અસર પડી શકે છે.

ઈમરાન ખાને કહ્યું કે, તેમની સૌથી મોટી ચિંતા એ છે કે જો અફઘાનિસ્તાનમાં ગૃહયુદ્ધ થશે તો માનવતાવાદી અને શરણાર્થી સંકટમાં ભારે વધારો થશે. આ સિવાય તેમને એવો પણ ડર છે કે ગૃહયુદ્ધની સ્થિતિમાં અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદ માટે પણ થઈ શકે છે.

નોંધનીય છે કે 1996થી 2001 વચ્ચે તાલિબાનના પ્રથમ કાર્યકાળ દરમિયાન પાકિસ્તાન તાલિબાનનું મહત્વનું સાથી હતું. જોકે અફઘાનિસ્તાનમાં તાલિબાનના બીજા કાર્યકાળ દરમિયાન પાકિસ્તાને હજુ સુધી આ સંગઠનને માન્યતા આપી નથી. ઈમરાન ખાને બીબીસી સાથેની વાતચીતમાં કહ્યું કે તાલિબાનની માન્યતા ત્રણ કારણો પર આધારિત છે. તેમણે કહ્યું કે અમે બધાએ SCO માં નક્કી કર્યું હતું કે અમે સામૂહિક રીતે તાલિબાનને ઓળખવાનો નિર્ણય કરીશું.

# ગુજરાતી સિનિ. સમાજ ઓફ મિસીસાગા દ્વારા વૉકેથૉન તેમજ પીકનીક યોજાઈ





**મિસીસાગા**

ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગા દ્વારા તા.12-9-2021નાં રવિવારે ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશનના ઉદઘાટન નિમિત્તે સવારે 8.30થી 11 વાગ્યુ સુધી વૉકેથૉન અને ત્યારબાદ 11થી 4 વાગ્યા સુધી પિકનિકનું આયોજન કરાયું હતુ. સભ્યોએ મિત્ર પરિવાર સાથે પોતાના નામનું રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. મિસીસાગા વેલી પાર્ક સાઈટ A + B 1275 મિસીસાગા વેલી બુલીવર્ડ ખાતેથી વોકેથોન પહેલા ફંડ રેઝિંગ કમિટીના પ્રમુખ કલાબેન પટેલ, કનુભાઈ પટેલ, દિલીપભાઈ પટેલ, હેલ્થ પાર્ટનરના Delon D'sa તથા ડૉ. આકાશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ GSSMને બિરદાવ્યુ હતુ. વૉકેથૉન માટે 110 સભ્ય રજીસ્ટર થયા હતા.

**નોંધાયેલા 110 પૈકી 90 સભ્યોએ વોકેથોનમાં ભાગ લીધો, કાર્યક્રમને અંતે એકત્ર રકમ હોસ્પિટલને દાનમાં અપાઈ**

જેમાંથી 90 સભ્યોએ વૉક લીધો હતો. કનુભાઈ પટેલ, શ્રીકાન્તભાઈ ભારતી ગાંધીએ રેફલ ગેમ રમાડી તથા લકી ડ્રૉમાં ઈનામ આપવામાં આવ્યા હતા. રેફલની ભેગી થયેલી રકમ હૉસ્પિટલનાં ફાળામાં જમા કરાવાઈ હતી. બાદમાં સૌ વિંગો ગેમ રમ્યા હતા. ટ્રિલિયમ હોસ્પિટલને સંસ્થાએ પહેલા 42000 ડોનેશન આપ્યુ હતુ અને આજે 17000નું ડોનેશન આપ્યું હતુ. કાર્યને સફળ બનાવવા બે મહિનાથી પ્રમુખ કલાબેન પટેલ, દિલીપભાઈ પટેલ, કનુબાઈ પટેલે તૈયારી કરી હતી. દિલીપભાઈ પટેલને વૉકેથૉનની તૈયારી માટે અંબાલિકા નરેશ, સુરેન્દ્રભાઈ સોમૈયા, જેમિની પટેલ, લતિકા અમિન, નલિનીબેન પટેલ, અલકાબેન જોગી, અનોખી પટેલ, અંશુ પટેલ, ધરિતા ગાંધી, રચનાબેન પટેલ વગેરેએ સહયોગ આપ્યો હતો.

# શું છે પિતૃદોષ? નિવારણ માટે જાણો ઉપાયો

જન્મકુંડળીનું નવમું ઘર જેને પિતાના સ્થાન તરીકે ઓળખવામાં આવે છે. આ સ્થાન પિતાનાં સુખ, આયુષ્ય તથા સમૃદ્ધિનું કારક હોય છે સાથે વ્યક્તિનું ભાગ્ય, ઉન્નતિ અને ધર્મસંબંધી બાબતો જણાવે છે. સૂર્ય પિતાનો કારક ગ્રહ છે તથા વ્યક્તિની ઉન્નતિ વગેરે તેના પ્રભાવમાં આવતાં ક્ષેત્ર છે. સૂર્યની સાથે જો રાહુ જેવા પાપગ્રહ આવી જાય તો ગ્રહણ યોગ બને છે, તેથી વ્યક્તિને અનેક પ્રકારનાં કષ્ટો થાય છે. તેના ભાગ્યોદયમાં બાધા આવે છે. તેને કાર્યક્ષેત્રમાં પણ સંકટોનો સામનો કરવો પડે છે. સરળ રીતે સમજીએ તો જન્મકુંડળીના નવમા ઘરમાં સૂર્ય અને રાહુ ગ્રહ હોય તો તેને પિતૃદોષ કહેવામાં આવે છે. એવું પણ માનવામાં આવે છે કે પૂર્વજન્મનાં પાપોના કારણે અથવા પિતૃઓના શાપને કારણે આ દોષ લાગે છે.

## પિતૃદોષ નિવારણના ઉપાય

- દરેક મહિનાની અમાસે એક બ્રાહ્મણને ભોજન કરાવવાથી તથા વસ્ત્ર-દક્ષિણા ભેટ આપવાથી પિતૃદોષમાં શાંતિ મળે છે.
- પવિત્ર સ્થાન પર જઈને નારાયણ-નાગબલિની વિધિ કર્મકાંડી બ્રાહ્મણ પાસે કરાવવી જોઈએ.
- દાદા, પિતા, કાકા, મોટાભાઈ વગેરેનો આદર કરવાથી, તેમનાં ચરણસ્પર્શ કરવાથી કુંડળીમાં સૂર્ય મજબૂત થાય છે અને પિતૃદોષ ઓછો થાય છે.
- સૂર્ય એ પિતાનો કારક ગ્રહ છે, તેથી તેની સાનુકૂળતા મેળવવા માણેક રત્ન ધારણ કરવું.
- સૂર્યોદયના સમયે સૂર્ય દેવતાને પ્રણામ કરી ગાયત્રી મંત્રનો જપ કરવાથી સૂર્ય બળવાન બને છે.

## રાશિ અનુસાર પિતૃદોષના ઉપાયો

**મેષ :** પીપળાના વૃક્ષને સવારે જળ સીંચવું તથા સાંજે દીવો કરવો.

**વૃષભ :** નવદુર્ગાનું પૂજન કરો તથા કુંવારી કન્યાઓને ખીર ખવડાવવી.

**મિથુન :** કોઈ ગરીબ કન્યાના વિવાહમાં કે તે બીમાર હોય ત્યારે યથાશક્તિ મદદ કરવી.

**કર્ક :** દૂધ તથા અડદમાંથી બનેલી વાનગીનું દાન કરવું.

**સિંહ :** અન્ન અથવા પલંગનું દાન કરવું.

**કન્યા :** શિવપૂજન કરવું અથવા ગીતાનો પાઠ કરવો.

**તુલા :** સિંદૂર, તલ તેલ તથા અડદનું ગરીબને દાન કરવું.

**વૃશ્ચિક :** કમળનું ફૂલ તથા ગૂગળની આહુતિ આપીને હવન કરો.

**ધન :** કુળદેવતાની પૂજા-અર્ચના કરવી જોઈએ.

**મકર :** રુદ્ર પૂજન અથવા શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ કરવો.

**કુંભ :** પિતૃતર્પણ તથા ગીતા પાઠ કરો.

**મીન :** ભગવાન ગણેશ અથવા હનુમાનજી અથવા ભૈરવજીનો પાઠ કરો.

## પિતૃઓના તર્પણ માટે આ તીર્થસ્થાનોએ જઈને કરો શ્રાદ્ધ

### બોધિગયા

બોધિગયા પ્રસિદ્ધ, પવિત્ર તીર્થસ્થાન છે. જ્યાં પૂર્વજોનું પિંડદાન કરવામાં આવે છે. તે બિહાર રાજ્યમાં ફલ્ગુ નદીના કિનારે મગધ ક્ષેત્રમાં આવેલું છે. બોધિગયાને વિષ્ણુનગરી પણ કહે છે. અહીં અક્ષયવટ સ્થાન છે જ્યાં પિતૃઓ નિમિત્તે કરવામાં આવેલું દાન અક્ષય હોય છે. પિતૃગણ એવી આશા રાખતા હોય છે કે તેઓ ગયામાં પિંડદાન કરે અને પિતૃઋણમાંથી મુક્ત બને.



### નાભિગયા અથવા વૈતરણી

ઓરિસામાં વૈતરણી નદીના કિનારે જાજપુરમાં નાભિગયા આવેલું છે. વૈતરણી નદી વિશે પુરાણોમાં કહેવાયું છે કે મૃત્યુ બાદ દરેક વ્યક્તિએ આ નદીને પાર કરવી જ પડે છે. જો વ્યક્તિએ પોતાના જીવનમાં શુભ કર્મ કર્યાં હોય તો તે આ નદીને સરળતાથી પાર કરી શકે છે. આ સ્થાન પર પિતૃતર્પણ, પૂજા કરીને આપણા પૂર્વજોને આ નદી પાર કરાવી શકીએ છીએ.

### પદગયા અથવા પીઠાપુર

તમિલનાડુ રાજ્યમાં પીઠાપુરમાં રાજમંદિર સ્ટેશન પાસે આ સ્થાન આવેલું છે. અહીં પિતૃતર્પણની વિધિ કરાવવાથી પિતૃઋણમાંથી મુક્તિ મળે છે.

### માતૃગયા અથવા સિદ્ધપુર

માતૃગયા ગુજરાત રાજ્યમાં મહેસાણા નજીક આવેલું છે. એવું કહેવાય છે કે ભગવાન પરશુરામે પોતાની માતાનું પિંડદાન અહીં કર્યું હતું. અહીંના બિંદુ સરોવરના કિનારે પિંડદાન તથા પૂજન કરવામાં આવે છે. આ સિવાય ભરૂચ પાસે આવેલા ચાણોદને પિતૃતર્પણ માટે શ્રેષ્ઠ સ્થળ માનવામાં આવે છે.

### બદરીનાથ

હિમાલયના પહાડોમાં બદરીનાથ નજીક એક શિલા આવેલી છે જેનું નામ બ્રહ્મકપાલી છે, એવું કહેવામાં આવે છે કે અહીં પિંડદાન તથા શ્રાદ્ધ કરવામાં આવે તો ફરીથી શ્રાદ્ધ કરવાની કોઈ જરૂરિયાત રહેતી નથી.

### શ્રાદ્ધ કેવી રીતે કરશો?

ભારતમાં કોઈપણ પવિત્ર તીર્થ પર જઈને પિતૃની તિથિએ વિદ્વાન બ્રાહ્મણ દ્વારા કર્મકાંડ કરીને સૌથી પહેલાં તીર્થના દેવતા, સમસ્ત ઋષિ-મુનિઓનું પૂજન કરી પિતૃઓ માટે શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરો. ઉત્તર તથા દક્ષિણ દિશામાં ક્રમશઃ દેવ,ઋષિ, યમ, પિતૃ વગેરેનું તર્પણ વૈદિક નીતિ-નિયમ શાંતચિત્તે કરવું જોઈએ.

# પાસવર્ડ વિના માઈક્રોસોફ્ટ એકાઉન્ટમાં લોગીન?

માઈક્રોસોફ્ટે ગત અઠવાડિયે એક નવી પાસવર્ડ વગરની પદ્ધતિની જાહેરાત કરી છે. જે વપરાશકર્તાઓને માઈક્રોસોફ્ટ ઓથેન્ટિકેટર, વિન્ડોઝ હેલો, સિક્યુરિટી કી અથવા એસએમએસ અથવા ઈમેઈલ દ્વારા મોકલવામાં આવેલા વેરિફિકેશન કોડનો ઉપયોગ કરીને પાસવર્ડ વિના તેમના એકાઉન્ટ્સને એક્સેસ કરવાની મંજૂરી આપે છે.

માઈક્રોસોફ્ટના કોર્પોરેટ વાઈસ પ્રેસિડેન્ટ વાસુ જક્કલ જણાવે છે કે, આપણે સેટ કરેલા પાસવર્ડ કરતા ઓટો જનરેટ થયેલા પાસવર્ડને યાદ રાખવા લગભગ અશક્ય છે. પરંતુ, પાસવર્ડની નબળાઈને જોતા હાલના વર્ષોમાં પાસવર્ડ પર સિક્યુરીટી વધારવી ખુબ જ જટિલ બની ગઈ છે. આજ ના સમયમાં પણ લોકો પોતાના પાસવર્ડમાં આલ્ફાબેટ, નંબર અને સિમ્બોલનો ઉપયોગ કરતા નથી. જેથી યુઝર્સના એકાઉન્ટની સિક્યુરીટી નબળી પડે છે. આ બાબતને ધ્યાન માં રાખીને માઈક્રોસોફ્ટ પોતાના યુઝર્સને પાસવર્ડ વગરની પદ્ધતિથી લોગીન કરવાની સગવડ આપશે. વધુ માં તે જણાવે છે કે એકાઉન્ટ બનાવવા કરતા પાસવર્ડ સેટ કરવા, યાદ રાખવા અને તેને મેનેજ કરવા આજના સમયમાં અસુવિધાભર્યું કાર્ય છે.

માઈક્રોસોફ્ટ જણાવે છે કે, સૌથી વધુ ખતરો એવા એકાઉન્ટ પર છે જેમના પાસવર્ડ નબળા છે. નબળા પાસવર્ડને કારણે એન્ટરપ્રાઈઝ અને અન્ય યુઝર્સના એકાઉન્ટ પર દર સેકન્ડમાં 579 થી વધુ પાસવર્ડ એટેક




થાય છે જે દર વર્ષે 18 બિલિયનથી પણ વધુ છે.

એકાઉન્ટ બનાવવાની સાથે પાસવર્ડ રાખવો જરૂરી છે. પરંતુ તે માત્ર એકાઉન્ટને સુરક્ષિત રાખવા જ નહિ પણ સરળતાથી યાદ રહી જાય તેવો હોવો જોઈએ. યુઝર્સે પાસવર્ડ એટેકથી બચવા અલગ એકાઉન્ટ માટે અલગ પાસવર્ડ રાખવો જરૂરી છે. 85% લોકો પાસવર્ડ માટે તેમના પેટ નેમ, સરનેમ અને જન્મદિવસ જેવી મહત્વની તારીખોનો ઉપયોગ કરે છે. જેમાં લોકો તેમના બેન્કિંગ પાસવર્ડ આ રીતે સેટ કરે છે, જેમ કે Fall2021, Winter2021 અથવા Spring2022.


પાસવર્ડ ને બદલે OTP થી લોગીન થવું ખુબ સરળ છે. જયારે કોર્પોરેટ કંપની અથવા બેન્કિંગમાં બાયોમેટ્રિક્સ ડિવાઈસની મદદથી લોગીન થવું ખુબ સરળ બને છે. આ જ રીતે માઈક્રોસોફ્ટ યુઝર્સ પણ પોતાના એકાઉન્ટમાં એડવાન્સ સિક્યુરીટી વિકલ્પમાં "પાસવર્ડલેસ એકાઉન્ટ" સેટિંગને ઓન (એનેબલ) કરીને આ સુવિધાનો લાભ માઈક્રોસોફ્ટની સર્વિસ જેવી કે Microsoft 365, Teams, Outlook, OneDrive અને ફેમિલી સેફ્ટી પર લઈ શકે છે.

@beinghumanmj

**કવયિત્રી : હિના મોદી**
**શીર્ષક : સંભવામિ યુગે યુગે**

સંભવામિ યુગે યુગેનું વચન આપી<br>
ક્યાં છુપાયો ?<br>
હે કૃષ્ણ મુરારિ...!<br>
આયખું આખું વાટ નીરખતી, હવે,<br>
હું ગઈ હારી...<br>
કસોટીની એરણે<br>
ઘણીએ દીધી બલિહારી,<br>
ગલીએ-ગલીએ , કુંજે- કુંજે<br>
ભટકું હું...<br>
બની બાવરી ...<br>
તું વસે મારે અંતર ને,<br>
ધબકે મારાં શ્વાસ.<br>
મનમાં છે શ્રદ્ધા ને,<br>
અડગ વિશ્વાસ.<br>
થનગન થનગન<br>
હૈયું મારું હરખે ને,<br>
વરસે અશ્રુધાર ,<br>
કો'ક દિ' તો આવશે<br>
હરિવર મારે દ્વાર.<br>
ધ્યાન રાખજે હે કૃષ્ણ મુરારી!<br>
આપ્યું છે તે વચન -<br>
સંભવામિ યુગે યુગે<br>
સંભવામિ યુગે યુગે<br>
સંભવામિ યુગે યુગે

# લિપસ્ટિક લગાવવાની ટેક્નિકથી હોઠને મળશે આકર્ષક લુક



લિપસ્ટિક લગાવીને સોફ્ટ લુક મેળવવા ઇચ્છતા હોવ તો આ ટિપ્સ અપનાવો. લિપસ્ટિક લગાવતાં પહેલાં હોઠ પર લિપ બામ લગાવી દો. તમારી મનગમતી લિપસ્ટિકનો શેડ્સ કાઢો. તે બુલેટ હોય કે લિક્વિડ લિપસ્ટિકને સીધા જ હોઠ પર સ્વાઇપ ન કરો. પહેલાં હોઠની વચ્ચે બ્રશની મદદથી લીટી દોરી લો અથવા ડોટ ડોટ કરો. પછી સોફ્ટ અને બ્લરી લુક માટે આંગળીઓથી થપથપાવો. આ ટિપ અલગ અલગ શેડ્સની લિપસ્ટિકને મિક્સ મેચ કરીને લગાવવા માટે પણ ઉપયોગી થશે. હોઠને ઉપસેલા બતાવવા અને ડિફાઇન લુક માટે લિપ લાઇનરની મદદથી લિપ્સને આઉટલાઇન કરો અને પછી બ્રશની મદદથી સારી રીતે મિક્સ કરો. મેકઅપ આર્ટિસ્ટ હંમેશાં આ ટ્રિકનો ઉપયોગ કરે છે. શરૂઆતમાં વાર લાગશે પણ પછી ફાવટ આવી જશે. સોફ્ટ લુક માટે લાઇટ શેડ્સની લિપસ્ટિકનો ઉપયોગ કરો.

સારી રીતે ડિફાઇન લિપ્સ માટે સૌથી પહેલાં લિપ પેન્સિલની મદદથી આઉટલાઇન કરી લો. પછી લિપ બ્રશનો ઉપયોગ કરી તેને ભરો. તમે જો ધ્યાન આપ્યું હશે તો સમજી જશો કે ઇન્સ્ટાગ્રામ ઇન્ફ્લુએન્સર્સ અને સેલેબ્સ બોલ્ડ લુકિંગ માટે લિપ લાઇનરનો ઉપયોગ કરે છે. તમારા હોઠ પાતળા હોય તો લિપ લાઇનરને લિપની બહારની સાઇડથી લગાવો. વધારે ઉપરથી લિપ લાઇનર પણ ન લગાવવું નહીં તો હોઠ સુંદર લાગવાને બદલે ખરાબ લાગશે. એ પછી લિપ બ્રશ લો અને બ્રિસલ્સ પર તમારી મનગમતી લિપસ્ટિક પિગમેન્ટ લગાવીને હળવેકથી હોઠ ભરો. હોઠ ભરતી વખતે ધ્યાનમાં રાખો કે એકસમાન રીતે લગાવાઈ હોય. બોલ્ડ લુક માટે ડાર્ક રંગની લિપસ્ટિક લગાવવાનું પસંદ કરો.

# હવે વિધાનસભા માટે પણ નો રિપીટ થિયરી

## સત્તા છોડવી પડી તેવા પૂર્વ મંત્રીઓ પૈકી 70 ટકાને ચૂંટણી લડવા નહીં મળે તેવા નિર્દેશ

**ગાંધીનગર**

ગુજરાત ભાજપના પ્રદેશ નેતાઓ હાઈકમાન્ડની સૂચના પ્રમાણે હવે ચૂંટણી મોડમાં આવી ચૂક્યાં છે. પાર્ટીના સૂત્રો કહે છે કે રૂપાણી સરકારના જે મંત્રીઓને પડતા મૂકવામાં આવ્યા છે તે પૈકી માત્ર ૭૦ ટકાને પાર્ટી ટિકીટ નહીં આપે. સરકારમાં જે રીતે પરિવર્તન થયું છે તેવું પરિવર્તન વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી માટે થઈ શકે છે.

માત્ર ગુજરાત જ નહીં, પાર્ટીએ જે રાજ્યોમાં મુખ્યમંત્રી બદલ્યા છે ત્યાં વર્તમાન ધારાસભ્યો પૈકી ૬૦ ટકાને ફરીથી ટિકીટ મળવાની શક્યતા ધૂંધળી બની છે. પાર્ટીના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે ૨૦૨૨માં પંજાબ, મણીપુર, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, ગોવા, ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ભાજપની સરકારમાં જેમ મંત્રીઓ માટે રિપોર્ટ કાર્ડ છે તેવું રિપોર્ટ કાર્ડ ધારાસભ્યો માટે પણ લાગુ કરવામાં આવી રહ્યું છે. આ રાજ્યોમાં સત્તા વિરોધી લહેર એટલે કે એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર ભાજપ માટે ચિંતાનો વિષય છે. દેશના સાત રાજ્યો પૈકી ભાજપને ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં કોઈપણ સંજોગોમાં સત્તા જોઈએ છે. આ બન્ને રાજ્યોમાં પાર્ટીને ખબર છે કે કોંગ્રેસ પાર્ટી નામશેષ છે તેમ છતાં તેના માટે હાઈકમાન્ડ કોઈ રિસ્ક લેવા માગતું નથી.

દરમિયાન ગુજરાતમાં નવી સરકાર આવી છે. જૂની રૂપાણી સરકારે લીધેલા નિર્ણયો ધીમે ધીમે બદલાઈ રહ્યાં છે. આજે કેબિનેટમાં મુખ્યમંત્રીએ મંત્રીઓ અને અધિકારીઓને ઓફિસમાં હાજર રહેવાની જે સૂચના આપી છે તેવી સૂચના અગાઉની સરકારમાં ક્યારેય આપવામાં આવી નથી. રૂપાણીની સરકારમાં કેબિનેટના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સંસદસભ્યો અને ધારાસભ્યોના કામ કરતા ન હતા, તેમના અપમાન થતાં હતા. તેમને બેસાડી રાખવામાં આવતા હતા તેવી ફરિયાદો હાઈકમાન્ડ સુધી થઈ હતી. જ્યારે ફરિયાદ ઉભી થાય ત્યારે સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સચિવાલયના વિભાગોને લેખિતમાં આદેશ કરવામાં આવતો હતો પરંતુ કેબિનેટની બેઠકમાં આવી ચર્ચા ભાગ્યે જ થઈ હશે.


કલાસીફાઈડ / Classified

MANAGER REQUIRED FOR MOTEL
Manager Required for 29 rooms **Motel** in Toronto. Or **Motel** can be given on lease to operate. Accommodation will be provided
Contact: Ken Patel : 416-931-2434


## સુરતમાં કોવિડ હોસ્પિટલમાં દાખલ ચાર દર્દીનાં એક જ દિવસમાં મૃત્યુ

સુરત : છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત સિવિલ કેમ્પસ સ્થિત કોવિડ-૧૯ હોસ્પિટલમાં દાખલ ચાર દર્દી ટપોટપ મોતને ભેટયાં હતા. મોતને આ સિલસિલો જોઈ સિવિલના તબીબો પણ ચોંકી ઉઠયાં હતા. આ ચારેય મૃતકોની કોવિડની ગાઈડલાઈન મુજબ અંતિમ વિધી કરાઈ હતી.

## ઈલેકટ્રિક વાહન માટે અમદાવાદમાં ૩૦૦ સ્થળોએ ચાર્જિંગ સ્ટેશનો બનશે

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં ઈલેકટ્રિક વાહનનો વપરાશ વધે એ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈલેકટ્રિક વાહન ચાર્જીંગ પોલીસી તૈયાર કરી છે.આ પોલીસી હેઠળ શહેરમાં ૩૦૦ જેટલા સ્થળોએ ચાર્જિંગ સ્ટેશનો બનાવવામાં આવશે.ચાર્જિંગ સ્ટેશનો બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન એક રુપિયાના ટોકન ભાડાથી જગ્યા પણ ફાળવશે એમ આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આ અંગે મળતી માહિતી મુજબ,કેન્દ્ર અને રાજય સરકારે ઈલેકટ્રિક વાહનોના વપરાશને પ્રોત્સાહન આપવા જાહેર કરેલી નિતી બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી પણ ઈલેકટ્રિક વાહન ચાર્જિંગ પોલીસી-૨૦૨૧ તૈયાર કરવામાં આવી છે.આ પોલીસી હેઠળ આવનારા ત્રણ મહિનામાં શહેરમાં અલગ અલગ ૩૦૦ સ્થળોએ ઈલેકટ્રિક વાહનોના ચાર્જિંગ માટે ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટેના લોકેશન નકકી કરવામાં આવશે.ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટે મ્યુનિ.તરફથી એક રુપિયાના ટોકન ભાડાથી ચોરસ મીટરના ભાડુ નકકી કરી જગ્યા ફાળવવામાં આવશે.આ સ્થળ ઉપર નિયત કરેલા ચાર્જર લગાવવાના રહેશે.

## સેટેલાઈટમાં ધિંગાણું, ધારિયા અને હથિયારો વડે હુમલો કર્યો

**અમદાવાદ**

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પ્રેરણા તીર્થ દેરાસર પાસે વહેલી સવારે જૂથ અથડામણ થઈ છે. જૂની અદાવતમાં બે જુથ વચ્ચે ધોળાદિવસે ધિંગાણું થયું હતું. જેમાં બે યુવકને ગંભીર અને જીવલેણ ઈજા પહોંચતા તેને તાત્કાલિક સારવાર અર્થે સેલ્બી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અગાઉની અદાવતમા બે જુથોએ ધારિયા અને હથિયારો વડે હુમલો કર્યો હતો. સ્થાનિક લોકોની મદદથી ઘટનાની જાણ પોલીસને કરાતા સેટેલાઈટ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાંસદો અને ધારાસભ્યોને ઓફિસની બહાર બેસાડી ન રાખવા અધિકારીઓને ફરમાન

## મંત્રીઓએ સોમ અને મંગળવારે ઓફિસમાં હાજર રહેવું : સીએમની તાકીદ

**ગાંધીનગર**

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક મહત્વનો નિર્ણય કરીને એવી સૂચના આપી છે કે રાજ્ય કેબિનેટના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓએ સોમવાર અને મંગળવારે તેમની ઓફિસ છોડવાની નથી. જાહેર જનતા અને પ્રજાના પ્રતિનિધિઓ એવા સંસદસભ્યો અને ધારાસભ્યોને મળવાનું રહેશે. તેમણે પ્રજાના પ્રતિનિધિઓને અપમાન નહીં કરવા તેમજ તેમને બહાર બેસાડી નહીં રાખવા પણ આદેશ કર્યો છે.

મુખ્યમંત્રીએ એક નિર્ણય લીધો છે અને મંત્રીઓ તેમજ ઉચ્ચ અધિકારીઓને કેબિનેટમાં જ સૂચના આપવામાં આવી છે કે તેમણે સોમવાર અને મંગળવારે ઓફિસમાં અચૂક હાજર રહેવું. આ બન્નેએ સામાન્ય નાગરિકોને પણ કાર્યાલયમાં મળવાનું રહેશે. રાજેન્દ્ર ત્રિવેદીએ કહ્યું હતું કે રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાંથી સચિવાલયમાં પોતાના કામો, રજૂઆતો માટે આવતા સામાન્ય નાગરિકોને રાજ્ય સરકારના મંત્રીઓએ અને અધિકારીઓએ સોમવાર અને મંગળવારે મુલાકાત માટેનો સમય ફાળવવાનો રહેશે. આ નિર્ણયનો ત્વરીત અમલ કરવાનો રહેશે.

## ગુજરાતમાં કોરોનાથી 10,082નાં મૃત્યુ સરકારને 5,041 કરોડ આપવા પડશે

**ગાંધીનગર**

ભારત સરકારે સુપ્રિમ કોર્ટમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા નાગરિકોના પરિવારજનોને રૂ.૫૦ હજારની સહાય આપવા સોગંદનામું કર્યુ છે. સરકારી રેકર્ડ ઉપર કોરોનાને કારણે ૧૦,૦૮૨ નાગરીકોએ જીવ ગુમાવ્યાનું જાહેર થયુ છે. આ સ્થિતિમાં માત્ર સરકારી રેકર્ડમાં નોંધાયેલા કોરોનાથી મૃત્યુના કિસ્સાને જ સહાયને પાત્ર ગણાય તો સરકારને રૂ.૫,૦૪૧ કરોડ સહાયપેટે આપવાના રહેશે. માર્ચ- ૨૦૨૦થી અત્યાર સુધીના ૧૮ મહિનામાં સેંકડો નાગરીકોના કોરોનાનો ચેપ લાગ્યા બાદ મૃત્યુ થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા રોજેરોજ જાહેર થતી અખબારી યાદી, કોવિડ-૧૯ પોર્ટલ ઉપર સત્તાવારપણે માત્ર ૧૦,૦૮૨ના મૃત્યુ થયાનું કહેવાય છે. આ સરકારી રેકર્ડમાં મૃત્યુ પામેલા પોતાના આપ્તજનનું નામ છે કે કેમ ?

તેનાથી સેંકડો પરીવારો બેખબર છે. કારણ કે, કોરોનાનો ચેપ લાગ્યા પછી મૃત્યુ પામેલા સેંકડો નાગરીકોના ડેથ સિંટફિકેટમાં 'કોવિડ-૧૯'નો ઉલ્લેખ થયો નથી. આ સ્થિતિમાં કલેક્ટરેટ દ્વારા જીલ્ફઇહ્ણમાંથી સહાય આપવા અરજીની ચકાસણી કેવી રીતે થશે તેને લઈને અનેક સવાલો ઉદ્દભવ્યા છે.

## સુરત, નવસારી, મોરબીમાં હીરા વેપારીઓને ત્યાં દરોડા

**સુરત**

સુરત ઈન્કમટેક્સ વિભાગની ઈન્વેસ્ટીગેશન વિંગ દ્વારા બુધવારે સવારે ૧૦ વાગ્યે એક સાથે શહેરની હીરા ઉત્પાદન કંપનીની સુરત-નવસારી સહિત મોરબી, વાંકાનેર અને મુંબઈ ઓફિસ પર કાર્યવાહી શરુ કરવામાં આવી છે. જેમાં કંપનીના સંચાલકોના ઘરે, ઓફિસ તથા ૪ કર્મચારીઓના ઘર મળીને કુલ ૨૦ જગ્યાએ ૫૦ અધિકારીઓની અલગ-અલગ ટીમ દ્વારા સર્ચ હાથ ધરવામાં આવી છે. કંપનીના સંચાલકો હીરાના કટિંગ-પોલિશ્ડ અને એક્સપોર્ટની સાથો-સાથ અન્ય જુદા-જુદા વેપારમાં પણ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કોંગ્રેસમાં ભાજપવાળી : નવા ચહેરાની શોધ

અમદાવાદ : વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં ખુદ ચૂંટણી ન જીતનારાં કોંગ્રેસના સિનિયર નેતાઓની હવે વિદાય લગભગ નક્કી મનાઈ રહી છે. આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસમાં ય ભાજપવાળી થવાના એંધાણ છે. હાઈકમાન્ડે ભાજપ સાથે સાંઠગાંઠ ધરાવતાં અને માત્ર હોદા ભોગવી પક્ષની ઘોર ખોદનારાં સિનિયર નેતાઓને ઘર ભેગા કરી યુવાઓના હાથમાં ગુજરાત કોંગ્રેસની સુકાન આપવા મન બનાવ્યુ છે. સૂત્રોના મતે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અને વિધાનસભા વિપક્ષના નેતાપદે નવા ચહેરાને સૃથાન મળી શકે છે. કોરોના કાળ બાદ ભાજપ સરકાર પ્રત્યે લોકોનો રોષ ભભૂક્યો હતો. ભાજપે આંતરિક સર્વે કરાવતાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં નુકશાન થવાનો અંદાજ મળ્યો હતો જેના પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આકરો સંદેશો આપી આખી રૂપાણી સરકાર જ બદલી નાંખી હતી. આ તરફ, ગુજરાત કોંગ્રેસમાં સંગઠનના ઠેકાણાં જ નથી.

### ગુજરાતમાં વહેલી ચૂંટણી નહી યોજાય : કમિશનર

અમદાવાદ : રૂપાણી સરકારની વિદાય થતાં જ ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે તેવી રાજકીય અફવાઓએ જોર પકડયુ છે. જોકે, આ વાત પર પૂર્ણ વિરામ મુકાયુ છે કેંમકે, અંબાજીમાં દર્શાનાર્થે આવેલાં ચીફ ઈલેક્શન કમિશનરે કહ્યું કે, ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે નહીં. ભાદરવી પૂનમે માં અંબાના દર્શન કરવા ચીફ ઈલેક્શન કમિશનર સુશિલ ચંદ્રા અંબાજી પહોંચ્યા હતાં. તેઓએ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. અંબાજીની મુલાકાતે આવેલાં ચીફ ઈલેક્શન કમિશનર સુશિલ ચંદ્રાએ પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું કે, પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાનાર છે. આ રાજયો સાથે ચૂંટણી સાથે ગુજરાતની ચૂંટણી નહી યોજાય. ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાશે નહીં. ઉલ્લેખનીય છેકે,આ અગાઉ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ વાતનો ઉલ્લેખ કરી ચૂક્યા છે કે, ગુજરાતમાં વહેલી ચૂંટણી નહી યોજાય. જોકે, ચર્ચા એવી છેકે, ગુજરાતમાં વર્તમાન રાજકીય પરિસ્થિતી ભાજપ માટે લાભદાયી છે. કોરોનાકાળમાં થયેલાં મૃત્યુ સહિત દર્દનાક સ્થિતિને ગુજરાતની જનતા હજુ ભૂલી શકી નથી.

### વિધાનસભા અધ્યક્ષ પદે આચાર્યની નિમણૂક નક્કી

અમદાવાદ : નવી સરકારમાં રાજેન્દ્ર ત્રિવેદીને મંત્રીપદ અપાતા વિધાનસભા અધ્યક્ષપદ ખાલી પડયુ હતું. ધારાસભ્ય નિમા આચાર્યને કાર્યકરી અધ્યક્ષ બનાવાયા હતાં. પણ આજે તેમણે કાર્યકરી અધ્યક્ષપદેથી રાજીનામુ આપી દીધુ છે. આ જોતાં અધ્યક્ષપદ નીમા આચાર્યની નિમણૂંક લગભગ નક્કી મનાય છે. ટૂંક સમયમાં આ મુદ્દે સત્તાવાર જાહેરાત થશે. આ વખતે કચ્છ જિલ્લામાંથી કોઈને મંત્રી બનાવાયા નથી. આ જોતા નિમા આચાર્યને અધ્યક્ષ બનાવાય તેવી પૂરેપુરી શક્યતા છે. રૂપાણી સરકારની વિદાય બાદ વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને ભૂપેન્દ્ર પટેલની ટીમમાં સમાવેશ કરાયો હતો. રાજેન્દ્ર ત્રિવેદીને મહેસૂલ મંત્રી બનાવાતાં નિમા આચાર્યને વિધાનસભાના પ્રોટેમ સ્પિકર બનાવવામાં આવ્યા હતાં. આજે નિમા આચાર્યેએ કાર્યકારી અધ્યક્ષપદેથી રાજીનામુ આપી દીધુ હતુ. આત્મારામ પરમાર, પિયુષ દેસાઈનુ નામ નવા અધ્યક્ષની રેસમાં ચાલી રહ્યુ છે.

### 105 કૌભાંડી અધિકારીની કરોડોની સંપત્તિ જપ્ત

અમદાવાદ : ગુજરાતના સરકારી તંત્રમાં ભ્રષ્ટાચાર નાબૂદીનું અભિયાન છેલ્લા પાંચ વર્ષથી વેગવાન છે. આ સમયગાળામાં 105 કૌભાંડી અધિકારીઓ સામે બેનામી સંપત્તિના કેસ કરી 140 કરોડથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. ત્રણ વર્ષ સુધી સપાટો બોલાવ્યા પછી ગુજરાત એસીબી છેલ્લા છ મહિનાથી સુષુપ્ત અવસૃથામાં જણાઈ રહી છે. જો કે, જિલ્લા પંચાયત અને આરોગ્ય વિભાગમાં કૌભાંડ અંગે પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી ચાલી રહી છે. સરકારી તંત્રમાં વ્યાપ્ત ભ્રષ્ટાચારની નાબૂદી માટે એન્ટી કરપ્શન બ્યૂરો પછી હવે જે-તે સરકારી તંત્ર કાર્યરત થયાં છે. છેલ્લા પાંચ જ વર્ષમાં એસીબીએ કૌભાંડી અધિકારીઓ ઉપર પસ્તાળ પાડી છે. કુલ 105થી વધુ કૌભાંડી અધિકારીઓની 140 કરોડથી વધુ કિંમતની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે.

# હુમલાનું ષડયંત્ર નિષ્ફળ: પંજાબમાં ૩ આતંકીને વિસ્ફોટકો સાથે ઝડપી પાડ્યા

## મોટાપાયે હુમલાનો મેસેજ મળતાં પોલીસે સમગ્ર રાજ્યમાં ચેકિંગ શરૂ કર્યું

**ચંદિગઢ**

પંજાબ પોલીસે તરણ તારણ જિલ્લામાં ત્રણ આતંકવાદીઓને હથિયારો અને વિસ્ફટકો સાથે ઝડપી પાડયા છે. આ આંતકીઓ પંજાબમાં મોટાપાયે હુમલો કરીને રાજ્યને ધ્રુજાવવાની ફિરાકમાં હતા. એ પછી હવે પોલીસે સમગ્ર રાજ્યમાં ચેકિંગ શરૂ કર્યુ છે. મળતી જાણકારી પ્રમાણે આ ત્રણે આતંકવાદીઓ પંજાબના મોગા જિલ્લાના રહેવાસી છે. તેમની ઓળખ પણ થઈ છે. પોલીસ દ્વારા બુધવારે રાત્રે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યુ હતુ ત્યારે એક કારને શંકાસ્પદ હિલચાલના આધારે અટકાવવામાં આવી હતી. કારમાં ત્રણ વ્યક્તિઓ હતા. કારની તપાસ કરવામાં આવી ત્યારે તેમાંથી એક નાઈન એમ એમ પિસ્ટલ, એક હેન્ડગ્રેનેડ અને બીજા વિસ્ફોટકો મળ્યા હતા. પોલીસ દ્વારા શુક્રવારે તેમને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડની માંગણી કરવામાં આવશે. પૂછપરછમાં આતંકીઓએ મોટા હુમલાના કાવતરાનો ખુલાસો કર્યો છે. પોલીસ દ્વારા હવે આતંકીઓ પાસે હથિયારો અને વિસ્ફોટકો કેવી રીતે આવ્યા તેની તપાસ શરૂ કરાઈ છે.



# પદ્મનાભ સ્વામી મંદિરનું 25 વર્ષનું ઓડિટ કરવા માટે સુપ્રીમનો આદેશ


**તિરુવનંતપુરમ**

કેરળની રાજધાની તિરુવનંતપુરમમાં આવેલા પ્રસિદ્ધ શ્રી પદ્મનાભ સ્વામી મંદિરના સંચાલનને લઈને રાજ પરિવાર અને મંદિર ટ્રસ્ટ વચ્ચે રસાકસીમાં સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે મંદિર ટ્રસ્ટને કહ્યું છે કે તે 3 મહિનામાં ૨૫ વર્ષોના ખર્ચનો હિસાબ આપે. મંદિર ટ્રસ્ટે ૨૫ વર્ષોના હિસાબની વિગતો આપવામાં રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી જેને સર્વોચ્ચ કોર્ટે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે બુધવારે આ અંગે સ્પષ્ટતા કરી દીધી હતી કે મંદિર ટ્રસ્ટે ત્રણ મહિનામાં છેલ્લા ૨૫ વર્ષોની આવક અને ખર્ચાનું ઓડિટ કરાવવાનું રહેશે. જેમાં મંદિરની સાથે ટ્રસ્ટના નાણાકીય હિસાબો સામેલ કરવાના રહેશે. આ મામલે સુપ્રીમ કોર્ટે સુનાવણી પૂરી કરી લીધી છે અને ચુકાદો ગયા અઠવાડિયે અનામત રાખ્યો હતો. ગયા વર્ષે આ મંદિરના ખજાનાનું ઓડિટ કરાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો, પરંતુ મંદિર ટ્રસ્ટે ઓડિટમાંથી રાહત મેળવવા માટે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. જૂન ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે પુરાતત્ત્વ વિભાગ તથા ફાયર બ્રિગેડને આદેશ કર્યો હતો કે મંદિરમાં આવેલા સાત ગુપ્ત ભોંયરાઓને ખોલવામાં આવે. જેના પગલે આ ભોંયરાઓને ખોલવામાં આવતા તેમાંથી એક લાખ કરોડના હીરા અને ઝવેરાત નીકળ્યા હતા.

# મહંત નરેન્દ્ર ગિરિ મહાસમાધિમાં લીન : હજારો લોકોની શ્રદ્ધાંજલિ

**નવી દિલ્હી**

મહંત નરેન્દ્રગિરિને બાઘંબરી મઠમાં હજારોની જનમેદની વચ્ચે ભૂસમાધિ આપવામાં આવી છે. મહંત બ્રહ્મલીન થઇ ચૂક્યા છે. નરેન્દ્રગિરિની સુસાઇડ નોટમાં ઉત્તરાધિકારી જાહેર થયેલા બલવીરે અંતિમવિધિ સંપન્ન કરી હતી. તે પહેલાં પાંચ તબીબની પેનલે મહંતના દેહનું પોસ્ટમોર્ટમ સ્વરૂપરાની હોસ્પિટલમાં સંપન્ન કર્યું હતું. પોસ્ટમોર્ટમ અહેવાલ મુખ્યપ્રધાનને બંધ કવરમાં મોકલવામાં આવ્યો હતો. આરંભિક અહેવાલમાં મહંતે ગળા ફાંસો ખાધો હોવાની હકીકત સામે આવી હતી. સુસાઇડ નોટ મુજબના આરોપી આનંદગિરિ અને આધ્યાગિરિને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. બીજી તરફ ૧૩ અખાડાએ સુસાઇડ નોંધમાં કહેવામાં આવેલી વાત ફગાવી દીધી છે. ઉત્તરાધિકારી માટે મળનારી પંચપરમેશ્વરની બેઠક પણ મોકૂફ રહી છે. નિરંજની અખાડાના મહંત રવીન્દ્ર પુરીએ કહ્યું હતું કે સુસાઇડ નોંધમાં ખુબ ખામી છે. તેનો ફોરેન્સિક રીપોર્ટ આવે તે પછી વાઘંબરી ગાદીના ઉત્તરાધિકારી અંગે પંચપરમેશ્વર આખરી નિર્ણય લેશે.



## મહંત નરેન્દ્ર ગિરિ કેસમાં આનંદ ગિરિ 14 દિવસની જ્યુ.કસ્ટડીમાં

પ્રયાગરાજ : મહંત નરેન્દ્ર ગિરિના મોતના કેસમાં તેમના શિષ્ય મહંત આનંદ ગિરિની મુશ્કેલીઓ સતત વધી રહી છે. ચીફ જ્યુડિશિયલ મેજસ્ટ્રિટ કોર્ટે કેસના આરોપી આનંદ ગિરિ અને આદ્યા તિવારીને આજે ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા છે. પોલીસ હવે પૂછપરછ માટે તેમના રિમાન્ડ લેવા માટે કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. આ અગાઉ આ કેસમાં સીબીઆઇ તપાસની પણ માગ કરવામાં આવી હતી. કરપાત્રી આશ્રમના પ્રમુખ સંત અભિષેક બ્રહ્મચારીએ મહંત નરેન્દ્ર ગિરિના શંકાસ્પદ સંજોગોમાં મોતના કેસની તપાસ કોર્ટની નજર હેઠળ સીબીઆઇ પાસે કરાવવાની માગ કરી છે.

# ભારત ચાલુ વર્ષે 400 અબજ ડોલરના નિકાસની સિદ્ધિ નોંધાવવાના માર્ગ પર

## ભારતે વર્તમાન નાણાકીય વર્ષના પાંચ મહિનામાં 164 અબજ ડોલરની નિકાસ નોંધાવી

**નવી દિલ્હી**

કેન્દ્રીય પ્રધાન દર્શના જરદોશે જણાવ્યું હતું કે ભારત ચાલુ નાણાકીય વર્ષમાં 400 અબજ ડોલરનો નિકાસ લક્ષ્યાંક સિદ્ધ કરવાની તૈયારીમાં છે. ભારતે પહેલા પાંચ મહિનામાં જ 164 અબજ ડોલરની નિકાસ નોંધાવી છે.


વાણિજ્ય વિભાગના જોઈન્ટ સેક્રેટરી શ્યામલ મિશ્રાએ જણાવ્યું હતું કે સરકારે 400 અબજ ડોલરનો મૂકેલો નિકાસ લક્ષ્યાંક મહત્ત્વાકાંક્ષી છે, છતાં પણ ભારત તેને સિદ્ધ કરવાના માર્ગ પર છે. તેના લીધે એક વિશ્વાસ બંધાયો છે કે ચાલુ વર્ષે 400 અબજ ડોલરની નિકાસનો લક્ષ્યાંક હાંસલ થઈ શકે છે. ભારતના ઉદ્યોગ અને નિકાસકારોએ ઘણી સારી કામગીરી બજાવી છે. તેમણે જણાવ્યું હતું કે ભારતની 60 ટકા જેટલી નિકાસ એન્જિનિયરિંગ ગૂડ્સ, હીરા અને ઝવેરાત, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોલિયમ અને કેમિકલ્સ છે. નિકાસ માટે નવી પ્રોડક્ટ્સની અને નવા સ્થળોની જરુર છે. અમારી નિકાસકારોને વિનંતી છે કે તે એમએસએમઈ સાથે, ખેડૂતો સાથે, માછીમારો સાથે તેમની ભાગીદારી વધારે મજબૂત બનાવે અને આપણા સ્ટાર્ટ-અપ્સને પ્રમોટ કરે, એમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો હિસ્સો વીસ ટકાથી પણ વધારે છે. રોગચાળો પૂરો થઈ ગયો છે ત્યારે અને ગુજરાત ચેતનવંતુ બની ગયું છે.

# ભારતના આકરા ઈ-કોમર્સ નિયમો સામે સરકારમાં અંદરોઅંદરો જ થયો વિરોધ

## નાણા મંત્રાલયે તેની દરખાસ્તોને વધુ પડતી આક્રમક અને તર્કવિહીન ગણાવી

**નવી દિલ્હી**

ભારતના ઝડપથી વિકસી રહેલા ઈ-કોમર્સના સેક્ટરને ચુસ્ત રીતે નિયંત્રિત કરવાના પ્રયત્નોનો સરકારની અંદરથી જ વિરોધ થયો છે. નાણા મંત્રાલયે આ અંગેની કેટલીક દરખાસ્તોને વધુ પડતી આક્રમક અને આર્થિક તર્કસંગતતાના અભાવ વગરની ગણાવી છે. ભારતના ઈ-કોમર્સ બજારમાં એમેઝોન અને વોલ્માર્ટ જેવી કંપનીએ સક્રિય છે. તેની સાથે રિલાયન્સ અને ટાટા જૂથ જેવી સ્થાનિક કંપનીઓએ પણ ઝંપલાવ્યું છે.




આ સમયે સરકારનું નીતિગત વલણ આ દિશામાં ઘણું મહત્ત્વનું મનાય છે. ગ્રાન્ટ થોર્નટોનના અંદાજ મુજબ ભારતમાં 2025 સુધીમાં આ સેક્ટર 188 અબજ ડોલરે પહોંચી જાય તેમ મનાય છે. નાણા મંત્રાલયે તેની પાસે આવેલી આ દરખાસ્તો અંગે હજી સુધી મગનું નામ મરી પાડયું નથી. આ પ્રકારની દરખાસ્તો સૌપ્રથમ જૂનમાં તરતી મૂકવામાં આવી હતી. પરંતુ સરકારના આ પ્રભાવશાળી એકમના નિરીક્ષકોનું કહેવું છે કે તેમની ફરિયાદો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વહીવટીતંત્રના ટાચના હોદ્દેદારોએ ખાસ મહત્ત્વ આપ્યું નથી. ભારતે જૂનમાં ગ્રાહક મંત્રાલય દ્વારા ફ્લેશ સેલ્સ પર મર્યાદા લાદવાની દરખાસ્ત વડે ઈ-કોમર્સ જગતને ચોંકાવી દીધું હતું.

# વર્ષ પહેલા લાપતા જવાનનો મૃતદેહ મળ્યો, આતંકીઓએ અપહરણ કરી નાખ્યું હતું

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લામાંથી એક વ્યક્તિનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે અને આ મૃતદેહ એક વર્ષ પહેલા લાપતા થયેલા ટેરિટોરિયલ આર્મીના જવાનનો છે. આ જવાનનુ આતંકીઓએ ગયા વર્ષે અપહરણ કર્યુ હતુ. પોલીસનુ કહેવુ છે કે, કુલગામ જિલ્લામાંથી મળી આવેલો મૃતદેહ શાકિર મંજૂર વાગેનો હોઈ શકે છે. ગયા વર્ષે મંજૂર વાગેનુ અપહરણ કરવામાં આવ્યુ હતુ. બકરી ઈદ નિમિત્તે ઘરે આવેલા આ જવાનને આંતકીઓએ ઉઠાવી લીધો હતો અને તેની કાર પણ ફૂંકી મારી હતી. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરૂ કરાયુ હતુ.

# બિહાર કોર્ટની અનોખી સજા : છેડતી કરનારને સ્ત્રીઓના કપડા ધોવા પડશે

**પટના**

બિહારના મધુબની જિલ્લામાં યુવતીઓની છેડતી અને રેપના પ્રયાસ બદલ આરોપીને સ્થાનિક કોર્ટે રસપ્રદ સજા ફટકારી છે. કોર્ટે કહ્યુ હતુ કે, આરોપીને જામીન આપવામાં આવી રહ્યા છે પણ તેની સાથે સાથે કોર્ટની શરત છે કે, આગામી 6 મહિના સુધી ગામની તમામ મહિલાઓના કપડા ધોવા પડશે. જેથી તેના મનમાં મહિલાઓ માટે સન્માન જાગે. સાથે સાથે કપડા ધોયા બાદ તેને ઈસ્ત્રી કરવા પડશે અને ઘરે ઘરે જઈને કપડા પાછા આપવાના રહેશે. આરોપી ધોબી છે ત્યારે કોર્ટે તેને મહિલાઓના કપડા ધોવાનો આદેશ આપ્યો હતો. આ ગામમાં 2000 જેટલી મહિલાઓની વસતી છે. કોર્ટના આદેશ પ્રમાણે હવે આગામી 6 મહિના સુધી આરોપીએ મહિલાઓના કપડા ધોવા પડશે અને તેને ઈસ્ત્રી પણ કરવી પડશે. કોર્ટે કહ્યુ હતુ કે, આરોપી કોર્ટની સજાનુ પાલન કરે છે કે, નહીં તેના પર ગામના સરપંચ કે બીજા કોઈ સરકારી કર્મચારી નજર રાખશે. આરોપીએ જે નજર રાખતા હશે તેવા વ્યક્તિ પાસેથી મફત સેવા કરી છે તેવુ પ્રમાણ પત્ર પણ લેવુ પડશે.

# રાહુલ-પ્રિયંકા બિનઅનુભવી, સિદ્ધુ સામે મજબૂત ઉમેદવાર ઉભો રાખીશ : અમરિન્દર

**નવી દિલ્હી**

પંજાબના પૂર્વ મુખ્યપ્રધાન અમરિન્દર સિંહે કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રાને બિનઅનુભવી ગણાવ્યા હતાં અને જણાવ્યું હતુ કે તે આગામી વિધાનસભા ચૂંટણીમાં પંજાબ કોંગ્રેસ પ્રમુખ નવજોતસિંહ સિદ્ધુ સામે મજબૂત ઉમેદવાર ઉભા રાખશે. પંજાબમાં કોંગ્રેસની આંતરિક લડાઈને કારણે અમરિન્દર સિંહે તાજેતરમાં જ પંજાબના મુખ્યપ્રધાન પદેથી રાજીનામું આપ્યું હતું. અમરિન્દર સિંહે જણાવ્યું હતું કે પ્રિયંકા અને રાહુલ મારા બાળકો જેવા છે. આ બાબતનો અંત આવી રીતે લાવવો યોગ્ય નથી. મને ખૂબ જ દુઃખ થયું છે. હું ધારાસભ્યોને લઈને ગોવા કે અન્ય સ્થળે લઈ ગયો નથી.

# કોરોનાના વધુ 31923 કેસ, 282 લોકોએ જીવ ગુમાવ્યા

**નવી દિલ્હી**

ભારતમાં કોરોના સંક્રમણના કેસોમાં ગુરૂવારે ફરી ઉછાળો નોંધાયો હતો. ૨૪ કલાકમાં ૩૧ હજારથી વધુ લોકો કોરોનાગ્રસ્ત થયા છે. બીજી તરફ, એક્ટિવ કેસોમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો હતો. ગુરૂવારે ૧૮૭ દિવસ બાદ સૌથી ઓછા કેસ નોંધાયા હતા. નોંધનીય છે કે, કેરળમાં એક દિવસમાં ૧૯,૬૭૫ કેસ નોંધાયા છે અને ૧૪૨ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં પણ કોરોના કેસોમાં આંશિક વધારો જોવા મળ્યો છે. કેન્દ્રીય આરોગ્ય વિભાગે ગુરૂવાર સવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧,૯૨૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૨૮૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૩૫,૬૩,૪૨૧ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કુલ ૮૩,૩૯,૯૦,૦૪૯ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૭૧,૩૮,૨૦૫ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે.

## કોરોનાથી મૃત્યુ પામેલાના પરિવારને 50 હજારનું વળતર: કેન્દ્ર

નવી દિલ્હી : કોરોના મહામારીમાં જે પણ લોકોએ જીવ ગુમાવ્યો હોય તેમના પરિવારને ૫૦ હજાર રૂપિયાની સહાય આપવી જોઇએ તેવી ભલામણ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) દ્વારા કરવામાં આવી હતી. આ જાણકારી કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આપી હતી. સુપ્રીમમાં કોરોના પીડિતોને સહાય આપવાની માગણીઓ કરતી અનેક અરજી થઇ છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું છે કે કોરોનાને કારણે જે પણ લોકોના મોત નિપજ્યા હોય તેમના પરિવારને ૫૦ હજાર રૂપિયાનું વળતર આપવામાં આવશે. કેંદ્ર સરકારે આ અંગે એક સોગંદનામુ સુપ્રીમ કોર્ટમાં દાખલ કર્યું છે.

**હિમાચલ પ્રદેશની સ્કૂલમાં એક સાથે 79 વિદ્યાર્થીઓ પોઝિટિવ :** દેશમાં કોરોનાની બીજી લહેરનુ જોર ઓછુ થઈ રહ્યુ છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસ ઘટી ગયા છે અને છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના કારણે કોઈનુ મોત પણ થયુ નથી ત્યારે હિમાચલ પ્રદેશના મંડીમાં કોરોના વિસ્ફોટ થયો છે. અહીંની એક બોર્ડિંગ સ્કૂલમાં 79 વિદ્યાર્થીઓ અને 3 સ્ટાફ મેમ્બર કોરોના સંક્રમિત થતાં આ વિસ્તાર સીલ કરી દેવામાં આવ્યો છે. 25 સપ્ટેમ્બર સુધી સ્કૂલો બંધ કરી દેવાઈ છે. **ખાનગી હોસ્પિટલો બીજો ડોઝ 4 સપ્તાહ પછી ઓફર કરી શકશે :** કોર્ટે કરેલા આદેશને પગલે ભારત ખાનગી રાહે આપવામાં આવતા બે વેક્સિન ડોઝ વચ્ચેનું અંતર ઘટાડે તેવી શક્યતા છે. ખાનગી હોસ્પિટલ્સ અને ક્લિનિક તેમના દર્દીઓને પ્રથમ ડોઝ લીધા પછીના ચાર જ સપ્તાહમાં બીજો ડોઝ લેવાનો વિકલ્પ ઓફર કરી શકશે. અર્થાત ખાનગી હોસ્પિટલમાં વેક્સિન ડોઝ પ્રાપ્ત કરનાર માટે બે ડોઝ વચ્ચે ૧૨ થી ૧૬ સપ્તાહનું અંતર જાળવવું જરૂરી નહીં રહે. કોર્ટે કહ્યું હતું કે જે રીતે વિદેશ જનારા લોકોને જે વિકલ્પ આપવામાં આવ્યો છે તે વિકલ્પ વેક્સિન માટે નાણા ચુકવણી કરી રહેલા લોકો માટે પણ ખુલ્લો થવો જોઇએ.

## આતંકી સાથે સંબંધ રાખવાના આરોપસર છ કર્મીઓ બરતરફ

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીર સરકારે પોતાના છ કર્મચારીઓને આતંકીઓ સાથે સંબંધ રાખવા અને ઓવરગ્રાઉન્ડ વર્કર તરીકે કામ કરવાના આરોપમાં બરતરફ કર્યા છે. જમ્મુ કાશ્મીરમાં આતંક પર વધુ એક પ્રહાર કરતા ભારતના બંધારણના કલમ 311 (2) (સી) હેઠળ કેસની તપાસ અને ભલામણ કરવા માટે જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશમાં નામિત સમિતિએ આતંકવાદી લિંક રાખવા અને ઓજીડબલ્યુ તરીકે કામ કરવા માટે સરકારી સેવા સાથે 6 કર્મચારીઓને બરતરફ કરવાની ભલામણ કરી. જે 6 સરકારી કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કર્યા છે ખીણના અનંતનાગના અધ્યાપક હમીદ વાની સામેલ છે. વાની પર આરોપ છે કે નોકરીમાં આવ્યા પહેલા તેઓ આતંકી સંગઠન અલ્લાહ ટાઈગરના જિલ્લા કમાન્ડર તરીકે કામ કરી રહ્યા હતા. આ સાથે જ જમાત-એ-ઈસ્લામીના સહયોગથી તેમને આ સરકારી નોકરી મળી હતી. વાની પર એ પણ આરોપ છે કે 2016માં બુરહાન વાનીના એન્કાઉન્ટર બાદ તેઓ દેશ વિરોધી ગતિવિધિઓ માટે કાશ્મીરમાં ચલાવાઈ રહેલા ચલો કાર્યક્રમના મુખ્ય વક્તાઓમાંના એક હતા.

## તાલિબાનના શાસન આવ્યા બાદ 100 કરોડના માદક પદાર્થ ભારતમાં પહોંચ્યા

**નવી દિલ્હી**



તાલિબાન શાસને તેના ડ્રગની માયાજાળ ફેલાવવાનું શરૂ કર્યું છે. તાલિબાનના શાસન બાદ 100 કરોડ રૂપિયાના માદક પદાર્થ ભારતમાં આવ્યા છે અને આમાંથી માત્ર 20 કરોડ રૂપિયાનો માલ જ પકડાયો છે. ગુજરાતમાં પકડાયેલા ડ્રગ્સનું નેટવર્ક સમગ્ર ભારત અને દિલ્હીમાં ફેલાયેલું છે છેલ્લા બે મહિના દરમિયાન એનસીઆરમાં બે કારખાના પકડાયા હતા. શું તાલિબાન પોતાનું શાસન ચલાવવા માટે તસ્કરી કરી રહ્યુ છે? ગુજરાત પોર્ટ પર પકડવામાં આવ્યુ હજારો કરોડ રૂપિયાનુ માદક પદાર્થ, એવો માદક પદાર્થ જે કાગળમાં તો બતાવવામાં આવ્યુ હતુ ટેલકમ પાઉડર પરંતુ વાસ્તવમાં હતુ નશાનુ ઝેર, જે ભારતના વિભિન્ન ભાગોમાં મોકલવામાં આવતુ હતુ. તપાસ એજન્સીઓએ જ્યારે મામલાની તપાસ આગળ વધારી તો તેને તાર સીધા દિલ્હી અને ઉત્તર પ્રદેશ સુધી પહોંચી ગયા. માહિતીના આધારે ડીઆરઆઈમાં દિલ્હી અને ઉત્તર પ્રદેશના નોઈડા બે સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા અને દિલ્હીથી બે અફઘાનીઓ સહિત ત્રણ લોકોને અને નોઈડાથી 2 અફઘાનીઓની ધરપકડ કરાઈ હતી.

## એશિયાની પ્રથમ હાઈબ્રિડ ફ્લાઈંગ કાર તૈયાર થઈ, સિંધિયાએ આપ્યા અભિનંદન

**નવી દિલ્હી**

સતત વધતી જનસંખ્યાના કારણે રસ્તા પર થનારા ટ્રાફિક જામના લીધે મોટા ભાગના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને આ કારણે કેટલીય વાર લોકો ઓફિસ સહિત કેટલાક જરૂરી કામો માટે સમય પર પહોંચી શકતા નથી. દેશના લોકોને જલ્દી જ આ સમસ્યામાંથી મુક્તિ મળી શકે છે અને હાઈબ્રિડ ફ્લાઈંગ કાર દ્વારા યાત્રા કરી શકે છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વીટ કરી એશિયાની પહેલી હાઈબ્રિડ ફ્લાઈંગ કારના મોડલની જાણકારી આપી છે અને ચેન્નઈ સ્થિત સ્ટાર્ટઅપની યુવા ટીમ દ્વારા એશિયાની પહેલી હાઈબ્રિડ ફ્લાઈંગ કારના કોન્સેપ્ટ મોડલથી પરિચિત કરાવ્યા છે.




**આ કામોમાં થશે ફ્લાઈંગ કારનો ઉપયોગ :** જ્યોતિરાદિત્ય સિંધિયાએ ટ્વીટ કરતા કહ્યુ કે હાઈબ્રિડ ફ્લાઈંગ કારનો ઉપયોગ લોકો અને કાર્ગોને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા માટે કરવામાં આવશે. ભવિષ્યમાં મેડિકલ ક્ષેત્રમાં ઘણી મદદ મળવાની આશા છે અને આનાથી મેડિકલ ઈમરજન્સીમાં લોકોની જીંદગી બચાવાઈ શકાય છે.

## NDAમાં નવેમ્બરથી જ મહિલાઓને પ્રવેશ આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ

**નવી દિલ્હી**

નેશનલ ડિફેન્સ અકાદમી (એનડીએ)માં કન્યાના પ્રવેશ મુદ્દે સુપ્રીમ કોર્ટ બુધવારે એક મહત્ત્વની ટિપ્પણી આપી હતી. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી હતી કે આ વર્ષે નવેમ્બર મહિનામાં યોજાનારી એનડીએ પરીક્ષામાં બેસવા મહિલાઓને મંજૂરી મળવી જોઈએ. તે પ્રક્રિયાને એક વર્ષ સુધી ટાળી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે આમ કહીને સરકાર દ્વારા એનડીએની આ વર્ષે લેવાનારી પરીક્ષા વખતે નહીં પણ આવતા વર્ષે લેવાનારી પરીક્ષાથી મહિલા ઉમેદવારને પરીક્ષાની તક આપવા મંજૂરી આપવા થયેલી વિનંતીને ફગાવી દીધી હતી. સુપ્રીમે કહ્યું હતું કે તે નથી ઇચ્છતી કે મહિલાઓને તેમના અધિકારથી વંચિત રાખવામાં આવે. જસ્ટિસ એસ.કે. કૌલના નેતૃત્વમાં બનેલી બેન્ચે જણાવ્યું હતું કે મહિલા ઉમેદવારોમાં એનડીએ પરીક્ષા આપવાની જોવા મળતી ઉત્સુકતાને જોતાં સરકારની રજૂઆતનો સ્વીકાર કરવો મુશ્કેલ છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે સશસ્ત્ર દળો સરહદે અને દેશમાં પણ મુશ્કેલ સ્થિતિઓનો સામનો કરી ચૂક્યા છે અને સશસ્ત્ર દળોને મળેલી આ રીતની તાલીમનો ઉપયોગ આ કામે પણ થશે તેવો કોર્ટને ભરોસો છે.

## એર ઈન્ડિયાના ચેરમેન રાજીવ બંસલને કેન્દ્રે એવિયેશન સચિવ બનાવ્યા

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે બુધવારે ટોચના બ્યૂરોક્રેટિક લેવલે મોટાપાયે ફેરબદલી કરી હતી. એર ઈન્ડિયાના ચેરમેન રાજીવ બંસલને કેન્દ્રે એવિયેશન સચિવ બનાવ્યા છે. પર્સોનેલ મિનિસ્ટ્રીના એક આદેશમાં જણાવાયું છે કે આર્થિક બાબતોના વિભાગમાં વધારાના સચિવ તરીકે ફરજ બજાવતાં કે રાજારમનને ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજારમન અંશુ પ્રકાશનું સ્થાન લેશે કે જેઓ ૩૦ સપ્ટેમ્બરે સેવાનિવૃત્ત થઈ રહ્યા છે. જ્યારે નાગાલેન્ડ કેડરની ૧૯૮૮ની બેન્ચના આઈએએસ અધિકારી રાજીવ બંસલ આ મહિનાના અંતે સેવાનિવૃત્ત થઇ રહેલાં પ્રદીપસિંહ ખરોલાનું સ્થાન લેશે.

## ઓરિસ્સામાં ભસતાં કૂતરાઓને ઝેર આપી દેતાં 20ના મોત થયા

### દુકાનનો માલિક ત્રાસી જતાં તેણે ઝેરી પદાર્થ ખવડાવી દીધો

**કટક**

ઓડિશાના કટક જિલ્લામાં કથિત રીતે ઓછામાં ઓછા ૨૦ કૂતરાઓને ઝેરી પદાર્થ ખવડાવીને મારી નાખનાર એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. ૨૪ વર્ષીય આ વ્યક્તિ મીઠાઈની દુકાન ચલાવે છે. પોલીસે જણાવ્યું કે આરોપી રાત્રે કૂતરાઓના ભસવાથી અને તેની દુકાનની સામે કૂતરાઓના ભેગા થવાના કારણે પરેશાન રહેતો હતો. જેથી તેણે છેલ્લા કેટલાક દિવસોમાં તેમને ઝેરી પદાર્થ ખવડાવી દીધા. ઘટના ત્યારે સામે આવી જ્યારે સ્થાનિક લોકોએ એક ખાડામાં ઓછામાં ઓછા ૧૦ મરેલા કૂતરા જોયા. કટક શહેરથી ૧૩ કિલોમીટર દૂર તંગી-ચૌદગરના શંકરપુર ગામના બજારમાં પણ મરેલા કૂતરા મળી આવ્યા છે. પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, આરોપીએ સ્વીકારી લીધું છે કે તે રાત્રે કૂતરાઓના ભસવાના કારણે પરેશાન રહેતો હતો અને તેથી તેણે કૂતરાઓને ઝેર મેળવેલું ખાવાનું ખવડાવી દીધું હતું. આરોપી પર ઈન્ડિયન પિનલ કોડ અને પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમની કલમો હેઠળ કેસ નોંધાયો છે.

## વડાપ્રધાન મોદી ૨૭મી સપ્ટેમ્બરે ડિજિટલ હેલ્થ મિશનને લોન્ચ કરશે

**નવી દિલ્હી**

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી અઠવાડિયે એક મોટી યોજનાની શરૂઆત કરવાના છે. જેમાં દરેક ભારતીયને યુનિક હેલ્થ આઈડી મળશે. પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશનને લોન્ચ કરશે. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આની જાણકારી આપી છે. યુનિક હેલ્થ આઈડીમાં વ્યક્તિનો પૂરો હેલ્થ રેકોર્ડ હશે. જાણકારી અનુસાર જે યુનિક આઈડી મળશે તે લોકોના આધાર કાર્ડ અને મોબાઈલ નંબરની મદદથી બનશે. પીએચ-ડીએચએમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની સ્વાસ્થ્ય સેવા પ્રણાલી વધારે શ્રેષ્ઠ કરવાનો છે. આને હેલ્થકેરની જરૂરિયાતોનુ વન-સ્ટોપ સોલ્યુશન બનાવવાની તૈયારી છે.

# દ્વિભાષી રાજ્યના ભુક્કા બોલાવીશું : મહાગુજરાત લઈને જ રહીશું અથવા અમે મોતને ભેટીશું !

મહાગુજરાતની માગણી અને આંદોલનને કચડી નાખવા સરકારે આંદોલન ચલાવી રહેલા જનતા પરિષદના નેતાઓની ધરપકડ શરૂ કરી. જનતા પરિષદના નેતા અને ઇંદુલાલ યાજ્ઞિકના નજીકના સાથી બ્રહ્મકુમાર ભટ્ટની અટકાયતનો હુકમ તા. ૩-૧-૧૯૫૭ના રોજ થયો. તેઓ પક્ષના કામે આઠેક દિવસ ભૂગર્ભમાં રહ્યા તે પછી તા. ૮-૧-૫૭ના રોજ તેમણે જાતે જ કલેક્ટર હીરેડિયાને ફોન કરીને કહ્યું કે, 'તમે મને શોધો છો તેમ જાણ્યું, પરંતુ હું મારા ઘરે જ છું.'

### બ્રહ્મકુમારની ધરપકડ

એટલામાં કાર્યકરો બ્રહ્મકુમારના ખાડિયાના ઘરે આવી ગયા, પરંતુ તેમને શાંતિ જાળવવા કહેવામાં આવ્યું. દસ મિનિટમાં પોલીસનો કાફલો આવી ગયો. બ્રહ્મકુમાર ભટ્ટ તેમનાં માતાપિતા, પત્ની અને કુટુંબીઓની રજા લઈ પોલીસ જીપમાં બેસી ગયા. બ્રહ્મકુમારને પૂનાની યરવડા જેલમાં મોકલી દીધા. અહીં પહેલેથી જ રતિલાલ ખુશાલદાસ, જયંતી દલાલ, હરિહર ખંભોળજા, પ્રબોધ રાવળ અને હરિપ્રસાદ વ્યાસ હતા જ તે બધાંને જેલના એક જમાનાના યુરોપિયન વૉર્ડમાં રાખ્યા. આ વૉર્ડમાં એક વખતે અંગ્રેજોએ ગાંધીજીને પણ રાખ્યા હતા.

### ચૂંટણીઓ જાહેર થઈ

દરમિયાન લોકસભાની અને વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત થઈ. દરમિયાન ચૂંટણીની હવાનો કંઈક તાગ મેળવવા તા. ૧૭-૧-૫૭ના રોજ કેન્દ્ર સરકારના વેપાર ઉદ્યોગ ખાતાના પ્રધાન તરીકે અમદાવાદ આવેલા મોરારજીભાઈ દેસાઈનું ગુજરાતી વેપારી મહામંડળે સન્માન ગોઠવેલું. આ પ્રસંગે મોરારજીભાઈએ આડકતરી રીતે લડતની આકરી ટીકા કરી. જોકે હકીકતમાં તેમનું સન્માન કરનારા મોટાભાગના વેપારીઓ મહાગુજરાતની લડતના ચુસ્ત ટેકેદારો હતા અને આર્થિક મદદ પણ કરતા. મોરારજીભાઈ દેસાઈએ ગુફ્તેગો કરી અને કૉંગ્રેસ પક્ષના શહેરના ઉમેદવારો માટે ચર્ચાઓ કરી, પરંતુ અમદાવાદના ઉમેદવારોની યાદી તૈયાર થઈ શકી નહીં, કારણ કે કૉંગ્રેસની ટિકિટ ઉપર ચૂંટણી લડવા કોઈ તૈયાર જ ન હતું. મિલમાલિકોએ મોરારજીભાઈના માનમાં ભવ્ય ભોજન સમારંભ ગોઠવ્યો, પરંતુ કદાચ મોરારજીભાઈને પોતાને પણ ખબર હતી કે તેમાંના મોટાભાગના મહાગુજરાતની લડતને મદદ કરતા હતા.


### ચૂંટણી પ્રતીક કૂકડો

જનતા પરિષદના ઉમેદવારોની પસંદગીનું કામ અંદરખાને ચાલતું હતું. જનતા પરિષદનું ચૂંટણી પ્રતીક શું રાખવું તેની પણ ચર્ચા શરૂ થઈ. ગુજરાતનું રાજ્ય સિદ્ધરાજ જયસિંહે સ્થાપેલું અને તેના ધ્વજમાં કૂકડાનું ચિહ્ન હતું. તેથી જનતા પરિષદનું ચૂંટણી પ્રતીક 'કૂકડો' રાખવું તેમ પાર્લમેન્ટરી બૉર્ડે ઠરાવ્યું. બૉર્ડે ખાડિયાના ઉમેદવાર માટે જ્યારે વિચારણા શરૂ કરી ત્યારે ઝવેરીવાડના નાકે આવેલી ઑફિસમાં તા. ૨૫-૧-૫૭ના રોજ મધરાત સુધી બેઠક ચાલેલી અને તેનો નિર્ણય જાણવા રિલીફ રોડ ઉપર હજારોની સંખ્યામાં અને ખાડિયા-રાયપુરમાં પણ મોટાં ટોળાં ઊમટયાં હતાં. ખાડિયાની બેઠક માટે બ્રહ્મકુમાર ભટ્ટ, કાલુપુર-દરિયાપુર માટે જયંતી દલાલ, શાહપુર માટે ડૉ. ગણપતરામ પટેલ, દરિયાપુર-કાજીપુર માટે હરિહર ખંભોળજા અને ગોમતીપુર-અસારવાની બેઠક માટે દિનકર મહેતા તેમજ જમાલપુરની બેઠક માટે અહેમદમિયાં શેખ. લોકસભાની બેઠક માટે ઇંદુલાલ યાજ્ઞિક તેમજ અનામત બેઠક માટે કરસનદાસ ઉકાભાઈ પરમારનાં નામો જાહેર થયાં. સાથોસાથ દ્વારકાદાસ પટેલ (મહાત્મા) - ધંધુકા, દિલીપસિંહજી દેસાઈ (પાટડી દરબાર) - વિરમગામ, ચતુરભાઈ મુખી - દહેગામ, છોટાભાઈ નારણભાઈ પટેલ - દસક્રોઈ, ઈંદુભાઈ ભટ્ટ - સિટી તાલુકો વગેરે નામો જાહેર થયાં.

### જેલમાંથી ફૉર્મ ભર્યાં

બ્રહ્મકુમાર ભટ્ટ તેમજ જયંતી દલાલ અને હરિહર ખંભોળજા યરવડા જેલમાં હતા જેથી ત્રણેયે યરવડા જેલમાંથી જ ઉમેદવારી પત્રો ભરેલાં અને જેલરની રૂબરૂ સહીઓ, ઉમેદવારી પત્રો ઉપર લેવા માટે અમદાવાદથી ખાસ એડ્વોકેટ જ્યોતિન્દ્રભાઈ ભટ્ટ અને એડ્વોકેટ નાનુભાઈ ત્રિવેદી યરવડા જેલ ઉપર આવેલા.

તા. ૩-૨-૧૯૫૭ના રોજ વડનગરમાં યોજાયેલી મોરારજીભાઈની જાહેરસભાની સામે વડનગરના જનતા પરિષદના કાર્યકરોએ ત્યાં પણ જનતા કર્ફ્યુ જાહેર કર્યો હતો, જેથી મોરારજીભાઈની સભાનો રકાસ થયો હતો. જ્યારે એ જ દિવસે વસોમાં નાયબ પ્રધાન બાબુભાઈ જ. પટેલની જાહેરસભા રાખી હતી, પરંતુ સભા સ્થાને કોઈ શ્રોતા હાજર થયા ન હતા. વસોના મહેન્દ્ર દેસાઈ, જેઓ દરબાર ગોપાલદાસ દેસાઈના પુત્ર હતા. તેઓ વસો મત વિસ્તારમાં જનતા પરિષદના ઉમેદવાર હતા. રાયપુરની એક બીજી સભામાં ઈંદુલાલ યાજ્ઞિકે જણાવ્યું કે, આપણા કાર્યકરોને ગુંડાધારા નીચે જેલમાં મોકલી દઈને તેઓએ અમદાવાદની સુશિક્ષિત જનતાનું અપમાન કર્યું છે, પરંતુ અમદાવાદની પ્રજા બુલેટનો જવાબ બેલેટથી આપશે. ચૂંટણી પહેલાં જનતા પરિષદના આગેવાનોને મુક્ત




**મોરારજીભાઈ દેસાઈએ ગુફ્તેગો કરી અને કૉંગ્રેસ પક્ષના શહેરના ઉમેદવારો માટે ચર્ચાઓ કરી, પરંતુ અમદાવાદના ઉમેદવારોની યાદી તૈયાર થઈ શકી નહીં, કારણ કે કૉંગ્રેસની ટિકિટ ઉપર ચૂંટણી લડવા કોઈ તૈયાર જ ન હતું.**

કરવા મુંબઈ હાઈકોર્ટમાં રિટ પિટિશન થઈ. અમદાવાદ શહેરમાં ઈંદુભાઈએ એક જાહેરસભામાં આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું કે, જનતા પરિષદના અધિવેશનમાં ભંગાણ નથી પડયું તેથી હવે પરિષદને તોડવા અને આગેવાનોનાં મનોબળ નબળાં પાડવા આપણા આગેવાનોને જેલમાં ધકેલ્યા છે, પરંતુ પ્રજાની તાકાતથી આપણે દ્વિભાષી રાજ્યના ભુક્કા બોલાવીશું અને કાં તો મહાગુજરાત લઈશું કે મોતને ભેટીશું.

### યરવડા જેલની બહાર

તા. ૫-૨-૫૭ના રોજ લગભગ રાતના ૧૨ વાગ્યે મુંબઈ સરકારના ગૃહ ખાતાના સચિવ તરફથી મળેલો હુકમ, યરવડા જેલમાં બૅરેકમાં આવીને ઊંઘમાંથી ઉઠાડીને જેલરે અટકાયતીઓ ઉપર બજાવ્યો. અમારા ઓરડાનાં તાળાં ખોલવા માંડયાં ત્યારે જ બધાંને થયું કે હાઈકોર્ટનો હુકમ થયો લાગે છે, પરંતુ હાઈકોર્ટ હુકમ કરે તે પહેલાં જ મુખ્યપ્રધાન યશવંતરાવ ચવાણે ત્રણેય જણાને એટલે કે બ્રહ્મકુમાર ભટ્ટને, જયંતી દલાલને અને હરિહર ખંભોળજાને અટકાયતમાંથી મુક્ત કરવાના હુકમો કરી દીધા. જેલરે કહ્યું કે તમે અત્યારે જ બહાર નીકળી શકો છો. અટકાયતીઓએ કહ્યું કે, અત્યારે મધરાતે કોઈ પણ સ્થળે જવા અમને વાહન પણ મળી શકે તેમ નથી તેથી અમે સવારે જઈશું. જેલરે તેમની મુશ્કેલી રજૂ કરી કહ્યું કે, હવે હું તમને એક મિનિટ પણ રાખી શકું નહીં. છેવટે અમે સ્વેચ્છાએ સવારે જવા માગીએ છીએ તેમ લખાણ આપવાથી રાત્રે જેલમાં સૂવા દીધા અને સવારના યરવડા જેલમાંથી બહાર નીકળ્યા. જેલમાંથી છૂટીને ટ્રેન દ્વારા અમદાવાદ આવી રહેલા ત્રણેય આગેવાનોનું સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ અને અમદાવાદ ખાતે ભવ્ય સ્વાગત થયું. પ્રચંડ સૂત્રો ગાજી ઊઠયાં.

બ્રહ્મકુમાર ભટ્ટ નોંધે છે કે, માણેકચોકની સભામાં અમે ત્રણેયે અમારી ગેરહાજરીમાં ચૂંટણીનું સમગ્ર તંત્ર સંભાળી લેવા માટે કાર્યકરો અને અમદાવાદની પ્રજાનો સાચા દિલથી આભાર માન્યો હતો. સભામાં હરિહર ખંભોળજાએ ઉગ્ર ભાષામાં ઝાટકણી કાઢી. તેમણે કહ્યું કે અમને પકડીને જેલમાં મૂકવાથી આંદોલન શાંત થઈ જશે તેમ સરકાર માનતી હતી, પરંતુ એક નહીં અગિયાર મોરારજીભાઈ અને બાવીસ જવાહરલાલ આવે તો પણ મહાગુજરાતને આવતું કોઈ રોકી શકશે નહીં. તો પછી અમને જેલમાં પૂરનાર કલેક્ટર હીરેડિયા કે કમિશનર સાઠે જેવાનો તો કોઈ હિસાબ જ નથી. આજે સિંહનું ચામડું ઓઢીને ગધેડા ચરવા નીકળ્યા છે અને સિંહને જેલમાં પૂરેલા છે, પરંતુ ઝાડુ લઈને અમે તેમને સાફ કરી નાખીશું.

### પ્રચારનો ઝંઝાવાત

ત્રણેયના છુટકારાની સાથે જ ચૂંટણીના વાતાવરણમાં એક નવી જ હવા ફેલાઈ ગઈ. તા. ૩-૩-૫૭ના રોજ એક વધુ પ્રચાર સરઘસ અમદાવાદ શહેરમાં નીકળ્યું, જેમાં ૫૦ હજારની સંખ્યા હતી. અલગ અલગ વૉર્ડમાંથી સરઘસો કાઢીને એક એકત્ર સરઘસ નીકળ્યું, જે જુદા જુદા માર્ગેથી ફરીને માણેકચૉક, સાંકડીશેરીના નાકે પહોંચ્યું હતું. સરઘસમાં જનતા પરિષદનું ચૂંટણી પ્રતીક કૂકડો અને બીજું અનામત બેઠકનું પ્રતીક સિંહ હતું. તેના લાકડામાં કોતરેલા પ્રતીક ઉપર લોકોએ અત્તરનો છંટકાવ કર્યો હતો. સરઘસના માર્ગ ઉપર પણ ભારે ટોળાંઓ જમા થયાં હતાં અને મહાગુજરાતના પોકારોથી અમદાવાદ શહેરનું વાતાવરણ ધમધમી ઊઠયું હતું.

### ચૂંટણી પરિણામો

માર્ચ, ૧૯૫૭ના પ્રથમ સપ્તાહ દરમિયાન ત્રણ તબક્કે યોજાયેલી ચૂંટણી વખતે ભારે મતદાન થયું. પરિણામો કૉંગ્રેસ માટે આંચકારૂપ હતાં. લોકસભાની ચૂંટણીમાં જનતા પરિષદના ઉમેદવાર ઇન્દુલાલ યાજ્ઞિક (અમદાવાદ), કરસનદાસ પરમાર (અમદાવાદ-અનામત), ફત્તેસિંહજી ડાભી (ખેડા), પુરુષોત્તમદાસ પટેલ (મહેસાણા) અને બૅરિસ્ટર મોતીસિંહ ઠાકોર (મહેસાણા) ચૂંટાઈ આવ્યા. કૉંગ્રેસ સામે કુલ પાંચ વિપક્ષી સભ્યો લોકસભામાં જીત્યા. જ્યારે વિધાનસભા માટેની બેઠકોની ચૂંટણીનાં તા. ૪-૩-૫૭ના રોજ પરિણામ આવવાની શરૂઆત થઈ ગઈ. દેવગઢ બારિયા મત વિસ્તારના જનતા પરિષદના ઉમેદવાર જયંતકુમાર કાશીરામ પંડયા, કૉંગ્રેસના ડાહ્યાભાઈ નાયક જેવા પીઢ નેતાને હરાવીને ચૂંટાઈ આવ્યા. ધરમપુરમાં પ્રજા સમાજવાદી પક્ષના ઉમેદવાર, પરંતુ મહાગુજરાતના ટેકેદાર રામુભાઈ જાદવ ચૂંટાઈ આવ્યા. વિરમગામમાંથી પાટડી દરબાર દિલીપસિંહ દેસાઈ ચૂંટાઈ આવ્યા. ખેડા જિલ્લામાં નાયબ પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલ, દરબાર ગોપાળદાસના પુત્ર મહેન્દ્ર દેસાઈના હાથે પરાજય પામ્યા.

મહેસાણા જિલ્લામાંથી ગંગારામ રાવળ ચૂંટાઈ આવ્યા. અમદાવાદ શહેરમાં તા. ૬-૩-૫૭ના રોજ મતદાન થયું અને તારીખ ૮મીએ જિલ્લા કલેક્ટરની કચેરીમાં મત ગણતરી શરૂ થઈ. દરિયાપુર-કાજીપુર વિસ્તારમાં જનતા પરિષદના હરિહર ખંભોળજા અને કૉંગ્રેસના મોહનલાલ વ્યાસ વચ્ચે ભારે રસાકસી થઈ હતી. મત ગણતરી ચાલતી હતી તે દરમિયાન લોકોનાં જંગી ટોળાં પરિણામ જાણવાની આતુરતાથી એકઠા થઈ ગયા હતા. દરિયાપુર મત વિસ્તારમાંથી જનતા પરિષદના જયંતી દલાલ, કૉંગ્રેસના ડૉ. મોતીભાઈને ૨૧,૯૬૪ મતે હાર આપી ચૂંટાઈ આવ્યા હતા. દરિયાપુર-કાજીપુરમાં રસાકસી વચ્ચે મોહનલાલ વ્યાસે ૧,૯૬૬ મતે હરિહર ખંભોળજાને હરાવી ચૂંટાયા હતા. આ પરિણામથી જનતા પરિષદના કાર્યકરો ઘણાં નારાજ થઈ ગયા હતા.

ખાડિયાની બેઠક પર બ્રહ્મકુમાર ભટ્ટ ૨૧,૦૦૦ કરતાં વધુ મતે જીત્યા. આખરે ચૂંટણીનાં પરિણામો અંગે તા. ૧૦-૩-૫૭ના રોજ સુરત ખાતે કેન્દ્રના પ્રધાન તરીકે મુલાકાતે આવેલા મોરારજીભાઈએ કહ્યું કે, કૉંગ્રેસને મહેસાણા જિલ્લામાં તો ગંભીર ખોટ સહન કરવી પડે છે. જોકે તેમના સ્વભાવ મુજબ એમ પણ કહ્યું, આવા પરાજયથી કૉંગ્રેસે મૂંઝાવાની જરૂર નથી. જે લોકો કૉંગ્રેસ છોડી ગયા છે તેઓ ટૂંકમાં પાછા ફરશે, કેમ કે હવે તેઓ અભિપ્રાય ફેરવશે. જનતા પરિષદના પ્રમુખ વગેરે આગેવાનો શું રમત રમી રહ્યા છે તેની ચિંતા કરવાની જરૂર નથી. મહારાષ્ટ્રમાં ઘણી બેઠકો કૉંગ્રેસે ખોઈ તે અંગે તેમણે એવું કહ્યું કે, ત્યાં કૉંગ્રેસમાં અંદર અંદર તકરાર છે તેથી એવું બન્યું છે. હકીકત એ હતી કે ગુજરાતમાં આટલા મોટા પ્રમાણમાં બેઠકો ગુમાવવાથી દિલ્હી ખાતેનું કૉંગ્રેસ હાઈકમાન્ડ ચિંતામાં પડી ગયું.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

# USમાં સપ્ટેમ્બરમાં કોરોના ઘાતક, દૈનિક 2000 મોત

**વોશિંગ્ટન**

USમાં સપ્ટેમ્બરમા કોરોના વધારે જોખમી બની રહ્યો છે. અમેરિકામાં માર્ચ પછી પ્રથમવાર એક દિવસમાં સરેરાશ ૧૯૦૦થી ૨૦૦૦ કોરોના દર્દીઓના મોત નોંધાયા છે. જો કે નિષ્ણાતો જણાવે છે કે કોરોનાનું સંક્રમણ હજુ સુધી વેક્સિનથી દૂર રહેલાં ૭.૧ કરોડ અમેરિકનોને પોતાનું નિશાન બનાવી રહ્યું છે. અમેરિકાના પ્રેસિડેન્ટ જો બાઈડેને આ જીવલેણ લહેર સામે લડવા માટે લોકોને ઘરમાં રહીને કોરોના સંક્રમણની ચકાસણી કરાવવાની અપીલ કરવાની ફરજ પડી છે. રોગચાળાના કારણે હોસ્પિટલો તેની ક્ષમતાથી વધારે દર્દીઓની સારવાર કરી રહી છે અને શાળાઓને ફરીથી બંધ કરવાનો ભય ઊભો થયો છે. જાણકારોના મતે હજી પણ દેશના મોટા જૂથે રસી લીધી નથી. સ્વાસ્થ્ય નિષ્ણાતો અનુસાર હોસ્પિટલમાં ભરતી થનારા અને જીવ ગુમાવનારા લોકોમાં મોટાભાગના દર્દી



વેક્સિન નહી લેનારા છે. નિષ્ણાતો કોરોના વેક્સિન નહી લેનારા લોકો પર કોરોનાના ગંભીર સંક્રમણનો ભય હોવાનં જણાવી ઝડપથી વેક્સિનની તક ઝડપી લેવાની લોકોને ચેતવણી આપી રહ્યા છે. બાઈડેને ઘરે-ઘરે જઈને લોકોનો કોરોના ટેસ્ટ કરવાની અપીલ કરતાં રેપિડ ટેસ્ટ ઉપર ભાર મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે અમેરિકન સરકાર ૨૮ કરોડ ટેસ્ટિંગ કિટની ખરીદી કરશે અને સાથે દેશની તમામ શાળાઓમાં રેગ્યુલર ટેસ્ટિંગ પ્રોગ્રામ ચાલુ રાખવા આદેશ કર્યો હતો.

## બ્રિટનમાં કોવિશીલ્ડને માન્યતા, સર્ટિ સામે વાંધાવચકા

ભારતમાં સીરમ ઇન્સ્ટિટયૂટ દ્વારા ઉત્પાદિત કરાતી કોરોના રસી કોવિશીલ્ડને માન્યતા નહીં આપવા મુદ્દે ભારત સરકારે નોંધાવેલા ઉગ્ર વિરોધના એક દિવસ બાદ બુધવારે બ્રિટિશ સરકારે સીરમ દ્વારા ઉત્પાદિત કોવિશીલ્ડને માન્યતા આપી દીધી હતી. જોકે બ્રિટન સરકાર દ્વારા કરાયેલી જાહેરાત છતાં બ્રિટનનો પ્રવાસ કરવા ઇચ્છતા ભારતીયોને કોઇ રાહત મળી નથી કારણ કે ૪ ઓક્ટોબરે સવારના ૪ કલાકથી અમલમાં આવનારા નવા નિયમો અંતર્ગત ભારતીય પ્રવાસીઓને ૧૦ દિવસ ક્વોરન્ટાઇન રહેવું જ પડશે. બ્રિટનની સરકારે સીરમની કોવિશીલ્ડ સામેના વાંધા ચાલ્યા નહીં તેથી હવે બ્રિટને ભારતમાં કોવિન એપ દ્વારા જારી કરાતા વેક્સિનના સર્ટિ સામે વાંધો ઉઠાવ્યો છે. બ્રિટનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભારતીય પ્રવાસીઓએ કોવિશીલ્ડના બે ડોઝ લીધા હોવા છતાં વેક્સિન સર્ટિ પરની શંકાઓના કારણે ૧૦ દિવસ ક્વોરન્ટાઇન રહેવું પડશે. અમને કોવિશીલ્ડ સામે કોઇ વાંધો નથી પરંતુ ભારતમાં અપાતા વેક્સિન સર્ટિ પર શંકા છે. વિશ્વ આરોગ્ય સંગઠન(ઉૈંર્)ના વડાએ બુધવારે કોવિડ-૧૯ વેક્સિનની નિકાસ પુનઃ શરૂ કરવાના નિર્ણય માટે ભારતનો આભાર માન્યો હતો. અમેરિકાના ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું 76મું સત્ર ચાલી રહ્યું છે. જો કે હવે તેમાં કોરોના વાઈરસની એન્ટ્રી થતાં ફફડાટ ફેલાયો છે. UNGAની બુધવારે મળેલી બેઠકમાં ભાગ લેવા પહોંચેલા બ્રાઝીલના સ્વાસ્થ્ય મંત્રી માર્સેલો ક્વેરોગાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. તેઓ અનેક નેતાઓના સંપર્કમાં આવ્યા હતા.

# તાલિબાન પર વધુ એક આતંકી હુમલો, બાળક સહિત છના મોત

**કાબુલ**

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ પણ આતંકી હુમલા શરૂ છે. અગાઉ તાલિબાન આમ નાગરિકો પર હુમલા કરતું હતું હવે તાલિબાન પર અન્ય આતંકી સંગઠનો કરી રહ્યા છે. જલાલાબાદમાં એક ગનમેન દ્વારા તાલિબાનો પર ગોળીબાર કર્યો હતો. ઈસ્ટર્ન અફઘાનિસ્તાનમાં તાલિબાનોના વાહનો પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં કુલ છ લોકો માર્યા ગયા હતા. આ હુમલામાં તાલિબાનોની સાથે એક બાળકનું પણ મોત નિપજ્યું હતું જ્યારે અનેક લોકો ઘવાયા હતા જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે બુધવારે થયેલા આ હુમલાઓની જવાબદારી કોઈ આતંકી સંગઠને નથી લીધી. હાલ તાલિબાન પર હક્કાની નેટવર્ક અને આઈએસ દ્વારા હુમલા કરવામાં આવી રહ્યા છે. બે દિવસ પહેલા જ આવો હુમલો થયો હતો જેમાં ૩પથી વધુ તાલિબાનો માર્યા ગયા હતા. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા અનેક તાલિબાનોને આતંકી જાહેર કરાયા છે. હવે અફઘાનિસ્તાન પર તાલિબાને કબજો કરી લીધો છે ત્યારે તેણે સંયુક્ત રાષ્ટ્રમાં પોતાના દુતને મોકલવાની તૈયારી દર્શાવી છે.

# USમાં ગેરકાયદે રહેતા ભારતીયોને ગ્રીન કાર્ડ આપવાની યોજના ઉપર વાગી બ્રેક

## અમેરિકામાં ગેરકાયદે ઘુસી ગયેલા હજારો ગુજરાતીઓનું સ્વપ્ન રોળાઇ ગયું

**વોશિંગ્ટન**

ભારતમાં અને ગુજરાતમાં ઠેર ઠેર ફરતાં એજન્ટોને લાખો રૂપિયા આપીને કોઈપણ રીતે વર્ષો પહેલાં ઘૂસી ગયેલા ભારતીયો અને વિશેષ કરીને ગુજરાતીઓનું સ્વપ્ન હાલ પુરતું રોળાઈ ગયું છે.

અમેરિકામાં ગેરકાયદે ઘુસેલા ભારતીયો સહિતના લાખોની સંખ્યામાં અન્ય દેશોના નાગરિકોને કાયદેસરના નાગરિકો બનાવી તેઓને ગ્રીનકાર્ડ આપવા અમેરિકાની જો બાઈડેન સરકારે ઈમિગ્રેશન રિફોર્મ્સ નામનો એક ખરડો અમેરિકાની સંસદમાં દાખલ કર્યો હતો.

પરંતુ કમનસીબે આ ખરડો સંસદની સેનેટમાં (ઉપલું ગૃહ)માં પસાર થઈ શક્યો નહોતો, તેથી ગેરકાયદે રહેતાં લોકોને ગ્રીનકાર્ડ આપવાની બાઈડેન સરકારની યોજના ઉપર હાલ એક પ્રકારની બ્રેક વાગી ગઈ છે.

ઉલ્લેખનીય છે કે જો બાઈડેન સરકાર અમેરિકામાં ગેરકાયદે વસતા તમામ વિદેશીઓને કાયદેસરના કરીને તેઓની પાસેથી ટેક્સ ઉઘરાવવાની એક યોજના બનાવી હતી અને તદઅનુસાર અમેરિકાના હાલના ઈમિગ્રેશનના કાયદાઓમાં સુધારા દર્શાવતા કેટલાંક સુધારા સાથેનો ખરડો સંસદમાં દાખલ કર્યો હતો પરંતુ સેનેટમાં તે પસાર ન થઈ શકતા પ્રમુખ બાઈડેન માટે આ એક મોટી પીઠેહટ ગણાવાઈ રહી છે.


# UKની 7 કંપનીએ નાદારી નોંધાવતા 60 લાખ મકાનનો ગેસ પુરવઠો ઠપ થઈ શકે

**લંડન**

ગેસના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારાના લીધે યુકેની સાત ગેસ ફર્મ્સે નાદારી નોંધાવતા ૬૦ લાખ ઘરોના ગેસ પુરવઠા પર ભય સર્જાયો છે. યુકેમાં દર ચારે એક ગેસ વપરાશકાર એવી કંપનીના ગેસનો ઉપયોગ કરે છે જેણે બજારમાં ભાવની વધઘટ સામે જથ્થાબંધ ભાવને લઈને હેજિંગ કર્યું નથી.

યુકેમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ગેસનો જથ્થાબંધ ભાવ ૨૫૦ ટકા વધ્યો છે અને તેમા એકલા ઓગસ્ટમાં જ તેમા ૭૦ ટકા વધારો થયો છે. આમ ભાવવધારા સામે સંરક્ષણ ન ધરાવતી કંપનીઓ ગ્રાહકોને વેચવાનો છે તેના કરતાં ઓછો ગેસ ખરીદશે. તેના લીધે સીધો ગ્રાહકોને ફટકો પડશે. લગભગ ૧૭ લાખ ગ્રાહકો ધરાવતી આવી જ એક કંપની હાલમાં પ્રાઈવેટ ફાઈનાન્સિંગ મેળવવાની ફિરાકમાં છે. જો કે તેણે પહેલેથી જ કોન્ટ્રાક્ટ કરીને ગેસના વધતા જતા ભાવ સામે સંરક્ષણ મેળવી લીધું હોવાથી તેને થોડી રાહત છે. જ્યારે ઈગ્લો એનર્જી નામની કંપનીએ તો સંભવિત નાદારી માટે અલ્વારેઝ એન્ડ માર્સલની નિમણૂક કરી દીધી છે. લગભગ સાત જેટલી કંપનીઓએ ટ્રેડિંગ બંધ કરી દીધું છે. રેગ્યુલેટર ઓફજેમે ચેતવણી આપી છે કે ચાલુ વર્ષે સાત ફર્મ ટ્રેડિંગ બંધ કરી ચૂકી છે. આના લીધે હજારો ગ્રાહકો ગેસપુરવઠા વગરના થઈ જાય તેવી સંભાવના છે. એક પછી એક ગેસ કંપનીઓની નાદારીના લીધે આગામી વર્ષ સુધીમાં તો ગેસ કંપનીઓની સંખ્યા ૪૯થી ઘટીને દસ થઈ જાય તેમ મનાય છે. બિઝનેસ, એનર્જી અને ઈન્ડસ્ટ્રીયલ સ્ટ્રેટેજી સિલેક્ટ કમિટીના સાંસદ જોનાથન બ્રીયલીએ કશું કહેવાનો ઈન્કાર કર્યો હતો.

# ઓસ્ટ્રેલિયામાં 6.0નો પ્રચંડ ભૂકંપ, 700 કિમી દૂર આંચકો અનુભવાયો



મેલબોર્નથી ૧૧૦ માઇલ દૂર મેન્સફિલ્ડ નગરમાં એપી સેન્ટર ધરાવતો સદીનો સૌથી શક્તિશાળી ૬.૦ની તીવ્રતા ધરાવતો ભૂકંપ આવ્યો હતો. જેના પગલે મેલબોર્નમાં ઇમારતો ધ્રૂજી ઊઠતાં લોકો ઘરોની બહાર દોડી ગયાં હતાં. મેલબોર્નની સડકો પર ઇમારતોમાંથી વેરવિખેર થયેલો કાટમાળ ખડકાયો હતો. મુખ્ય આંચકો વિક્ટોરિયા સ્ટેટથી ૭૦૦ કિમી દૂર આવેલા તાસ્માનિયામાં પણ અનુભવાયો હતો.

# પ્રમુખ બાઈડેન પેન્ટાગોનના મહત્ત્વપૂર્ણ પદ પર ભારતીય અમેરિકનની નિમણૂક કરશે

**વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ જો બાઈડેને ભારતીય અમેરિકન મેનેજમેન્ટ સલાહકાર આશીષ વઝીરાનીને પેન્ટાગોનના એક મહત્ત્વપૂર્ણ પદ પર નિમણૂક કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વઝીરાનીને સંરક્ષણ વિભાગમાં ડેપ્યુટી અન્ડર સેક્રેટરી ઓફ ડિફેન્સ ફોર પર્સોનલ એન્ડ રેડીનેસ માટે નોમિનેટ કરવામાં આવશે. હાલમાં તેઓ એટુઓ સ્ટ્રેટેજિસ, એલએલસીના પ્રિન્સિપાલ છે. જ્યાં તેઓ કોમર્શિયલ અને નોન પ્રોફિટ, હાઈ ગ્રોથ અને લાર્જ એન્ટરપ્રાઈઝીસને વિકાસ, અમલીકરણ અને વિકાસની નીતિઓના અમલ માટે સલાહ આપે છે. તાજેતરમાં વઝીરાની એનએમએફએના સીઈઓ હતાં.

# આલ્પસના પર્વત ઉપર વીજળીને લેસરથી રોકવાનો અનોખો પ્રયોગ

**લંડન**

અહીંયા એક રેડિયો ટ્રાન્સમિશન છે જેના પર વર્ષમાં 100 થી 400 વાર વીજળીનો ભોગ બને છે. આથી જ તો આ સ્થળને પ્રયોગભૂમિ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

આકાશી વીજળી અને વાદળનો ગડગડાટનું દ્રષ્ય ભલે રમણીય લાગતું હોય પરંતુ વીજળી જયારે પૃથ્વી પર કોઈ વસ્તુ કે જીવ પર ત્રાટકે ત્યારે બાળીને ખાક કરી નાખે છે. પ્રકાશ કરતા અવાજની ગતિ ધીમી હોવાથી વીજળીનો તેજ લિસોટા રેલાય એ પછી વાદળો ટકરાવાથી અવાજ કાન સુધી પહોંચે છે. માત્ર વીજળી તોફાનને જોઈને અંદાજ લગાવીને ઘરમાં ભરાઈ રહેવાથી રક્ષણ મળે છે. જો કે ખુલ્લામાં કામકાજ કરતા ઘણા લોકો માટે ચોકકસ સમયે ઘરમાં રહેવું શકય બનતું નથી. સ્વિત્ઝર્લેન્ડના આલ્પસના પર્વતો પર વીજળીને લેસરની મદદથી રોકવાનો અનોખો પ્રયોગ ચાલે છે. આકાશીય વીજળીને જમીન પરથી લેઝર લાઈટ ફેંકીને નિયંત્રિત કરી શકાય છે એવી આશા સાથે યુનિવર્સિટી ઓફ જીનિવાના વૈજ્ઞાનિકો રાત દિવસ મથી રહ્યા છે.

# US-બ્રિટન-ઓસ્ટ્રેલિયાના 'ઓકસ' સંગઠનમાં ભારત અને જાપાનને 'નો એન્ટ્રી'

**વોશિંગ્ટન**

અમેરિકાએ તાજેતરમાં જ હિંદ-પ્રશાંતની સુરક્ષા માટે ઓસ્ટ્રેલિયા તથા બ્રિટનની સાથે મળીને બનાવેલા ત્રિપક્ષીય ગઠબંધનમાં ભારત અથવા જાપાનને સામેલ કરવાની સંભાવના ફગાવી દીધી છે. વ્હાઈટ હાઉસની પ્રેસ સચિવ જેન સાકીએ કહ્યુ કે ગયા અઠવાડિયે ઑકસની જાહેરાત માત્ર સાંકેતિક નથી અને મને લાગે છે કે રાષ્ટ્રપતિ જો બાઈડને પણ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને એ સંદેશ આપ્યો છે કે હિંદ-પ્રશાંતની સુરક્ષા માટે બનાવાયેલા ગઠબંધનમાં કોઈ અન્ય દેશને સામેલ કરવામાં આવશે નહીં. અમેરિકા, બ્રિટન અને ઑસ્ટ્રેલિયાએ નવા ત્રિપક્ષીય સુરક્ષા ગઠબંધનની ૧૫ સપ્ટેમ્બરે જાહેરાત કરી હતી.

# કલકત્તાનો સતત બીજો વિજય, મુંબઈ હાર્યું

## મુંબઇ ઇન્ડિયન્સ ૬/૧૫૫, કોલકાતા ૩/૧૫૯

અબુ ધાબી: મિડલ ઓર્ડરમાં પેસ બોલર્સે કરેલી ચુસ્ત બોલિંગ બાદ વેંકટેશ ઐયર અને રાહુલ ત્રિપાઠીએ નોંધાવેલી અણનમ અડધી સદીની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સે આઈપીએલ ટી૨૦ ક્રિકેટ લીગમાં રમાયેલી ૩૪મી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને સાત વિકેટે પરાજય આપીને સતત બીજો વિજય હાંસલ કર્યો હતો. કોલકાતાની ટીમે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. મુંબઈની ટીમે છ વિકેટે ૧૫૫ રન બનાવ્યા હતા. જેના જવાબમાં કોલકાતાની ટીમે ૧૫.૧ ઓવરમાં ત્રણ વિકેટના ભોગે ૧૫૯ રન બનાવીને વિજય મેળવી લીધો હતો. કોલકાતાની ટીમ માટે ઓપનર શુભમન ગિલ (૧૩) અને વેંકટેશ ઐયરે પ્રથમ વિકેટ માટે ત્રણ ઓવરમાં ૪૦ રનની ભાગીદારી નોંધાવીને આક્રમક શરૂઆત કરી હતી. ઐયર અને રાહુલ ત્રિપાઠીએ બીજી વિકેટ માટે ૮૮ રન ઉમેરીને ટીમને વિજય



## ચેન્નઈનો મુંબઈ સામે ૨૦ રને વિજય

દુબઈઃ આઈપીએલની આ સિઝનના બીજા તબક્કામાં ચેન્નઈ અને મુંબઈની મેચ રોમાંચક રીતે શરૂ થઈ હતી. ચેન્નઈના ૧૫૭ રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી મુંબઈની ટીમ લથડી ગઈ હતી. ચેન્નઈના બોલર્સ દ્વારા સમયાંતરે પાડવામાં આવેલી વિકેટોને પગલે મુંબઈ માત્ર ૧૩૬ રન નોંધાવી શક્યું હતું. બેટિંગમાં ધબડકા બાદ બોલિંગમાં ચેન્નઈના ખેલાડીઓનો દબદબો જોવા મળ્યો હતો. આ સાથે જ ચેન્નઈએ મુંબઈને ૨૦ રને પરાજય આપ્યો હતો.

## દિલ્હી સામે હૈદરાબાદનો 'સનસેટ' થયો

દુબઇઃ બોલર્સના શિસ્તબદ્ધ પ્રદર્શન બાદ ટોચના બેટ્સમેનોએ નોંધાવેલા ઉપયોગી રનની મદદથી દિલ્હી કેપિટલ્સને અહીં રમાયેલી આઇપીએલ ટી૨૦ લીગની ૩૩મી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદને કોઇ પણ મુશ્કેલી વિના આઠ વિકેટે પરાજય આપીને પોઇન્ટ ટેબલમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર હૈદરાબાદની ટીમે ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૩૪ રન બનાયા હતા. તેના જવાબમાં દિલ્હીની ટીમે ૧૭.૫ ઓવરમાં બે વિકેટે ૧૩૯ રન બનાવીને આસાન વિજય મેળવી લીધો હતો.

## કોલકાતાએ બેંગ્લોરને ૯ વિકેટે કચડી નાખ્યું

અબુ ધાબી : સ્પિનર વરુણ ચક્રવર્તી અને વિદેશી ખેલાડી આન્દ્રે રસેલે કરેલી ઘાતક બોલિંગ બાદ ઓપનર્સ શુભમન ગિલ અને વેંકટેશ ઐયરે નોંધાવેલી ૮૨ રનની ભાગીદારી વડે કોલકાતા નાઇટ રાઇડર્સે અહીં રમાયેલી આઇપીએલ ટી૨૦ લીગની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને નવ વિકેટે પરાજય આપ્યો હતો. કોહલીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ તેની પૂરી ટીમ ૧૯ ઓવરમાં માત્ર ૯૨ રનના સ્કોરે ઓલઆઉટ થઇ ગઇ હતી.

## ઈંગ્લિશ કાઉન્ટી : એક જ દિવસમાં ૨૫ વિકેટ પડી, દોઢ દિવસમાં મેચ પૂરી

ઈંગ્લેન્ડની કાઉન્ટી ચેમ્પિયનશિપ ક્રિકેટમાં એક મુકાબલો માત્ર દોઢ દિવસમાં પૂરો થઇ ગયો હતો. બીજા દિવસની રમતના અડધા કલાકમાં જ મેચનું પરિણામ આવી ગયું હતું. એસેક્સ અને નોર્થમ્પટનશાયર વચ્ચેની મેચમાં આ બનાવ બન્યો હતો. એસેક્સની ટીમે એક ઇનિંગ અને ૪૪ રનથી વિજય હાંસલ કર્યો હતો. એસેક્સે પોતાની એકમાત્ર ઇનિંગમાં ૧૭૦ રન બનાવ્યા હોવા છતાં તે મેચ જીતવામાં સફળ રહી હતી. નોર્થમ્પ્ટનની ટીમે પ્રથમ દાવમાં ૮૧ તથા બીજા દાવમાં માત્ર ૪૫ રન બનાવ્યા હતા.

## ICC રેન્કિંગઃ વિમેન્સ વન-ડેમાં મિતાલી રાજે ટોચનું સ્થાન જાળવી રાખ્યું

દુબઇઃ ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમની સુકાની મિતાલી રાજે ઓસ્ટ્રેલિયા સામે મંગળવારે રમાયેલી પ્રથમ વન-ડેમાં પોતાની ઇન્ટરનેશનલ કારકિર્દીમાં ૨૦ હજાર રન પૂરા કરવાની સિદ્ધિ મેળવી હતી. મિતાલીએ આઇસીસી વિમેન્સ વન-ડે રેન્કિંગની બેટ્સવુમનની યાદીમાં પોતાનું ટોચનું સ્થાન પણ જાળવી રાખ્યું છે. ન્યૂઝીલેન્ડની એમી સેધરવેઇટે ટોચની પાંચ ખેલાડીઓમાં ફરીથી સ્થાન મેળવ્યું છે. મિતાલીના ૭૬૨ રેટિંગ પોઇન્ટ છે. ટોપ-૧૦માં ભારતની સ્મૃતિ મંધાના સાતમા ક્રમે છે.

## સ્લો ઓવર રેટ માટે સેમસનને જંગી દંડ

દુબઇઃ આઇપીએલમાં મંગળવાર રાત્રે છેલ્લા બોલ સુધી રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સે પંજાબ કિંગ્સને બે રનથી પરાજય આપ્યો હતો. આ મેચમાં રાજસ્થાનની ટીમે વિજય મેળવ્યો હોવા છતાં તેના સુકાની સંજૂ સેમસનને સ્લો ઓવર રેટ માટે ૧૨ લાખ રૂપિયાની જંગી રકમનો દંડ ફટકારવામાં આવ્યો છે. આઇપીએલના નિયમ મુજબ પ્રત્યેક ટીમે ૯૦ મિનિટમાં ૨૦ ઓવર નાખવાની હોય છે. રાજસ્થાનની પ્રથમ ભૂલ હોવાના કારણે તેના સુકાનીને માત્ર ૧૨ લાખ રૂપિયાનો દંડ કરાયો છે.

## પોઈન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| દિલ્હી | 9 | 7 | 2 | 14 |
| ચેન્નાઈ | 8 | 6 | 2 | 12 |
| બેંગલુરૂ | 8 | 5 | 3 | 10 |
| કોલકાતા | 9 | 4 | 5 | 8 |
| રાજસ્થાન | 8 | 4 | 4 | 8 |
| મુંબઈ | 9 | 4 | 5 | 8 |
| પંજાબ | 9 | 3 | 6 | 6 |
| હૈદરાબાદ | 8 | 1 | 7 | 2 |

## રાજસ્થાને પંજાબને બે રનથી હરાવ્યું

દુબઇઃ છેલ્લી ઓવર સુધી અત્યંત રોમાંચક બનેલી મેચમાં રાજસ્થાન રોયલ્સે હારની બાજી જીતમાં ફેરવીને પંજાબ કિંગ્સને છેલ્લા બોલે બે રનથી પરાજય આપ્યો હતો. પંજાબને છેલ્લી ઓવરમાં વિજય માટે ચાર રનની જરૂર હતી પરંતુ ત્યાગીએ બે વિકેટ ઝડપવા ઉપરાંત માત્ર એક જ રન આપીને ટીમને વિજય અપાવી દીધો હતો. રાજસ્થાને ૧૮૫ રન બનાવ્યા હતા જેમાં ઓપનર ઇવિન લૂઇસના ૩૬, યશસ્વી જયસ્વાલના ૪૯ તથા મહિપાલ લોમરોરના ૪૩ રન મુખ્ય હતા. પંજાબની ટીમ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૮૩ રન બનાવ્યા હતા.

## ઐતિહાસિક નિર્ણયઃ ક્રિકેટમાં હવે બેટ્સમેનના બદલે 'બેટર કે બેટર્સ' લખવા MCCનો નિર્ણય

**લંડન**

મેરિલબોર્ન ક્રિકેટ ક્લબ (એમસીસી) તેના નિયમોમાં એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. એમસીસીએ બેટ્સમેનના સ્થાને જેન્ડર ન્યૂટ્રલ પ્રથાના આધારે હવે બેટર કે બેટર્સ શબ્દનો ઉપયોગ કરવાની જાહેરાત કરી છે. એમસીસીની સમિતિએ આ મોટો ફેરફારને મંજુરી પણ આપી દીધી છે. ક્રિકેટના નિયમો ઘડનારી સંસ્થા એમસીસીનું માનવું છે કે જેન્ડર ન્યૂટ્રેલિટી શબ્દનો ઉપયોગ તમામના એક થવાના કારણે ક્રિકેટની સ્થિતિ સુધારવામાં મદદરૂપ બનશે. એમસીસીએ આ ફેરફાર તાત્કાલિક અસરથી કર્યો છે. એમસીસીએ જણાવ્યું હતું કે ક્લબની વિશેષ કાનૂની સલાહકાર સમિતિ દ્વારા પ્રારંભિક ચર્ચા કરવામાં આવી હતી.

## મનિકા બત્રાના વિવાદમાં હાઈકોર્ટે TTFના નિયમ ઉપર વચગાળાનો સ્ટે લાદ્યો

**નવી દિલ્હી**

દિલ્હી હાઈકોર્ટે ભારતની સ્ટાર ખેલાડી મનિકા બત્રાએ કરેલી અરજીના સંદર્ભમાં સુનાવણી કરીને જે ખેલાડી નેશનલ કેમ્પમાં હાજર રહેશે તેમની જ ટીમમાં પસંદગી કરવામાં આવશે તેવા ટેબલ ટેનિસ ફેડરેશનના નિયમ ઉપર વચગાળાનો સ્ટે લાદી દીધો હતો. હાઈકોર્ટે કેન્દ્રને પણ તપાસ કરવાનો પણ આદેશ આપ્યો હતો. હાઈકોર્ટે કેન્દ્રને ચાર સપ્તાહમાં આ તપાસ પૂરી કરવાનો નિર્દેશ કર્યો છે. મનિકાએ ફેડરેશનના નિયમ ઉપર સ્ટે લાદવાની અપીલ કરીને જણાવ્યું હતું કે ફેડરેશનની પસંદગી પ્રક્રિયા પારદર્શક નથી અને મારી જેમ ખેલાડીઓને નિશાન બનાવવામાં આવે છે જે રમત તથા ખેલાડીના હિતોની વિરુદ્ધમાં છે.

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.



જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Every Tuesday 5-6 PM
Adult Yoga Class
Every Saturday 9-10 AM
Gratitude Program
Every Thursday 9 PM
Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic
Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta




SOLD YES
SELL YOUR HOME FAST & TOP $$$
✓ Marketing : Interment / Online Marketing, Full MLS, Facebook, Instagram, E-Blast, Whats App, Relator Network, Radio, Sponsored Ad, Local News Paper
✓ Competitive Commission Package ( Low commission Option Available)
✓ Help for Best Mortgage Arranged for Buyers
✓ First time Home Buyer
✓ New Immigration
FREE
Home Market Evaluation
FREE
Home Staging Consultation
FREE
virtual Tour with Photos
OPEN
House Until Sold
I Sell For More!
HOT MARKET
LOW/STABLE INTERST RATE
Google Customer Reviews
★★★★★
Pranay Jani
Real Estate Broker
416-258-5264
pranayjanig1@gmail.com
Pranayjani
Pranayjanig1
Call Toh Karna Hi Hoga!
HOMELIFE
HIGHER STANDARDS
G1 REALTY
INC. Brokerage
Each Office Independently Owned & Operated
2260, Bovaird Dr. E, Unit 202, Brampton ON L6R 3J5
T 905-793-7797 F. 905-593-2619
www.pranayjani.com
Congratulations
2
Information / Knowledge
Investment Strategies
Success in Real Estate

# Dr. Salim Kapadia DDS
## Dental Centre

2020 readers' choice Awards PLATINUM — Dr. Salim Kapadia Dental Centre, Scarborough Mirror

*Your Perfect Smile... Is Our Greatest Satisfaction!*



### SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges (Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

**416-321-3268**



**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

**Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011**
**Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings**



## MOTEL KING : Specializing in Selling Motels: LIST & SELL with confidence

| | |
|---|---|
| **18 Room Motel Near Pembroke - SOLD**<br>1.5 hrs from Ottawa / 4 hrs from GTA | **13 Room Motel Near Ottawa - $950,000**<br>Within the city, 3 rooms with full kitchenette<br>Low operating costs. All amenities near by |
| **42 Room Motel Near Timmins - $1,300,000**<br>On Hwy 11, Within the city, indoor corridor | **27 Room Motel in Thunder Bay - $1,999,000**<br>**60 Room Motel in Thunder Bay - $2,000,000** |
| **Small to Mid-Size Motels in Northern Ontario**<br>Price: $1,300,000 to $2,500,000 | **35+ Room Motel Near Sault Ste. Marie - $2,200,000**<br>VTB available, 40% down payment require from buyer |
| **Other 15 to 40 Room motels coming up for sale**<br>Price: $1M to $4.5M Buyers to have 40%-50% down payment | **Recently SOLD Motels Near**<br>Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke |

**Motel Job or Working Partner opportunity**

**@ Experienced Motel Operator:** to run motel in northern Ontario, English & computer knowledge require. Good salary.
**@ Working Partner:**willing to invest minimum $200K, offering 25% to 50% partnership + management salary to run the motel in north

**SERIOUS BUYERS: you must need about 35% down payment & to sign buyer representation agreement.**
**Call for personal meeting to see motel's financial & to discuss mortgage options. Private finance available.**

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100